ભક્તકવિશ્રી

નંદદાસ

જશવંત મહેતા

પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

BHAKTA-KAVISHRI NANDDAS
By : Jashvant Mehta
Published by : Pravin Prakashan Pvt. Ltd., Rajkot - 360 001

પ્રકાશક :
પ્રવીણચંદ્ર એમ. પટેલ
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,
લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ.
ફોન : 232460 / 234602

© લેખકના

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૮

કિંમત : રૂા. ૩૫

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ.
ફોન : (028275) 2764 / 2967

અર્પણ

પૂ. ગો. ઇંદિરાબેટીજીને
સવિનય - સપ્રેમ

- જશંવત મહેતા

''જો ગિરિ રૂચૈ તો બસૌ ગોવર્ધન''

''અષ્ટસખા''ના માતબર યુવાકવિ નંદદાસનાં જીવન-કવન પર આધારિત ''અષ્ટસખા'' ગ્રંથાવલિનું નંદદાસનું નમણું પુષ્પ ''ભક્તકવિશ્રી નંદદાસ'' - પ્રગટ કરતાં આનંદ થાય છે. બૌદ્ધિક યુવાવર્ગના પ્રતિનિધિ તરીકે આ ''અષ્ટસખા''એ વર્ષો સુધી યુવાભક્તોનાં દિલ પર રાજ કર્યું છે. ''રાસપંચાધ્યાયી''ના ક્રાંતિકાર કવિની છબી એક કલાકાર તરીકે ઉપસાવી શકાઈ હોય તો આનંદ થશે. વાચકોનો પ્રતિભાવો આવકાર્ય.

- જશવંત મહેતા

નંદાભુવન - બ્લૉક નં. ૧૫
બજાજ રોડ,
વિલેપાર્લે (પશ્ચિમ),
મુંબઈ - ૪૦૦ ૦૫૬.

માનોં ગોવર્ધન નૃત્ય કરે

"પરમ રસિક ઇક મિત્ર, મોંહિં તિન આગ્યા દીનીં ।
તાહી તેં યહ કથા, યથામતિ ભાષા કીનીં ॥

- રાસપંચાધ્યાયી

અષ્ટછાપ કવિઓમાં કાવ્ય, શૈલી, અલંકાર, ભાવ ઇત્યાદિ સાહિત્યિક મૂલ્યવત્તાના હિસાબે જો આ કવિઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો, અલબત્ત, પ્રથમ સ્થાન સૂરદાસજીનું જ આવે. બીજા ક્રમાંકે તમે પરમાણંદદાસને મૂકી શકો. અષ્ટછાપ સખાના સૌથી નાની ઉંમરના કવિ નંદદાસ એમની અદ્‌ભુત કાવ્યશૈલી, પ્રાસાદિક સંકલન અને ભાવોર્મિના રસમય આલેખનના કારણે ત્રીજું સ્થાન સહજ રીતે મેળવી જાય છે.

નંદદાસની કવિ તરીકેની બહુમુખી પ્રતિભા, સરસ અને સરળ કવિતા તેમજ કોમલ પદાવલીના કારણે એમનું સ્થાન વ્રજભાષાના સાહિત્યમાં અત્યંત મહત્ત્વપૂર્ણ છે. "ભક્તમાલ"ના કવિએ તો નંદદાસને લીલા-પદ-રસ-રીતિ, ગ્રંથરચનાના "નાગર" કહ્યા છે, તો ધ્રુવદાસે "ભક્તનામાવલિ"માં તો

"નંદદાસ જો કુછ કહ્યૌ, રાગ-રંગ મેં પાગિ ।
અચ્છર સરસ સનેહમય, સુનત સ્રવન ઉઠિ જાગિ ॥

રમન - દસા અદ્‌ભુત હુતે, કરત કવિત સુઢાર ।
બાત પ્રેમ કી સુનત હી, છૂટત નૈન જલધાર ॥

બાવરૌ સૌ રસ મેં ફિરૈ, ખોજત નેહ કી બાત ।
આછે રસકે બચન સુનિ, બેગિ વિવિસ હૈ જાત ॥

આ પંક્તિઓ દ્વારા સરસ અંજલિ આપી છે.

નંદદાસના જીવનવૃત્તાંત વિષે પણ અન્ય અષ્ટસખાઓની જેમ જ માતબર કે પ્રામાણિક માહિતી સાંપડતી નથી. "બસો બાવન વૈષ્ણવ" અને "અષ્ટસખાન કી વાર્તા"માં નંદદાસ શ્રીગુસાંઈજીના શરણે આવ્યા પછીના પ્રસંગોની સંક્ષિપ્ત માહિતી જ મળે છે. શ્રી હરિરાયજીના "ભાવપ્રકાશ"માં તો આ બન્ને કરતાં પણ ટૂંકાણમાં માહિતી પ્રાપ્ત થાય છે. અને આ બધી એકત્રિત માહિતીમાંથી પણ પ્રામાણિક માહિતી કેટલી એ અંશે હિંદી તેમજ વ્રજભાષામાં આજે પણ સારો એવો વાદવિવાદ ચાલે છે.

નંદદાસજીની રચનાઓ - અગાઉ પ્રારંભમાં ઉલ્લેખ કર્યો એ પ્રમાણે કોઈક "પરમ રસિક ઇક મિત્ર"ને માટે - કદાચ એના આગ્રહથી થઈ હોય એવું માનવામાં આવે છે - તો એ મિત્ર કોણ, એ સવાલ પણ આપોઆપ ઉપસ્થિત થાય જ છે. એ મિત્ર ગુરુના રૂપમાં શ્રી ગુસાંઈજી પણ હોઇ શકે - પ્રેરણામૂર્તિના રૂપમાં રૂપમંજરી પણ હોઈ શકે - કે પછી હૈયામાં બિરાજેલા શ્રી ગોવર્ધનનાથજી પણ હોઈ શકે. આ પણ એક

વિચારવાનો, સંશોધનનો વિષય છે. નંદદાસજીના જીવનપ્રસંગોમાં એક પ્રસંગ આવે છે, જેમાં વ્રજભાષામાં શ્રીમદ્દ્ ભાગવત કે દશમસ્કંધ લખવા તૈયાર થયેલા નંદદાસને શ્રી ગુંસાંઇજીએ અતિપ્રસિદ્ધ એવી પાંચ મંજરીઓ - વિરહમંજરી, માનમંજરી, રસમંજરી, કાર્યમંજરી અને રૂપમંજરી લખવાની પ્રેરણા આપી હતી. "રૂપમંજરી" કાવ્ય રચવાની પ્રેરણા - કદાચ - એમાં આલેખાયેલ કથાવસ્તુના આધારે એમની જિંદગીમાં આકસ્મિક રૂપે આવી ચઢેલી "રૂપમંજરી"ની જીવનકથાને આભારી છે એમ કહી શકાય. બાકી નંદદાસે પોતે એમના સર્જનમાં એમના "મિત્ર"નું નામ ક્યાંય દીધું નથી. શ્રી વિયોગી હરિ નામના એક હિંદી લેખકે પુષ્ટિસંપ્રદાયનાં "ગંગાબાઈ"નું નામ આપ્યું છે, પરંતુ ગંગાબાઈનો આછોપાતળો ક્યાંય ઉલ્લેખ કે સંદર્ભ નંદદાસની કાવ્યરચનાઓમાં આવતો નથી, એટલે એ અમાન્ય ઠરે છે. ડૉ. દીનદયાલ ગુપ્ત એ મિત્રનું સ્થાન રૂપમંજરીને આપે છે - તો એની વિરુદ્ધ સામે છેડેથી વિવેચક શ્રી મહાવીરસિંહ ગહલોત તો રૂપસુંદરી નંદદાસની મિત્ર હોવાનો તો અસ્વીકાર કરે છે - પરંતુ આગળ વધીને "રૂપસુંદરી" જેવી કોઈ ઐતિહાસિક વ્યક્તિ પણ થઈ હોવા વિષે શંકા કરે છે. આમ જોતાં પુષ્ટિસંપ્રદાયના કવિઓ વિશેષત: વૈરાગ્યવૃત્તિ અને ભક્તિની અસીમ ભાવનાથી એટલા ગાઢ રીતે રંગાયેલા હતા કે નંદદાસના "રસિકમિત્ર"ના પાત્રમાં સ્ત્રીપાત્ર હોવાની કલ્પના કરવી એ પણ હાસ્યસ્પદ વાત બની રહે છે. પરંતુ નંદદાસ સ્વભાવે રંગીન અને "શૃંગારી" જીવ હતા. એ સિંહનદની અજાણી યૌવના પર જે રીતે મોહાંધ થયા હતા - એ પ્રસંગ પરથી કહી શકાય ખરું...અને ઉત્તરાવસ્થામાં "રૂપમંજરી"નું પાત્ર પણ (મહાવીરસિંહ ગહલોતથી અસંમત થઈને) એમના જીવનમાં આવ્યું હતું ખરું. આમ છતાં નંદદાસજી એમના જમાનાના અંદર-બહારથી સંપૂર્ણપણે શ્રીકૃષ્ણરંગે - ભક્તિના રંગે રંગાઈ ગયેલા કવિ હતા અને એમના જ શબ્દોમાં કહીએ તો- "*પ્રીતિ લગી શ્રી નંદનંદન સૌં - ઇન બિનુ રહ્યો ન જાયરી*" - "*રહ્યો ન જાયરી*"ની પરિસ્થિતિના ભક્ત હતા. નંદદાસ અલ્લડ મસ્ત વિરક્ત કવિજીવ હતા. દ્વારિકાની યાત્રાએ જવા નીકળેલા. સિંહનંદમાં આસક્તિનો જીવ બની, મોહની સૃષ્ટિમાં થોડોક વખત અટવાઈ ગયા, પરંતુ આંતરિક સમૃદ્ધિમાં વિરક્તિ એટલી ધારદાર હતી કે મોહનું ક્ષણિક આવરણ શ્રી ગુસાંઈજી જેવા સંતનાં દર્શને હટી ગયું અને ભક્તિનો જીવ બની ગયા; અને એ પણ ઘણાં વર્ષો સુધી જે "રૂપમંજરી"ના એમની જિંદગીમાં થયેલા પ્રવેશને સમયે શરૂઆતની પળો દરમિયાન આસક્તિનો ભાવ હૈયે જામ્યો હતો - જે માયાના પડદા ફાટી જતાં "રૂપમંજરી"ના ખુદના હૃદયના ભાવમાં રહેલી ઉદાત્તતા અને શ્રી ગોવર્ધનનાથજી પ્રત્યેની આસક્તિ અને સેવાના કારણે નંદદાસની રંગીની પર વિરક્તિનો ઢોળ ખૂબ જ સહજતાથી ચડી ગયો...અને વિરક્તિની પરમસીમાએ કવિને પહોંચાડી દીધા. નંદદાસના પાત્રનો વિચાર કરતાં માનવીને ઘડનારા પરમાત્માની કમાલને સલામ કરવાનું મન થાય. માનવીના "ચિત્ત"ની રચના ઈશ્વરે કેવી કરી છે? નંદદાસ જ એમના પદમાં કહે છે: "ચંચલ લૈ ચલીરી ચિત્ત..." - ચંચલ ચિતવન એ

ઈશ્વરે સર્જેલો માનવજાત માટેનો અનોખો કીમિયો છે અને રહસ્યપૂર્ણ કીમિયો છે.

નંદદાસ ગોસ્વામી તુલસીદાસના નાના ભાઈ હતા. એવું કહેવાય છે કેટલાક એમને સગાભાઈ નહીં પણ પિતરાઈ ભાઈ કહે છે અને એ માન્યતાની પુષ્ટિ કરતાં બન્ને ભાઈઓની વંશાવલી એમના વડીલોનાં નામ-ઠેકાણાં સાથે આપે છે. આ પ્રશ્ન પણ સંપ્રદાય તેમજ હિંદી સાહિત્યજગતમાં ચર્ચાનો વિષય બની ગયો છે અને એનું સંશોધનકાર્ય ચાલુ છે. ગોસ્વામી તુલસીદાસ અને નંદદાસ ન તો સગાભાઈ હતા કે ન તો પિતરાઈ ભાઈ હતા એવી વિચારધારા પણ હિંદી સાહિત્યમાં આજે પણ ચાલે છે અને એનો આધાર નાભાજી-કૃત “ભક્તમાલ”ના નીચેના છપ્પા પરથી તારવવામાં આવ્યો છે :

લીલા પદ રસ રીતિ, ગ્રંથરચના મેં નાગર ।
સરસ ઉક્તિ જુત જુક્તિ ભક્તિ રસ ગાન ઉજાગર ।।

પ્રચુર પદધ લૌં સુજસ, રામપુર ગ્રામ નિવાસી ।
સકલ, સુકુલ, સંવલિત, ભક્તપદ રેનુ ઉપાસી ।।

ચન્દ્રહાસ, અગ્રજ સુહૃદ, પરમ પ્રેમપથ મેં પગે ।
નંદદાસ આનંદનિધિ, રસિક સુ પ્રભુહિત રેંગમગે ।।

આ છપ્પામાં તુલસીદાસજીનું ક્યાંય નામ નથી. સ્વ. રાધાકૃષ્ણદાસ નામના સંશોધકના મતાનુસાર “ભક્તમાલ”ની રચના સંવત ૧૬૪૨ થી સંવત ૧૬૮૦ના અરસામાં થઈ હોય એવી માન્યતા છે - અને આ સમય નંદદાસના જીવનકાળ પછીનો સમય છે - એટલે જો નંદદાસ તુલસીદાસના ભાઈ હોય તો “ભક્તમાલ”માં ઉલ્લેખ હોવો જોઈએ એવું રાધાકૃષ્ણદાસનું માનવું છે. બીજી દૃષ્ટિએ... “કહા કહૂં છબી આપકી” નો દુહો...અને તુલસીદાસજીને શ્રી ગોવર્ધનનાથજીએ “રામજી”ના સ્વરૂપમાં આપેલાં દર્શન - એ વર્ષોથી સંભળાતો આવતો પ્રસંગ છે- અલબત્ત, “લોકકથા” રૂપે એક હોઠ પરથી બીજા હોઠ સુધી જીવતા સચવાઈ રહેતા શબ્દને આપણે લોકકથા - લોકસાહિત્ય કહેતા હોઈએ છીએ. આ છપ્પામાં આવતા “ચન્દ્રહાસ” શબ્દ પર “ભક્તમાલ”કાર પણ પાછો વિશેષ પ્રકાશ પાડતો નથી, જ્યારે તુલસીદાસજી પર નાભાજી “ભક્તમાલ”માં ઘણીબધી માહિતી આપતાં વાલ્મીકિના અવતાર તરીકે ઓળખાવે છે, પણ નંદદાસના ભાઈ તરીકેનો ઉલ્લેખ ક્યાંય નથી કરતા. પરંતુ આ વિષયમાં રામશીન ભટનાગરનું મંતવ્ય રસપૂર્ણ બની રહે છે. એમનો તર્ક ગજબનો છે. એ લખે છે કે-

“બની શકે છે કે નાભાદાસને એમ લાગ્યું હોય કે જો એ નંદદાસનો તુલસીદાસ સાથેનો સંબંધ બતાવે અને પાછો નંદદાસને કૃષ્ણભક્ત તરીકે ઓળખાવે તો તુલસીદાસની મહત્તા કાંઈક ઓછી થઈ જાય... અને લોકો કહે પણ ખરા કે રામભક્તના ભાઈ જ કૃષ્ણભક્ત હતા. અને ચન્દ્રહાસ નામની વ્યક્તિ કદાચ નાભાદાસની પરિચિત હોય તો એના પર ઉપકાર કરવા નામ ઘુસાડ્યું હોય. પરંતુ અંદરથી તો એ કદાચ નંદદાસ જ હોય.”

અને આખરે તો ખુદ નંદદાસની પોતાની કાવ્યકૃતિમાં તુલસીદાસને જ્યેષ્ઠ ભાઈ અને ગુરુભાઈ તરીકે ઓળખાવ્યા છે:

"શ્રી તુલસીદાસ સ્વ ગુરૂ ભ્રાતા પદ બંદે ।
સેષ સનાતન વિપુલ જ્ઞાન જિન પાઇ અનંદે ॥

પુષ્ટિસંપ્રદાયના વાર્તાસાહિત્યમાં નંદદાસ-તુલસીદાસ વચ્ચેના ભાઈ ભાઈના સંબંધો બેત્રણ પ્રસંગો દ્વારા જાણવા મળે છે, જેમાં નંદદાસ તુલસીદાસને પત્ર મોકલે છે. તુલસીદાસ વનમાં આવે છે ત્યારે ગોવર્ધન, ગોકુલ કે વ્રજમાં ગમે ત્યાં રહી જવાનો આગ્રહ કરે છે....આ બધા પ્રસંગોની છણાવટ પ. ભ. સ્વ. દ્વારિકાદાસ પરીખે ઊંડા અભ્યાસ પછી સરસ રીતે એમનાં લખાણોમાં કરી છે અને એમાં નંદદાસ તુલસીદાસના નાનાભાઈ હતા, એ સંવત ૧૭૦૦ની આસપાસની "શ્રી ગોકુલનાથજી કે વચનામૃતોં કા સંગ્રહ"ની હસ્તપ્રતની ખોજમાંથી તારવણી કાઢીને પ્રગટ કરી છે. એના આધાર પર જ શ્રીગુસાંઈજીનાં પુત્ર અને પુત્રવધૂ જ કે જેમનાં નામ રામ-જાનકી - રઘુનાથ-જાનકી હતાં અને એ સ્વરૂપે શ્રીગુસાંઈજીની આજ્ઞાથી દર્શન આપેલાં એનો ઉલ્લેખ છે. તુલસીદાસજી વ્રજમાં - ગોકુલમાં સંવત ૧૬૨૬માં ગયા હતા એવા ઉલ્લેખો મળે છે. વિદ્વાન્ આચાર્ય કંઠમણિ શાસ્ત્રીના સંશોધનાત્મક અન્વેષણ પછી નંદદાસનો જન્મ સંવત ૧૫૭૦ની આસપાસ થયેલો મનાય છે. ડૉ. શ્યામસુંદરદાસે સંવત ૧૫૯૦ માન્યો છે. દ્વારિકાદાસ પરીખ પણ સંવત ૧૫૯૦ માને છે.

અષ્ટસખાની સ્થાપના સંવત ૧૬૦૨ માં થઈ હતી, જ્યારે નંદદાસનો અષ્ટસખામાં પ્રવેશ સંવત ૧૬૦૭માં થયો હતો. વિષ્ણુદાસ છીપા નામના વૃદ્ધ કવિની જગ્યાએ યુવાન નંદદાસને શ્રીગુસાંઈજીએ અષ્ટસખામાં પાછળથી પ્રવેશ કરાવ્યો હતો.

નંદદાસ એમના જમાનાના શિક્ષિત ધર્માનુરાગી યુવાન હતા. એમનો વ્રજભાષા અને સંસ્કૃત-ભાષાનો ઊંડો અભ્યાસ હતો. કાવ્યશાસ્ત્ર અને સંગીતનું ઉચ્ચ કક્ષાનું શિક્ષણ પ્રારંભમાં નૃસિંહ પંડિત નામના એમના ગુરુ પાસે લીધું હતું. સૂરદાસે એમનામાં રહેલી કવિત્વશક્તિને પિછાની ખૂબ જ સારું શિક્ષણ આપ્યું હતું. સ્વાધ્યાય અને સત્સંગ એમનો સતત સૂરદાસજી સાથે રહ્યો હતો.

નંદદાસને કુષ્ટ-પદોનો અભ્યાસ સૂરદાસે કરાવ્યો હતો. નંદદાસના રચેલા કેટલાક ગ્રંથોમાં ભંવરગીત અને રાસપંચાધ્યાયીના ગ્રંથો ખૂબ જ પ્રખ્યાત છે.

નંદદાસની પ્રારંભિક રચનાઓ રામાનંદી સંપ્રદાયની અસર નીચે શ્રીરામ અને હનુમાનજી પરની જોવા મળે છે, પરંતુ પુષ્ટિ-સંપ્રદાયમાં પ્રવેશ પછી પુષ્ટિભક્તિનાં પદો - ખાસ કરીને કૃષ્ણલીલાનાં પદોની રચનાની સંખ્યા લગભગ ૪૦૦ની આસપાસની છે એવી માહિતી પ્રાપ્ત થઈ છે. નંદદાસના રાધાકૃષ્ણના પ્રેમાનુરાગનાં પદો તેમજ રાસનાં પદોમાં એમની ઉત્તમ કાવ્યશક્તિનો સંસ્પર્શ માણવા મળે છે. નંદદાસજીના નામે કેટલાક ગ્રંથો ચડાવી દેવામાં આવ્યા છે જેમાં "નાસિકેતપુરાણ" નામનો ગ્રંથ સામેલ છે. નંદદાસની પ્રામાણિક ગ્રંથરચનાઓમાં આટલા ગ્રંથોને આલેખી શકાય :

(૧) અનેકાર્થમંજરી (૨) માનમંજરી (૩) રસમંજરી (૪) રૂપમંજરી (૫) વિરહમંજરી (૬) પ્રેમબારાખડી (૭) સ્યામસગાઈ (૮) સુદામાચરિત્ર (૯) રુકિમણીમંગલ (૧૦) ભંવરગીત (૧૧) રાસપંચાધ્યાયી (૧૨) સિદ્ધાંતપંચાધ્યાયી (૧૩) દશમસ્કંધ ભાષા (૧૪) ગોવર્ધનલીલા (૧૫) પદ્યાવલી. સંશોધકો અનુસાર રસમંજરી નંદદાસની પ્રારંભિક રચના છે, તો ભંવરગીત, રાસપંચાધ્યાયી, સિદ્ધાંત-પંચાધ્યાયી એમની અંતિમકાળની રચનાઓ હોય એવું વિકસતી જતી સાહિત્યિક ગુણવત્તાના આધારે કહી શકાય છે. સૂરદાસનાં પદોના પ્રભાવથી નંદદાસનાં પદો મુક્ત નથી.

સૂરદાસની નિશ્રામાં તેમજ એમના ગામના ગૃહસ્થીકાળ દરમિયાન ભાષા અને સાહિત્યનું વિશેષ સ્વરૂપે અધ્યયન કર્યું હતું. નંદદાસને એમના પ્રત્યેક ગ્રંથ પાછળ "મંજરી" શબ્દ ઉમેરવાનો ભારે શોખ હોય એવું એમની અનેક "મંજરી"ઓ પરથી લાગે છે. રૂપમંજરી, રસમંજરી અને વિરહમંજરી ચોપાઈ છંદમાં લખાયેલી છે. એમાં તુલસીદાસની શૈલીની છાંટ દેખાય છે. "રૂપમંજરી" કથા-કાવ્ય છે અને એમાં નાયિકાભેદ અને રસશાસ્ત્રનાં અનેક વર્ણનો જોવા મળે છે. આ ગ્રંથનો મૂળ હેતુ પુષ્ટિસંપ્રદાયની "શૃંગારભક્તિ" ધાર્મિક ભાવના પ્રગટ કરવાનો હોય એવું લાગે છે. પરંતુ લૌકિક શૃંગારનું એક સફલ કાવ્ય આખરે તો બની રહે છે. "રસમંજરી" નાયિકાભેદનાં સાંગોપાંગ વર્ણનોથી ભરપૂર છે, જ્યારે રૂપમંજરી અને રસમંજરી - એક ભક્તકવિની આરઝૂ વ્યક્ત કરે છે.

"પ્રેમ બારહખડી" નંદદાસની નાનકડી કૃતિ છે. આ કૃતિનો ગુજરાતના પુષ્ટિસંપ્રદાયમાર્ગીઓએ સારો એવો પ્રચાર કર્યો છે.

"સ્યામ-સગાઈ"માં શ્રીકૃષ્ણની સાથે રાધાજીની થતી સગાઈની વાત છે, જેનો ઉલ્લેખ ભાગવતમાં ક્યાંય નથી. પુષ્ટિ-સંપ્રદાયમાં રાધાને સ્વકીયા તરીકે સ્વીકારાઈ છે. એ વિષયને લક્ષમાં રાખી સ્યામ-સગાઈ લખાઈ છે. સુદામાચરિત, રુકિમણીમંગલ અને ભાગવત દશમસ્કંધ શ્રીમદ્ ભાગવતની વિવિધ કથાઓના સંગ્રહો છે.

નંદદાસની આટલી રચનાઓમાં શ્રેષ્ઠ રચનાઓ "ભંવરગીત" અને "રાસપંચાધ્યાયી" કહેવાય છે. ભાષાની કોમળતા, યોગ્ય શબ્દોની ગૂંથણી અને ભાવોનું પુષ્ટિસંપ્રદાયના સિદ્ધાંતોને અનુરૂપ ચિત્રણ આ બે ગ્રંથોમાં જોવા મળે છે. "ભ્રમર-ગીત"માં "ઉદ્ધવ-ગોપી"ના સંવાદના રૂપમાં નિર્ગુણ ભક્તિ પર સગુણ ભક્તિની યથાર્થતા તેમજ જ્ઞાનમાર્ગ પર પ્રેમમાર્ગની વિશિષ્ટતા પ્રગટ કરી છે.

"રાસપંચાધ્યાયી"માં કવિ નંદદાસનો સાહિત્યિક તેમજ ભાવોર્મિ-પ્રગટીકરણનો વિકાસ દેખાય છે. કર્ણપ્રિય ભાષાશૈલી એટલી તો ઉત્તમ છે કે આ ગ્રંથને ઉત્તરભારતના "ગીતગોવિંદ" તરીકે ઓળખાવાય છે. સિદ્ધાંત-પંચાધ્યાયીમાં રાસપંચાધ્યાયીની સૈદ્ધાંતિક વ્યાખ્યાનું નિરૂપણ વિશેષ છે. "દશમસ્કંધ" નામ પ્રમાણે દશમસ્કંધના આરંભિક ૨૯ અધ્યાયોનો ભાવાનુવાદ છે. "ગોવર્ધન- લીલા" વિષે કહેવાય છે કે એ "રાસપંચાધ્યાયી"ની

કેટલીક પંક્તિઓનું પુનરાવર્તન છે, તો પદાવલી નંદદાસનાં પદોનો ગ્રંથ છે.

"અષ્ટછાપ" કવિઓના સર્વાંગી સાહિત્યનું વિહંગાવલોકન કરીએ તો એમાં સૂરદાસ અને નંદદાસ બે જ એવા કવિઓ છે કે જેમણે પદરચનાની સાથેસાથે વિવિધ શૈલીઓની કવિતા રચી છે.

નંદદાસનાં કાવ્યોની બે વિશિષ્ટતા આંખે ઊડીને વળગે એવી છે. એક તો ભાષાનું માધુર્ય અને બીજી શબ્દોની ગૂંથણી. કલાત્મક સ્વરૂપે શબ્દોને પ્રયોજવાની કલા નંદદાસને સિદ્ધ હતી અને એટલે જ હિંદી ભાષામાં "ઔર કવિ ગઢિયા, નંદદાસ જડિયા" તરીકે નંદદાસને, એમની કવિતાને ઓળખી શકાય છે. નંદદાસ પાસે ભાષા-ભંડોળ ખૂબ જ સમૃદ્ધ છે. વિપુલ શબ્દભંડોળના એ સ્વામી હતા.

સૂરદાસ અને નંદદાસ વ્રજનાં ટકસાલી કાવ્યો વ્રજભાષાના સાહિત્યનો શૃંગાર છે. નંદદાસની ભાષાની વિશિષ્ટતા, ભાષાનું માધુર્ય અને પ્રાસાદિક સૌંદર્ય વિશેષ લેખાય છે. પદની પંક્તિઓ સરળ અને લાંબાચૌડા સમાસોની ગેરહાજરી ધ્યાન ખેંચે છે. શબ્દનો ધ્વનિ અર્થવિસ્તાર માટે પૂરક છે.

નંદદાસનાં કાવ્યોનું સાહિત્યિક મૂલ્ય તો છે જ, પરંતુ એમનાં કાવ્યોનું ધાર્મિક મહત્ત્વ જરા પણ ઓછું અંકાવું ન જોઈએ. એમનાં પદો અને ગ્રંથોમાં ધાર્મિકતા અને સાહિત્યિકતાનો સુગમ સંગમ સર્જાયો છે.

'અષ્ટસખા' ભક્તકવિઓના આઠ પુસ્તકોની સંપૂર્ણ હસ્તપ્રતો તેનું પ્રૂફરીડીંગ અત્યંત કાળજીપૂર્વક અને ભાવપૂર્વક ખૂબજ નિષ્ઠાથી પ્રોફેસર શ્રી નટુભાઈ રાજપરાએ આ કાર્ય કરેલ છે તે બદલ હું તેનો અત્યંત આભારી છું.

નંદદાસની કૃતિઓની સાહિત્યિક પિછાન એક જ વાક્યમાં કરવાની હોય તો તે આ છે :

"કાન્હ કુંવર કે કર પલ્લવ પર, માનોં ગોવર્ધન નૃત્ય કરે."

- જશવંત મહેતા

નંદાભુવન - બ્લોક નં. ૧૫
બજાજ રોડ,
વિલેપાર્લે (પશ્ચિમ),
મુંબઈ - ૪૦૦ ૦૫૬.

નંદદાસ જો કછુ કહ્યૌ, રાગ-રંગ મેં પાગિ ।
અચ્છર સરસ સનેહ મય, સુનત સ્રવન ઉઠિ જાગી ॥
રમન દસા અદ્‌ભુત હુતે, કરત કવિત સુઢાર ।
બાત પ્રેમ કી સુનત હી, છૂટત નૈન જલધાર ॥
બાવરૌ સૌ રસ મેં ફિરૈ, ખોજત નેહ કી બાત ।
આછે રસ કે બછન સુનિ, બેગિ બિવસ હૈ જાત ॥

- ધ્રુવદાસ : "ભક્ત-નામાવલિ"

લીલા - પદ - રસ - રીતિ, ગ્રંથરચના મેં નાગર ।
સરસ ઉક્તિ જુત જુક્તિ, ભક્તિરસ - ગાન ઉજાગર ॥
પ્રચુર પદધ લૌં સુજસ, રામપુર ગ્રામ નિવાસી ।
સફલ, સુકુલ સંવલિત, ભક્તપદ રેનુ ઉપાસી ॥
ચન્દ્રહાસ - અગ્રજ, સુહૃદ, પરમ પ્રેમપથ મેં પગે ।
નંદદાસ આનંદનિધિ, રસિક સુ પ્રભુહિત રંગમગે ॥

- ભક્તમાલ

नंददास के काव्य की दो विशेषताएँ मुख्य हैं : भाषाकी मधुरता और शब्दोकी सजावट । नंददास भाषा कोष के भी धनी थे । उनके पास विपुल शब्द-भंडार था ।

– प्रभुदयाल मीतल

અ-નુ-ક્ર-મ

૧. 'અઠે દ્વારકા' વિશ્રામઘાટ પર / ૧૫
૨. નંદદાસ રૂપરાશિને જોતા રહ્યા... / ૨૦
૩. સોન્દર્યઘેલા નંદદાસ ગોકુલ પહોંચ્યા / ૨૪
૪. શ્રીવલ્લભનંદના શરણે / ૩૨
૫. શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર બન્યા / ૩૮
૬. નંદદાસ પૂરા કૃષ્ણરંગે રંગાઈ ગયા / ૪૪
૭. જો ગિરિ રૂચે તો બસો શ્રી ગોવર્ધન / ૪૮
૮. સંસાર માંડ્યો ને સંસાર છોડ્યો / ૫૬
૯. સમભાવી રૂપમંજરી સાથે મિલન / ૬૦
૧૦. ધર્મની ગોપનીયતા જાળવી / ૬૬

શ્રી નંદદાસજી

નામ : નંદદાસ
જ્ઞાતિ : સનાઢ્ય બ્રાહ્મણ
જન્મ-સમય-સ્થાન : સં. ૧૫૯૦ રામપુર (હાલ શામપુર) ,
નિકુંજલીલા સંબંધી સખાનામ : ભોજસખા
નિકુંજલીલા સંબંધી સખીનામ : ચંદ્રરેખા સખી
શરણાગતિ-સમય અને સ્થળ : સં. ૧૬૦૭, રાજા ઠાકુરનું મંદિર, શ્રી ગોકુલ.
દીક્ષાગુરુ : શ્રીગુંસાઈજી
ભક્તિ : વિપ્રયોગાત્મક નિર્ગુણ સખ્યભક્તિ
સ્વરૂપાસક્તિ : શ્રીગોકુલચંદ્રમાજી
શૃંગારાસક્તિ : ફેંટા
પ્રભુના શ્રીઅંગમાં સ્થાન : ઉદર
શ્રી ગિરિરાજજીમાં અધિકૃત દ્વાર : માનસીગંગા
પ્રભુની મુખ્યલીલામાં આસક્તિ : કિશોરલીલા
કીર્તનસમય : શૃંગાર
ભાવનો મનોરથ : વસંતક્રીડા
લીલામાં કોનાં સહચરી : શ્રી પ્રિયાજી
લીલામાં રંગ-વર્ણ : લાલ
લીલામાં કુંજ : પ્રિયતમ કુંજ
લીલા સંબંધી ઋતુ : વસંતઋતુ
અષ્ટછાપની સ્થાપના વખતે ઉંમર : ૧૨ વર્ષ
રચનાઓ : છંદો તથા ચારસો પદો, રાસપંચાધ્યાયી, ભ્રમરગીત, પંચમંજરી, ગોવર્ધનલીલા
કીર્તનમાં છાપ : નંદદાસ
અભ્યાસ, રુચિ, પ્રવીણતા વગેરે : ગાનવિદ્યામાં નિપુણ, ભરપૂર કાવ્યશક્તિ
દેહાવસાન - સમય અને સ્થળ : સં. ૧૬૪૨ માનસીગંગા
ભૂતલ પરની સ્થિતિ : ૫૨ વર્ષ
સ્મૃતિસ્થળ : માનસીગંગા

પુષ્ટીમાર્ગીય અમારા શ્રેષ્ઠ પ્રકાશનો

બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓ (ત્રણ જન્મની લીલા ભાવના સાથે)	શાંતિલાલ એમ. મહેતા	૩૦૦-૦૦
ચોર્યાસી વૈષ્ણવની વાર્તાઓ	શાંતિલાલ એમ. મહેતા	૧૨૫-૦૦
બૃહદ્ શિક્ષાપત્ર	શાંતિલાલ એમ. મહેતા	૧૫૦-૦૦
વ્રજ પરિક્રમા	શાંતિલાલ એમ. મહેતા	૧૦૦-૦૦
ચોર્યાસી બેઠકજીનું ચરિત્ર	શાંતિલાલ એમ. મહેતા	છપાય છે
મધુરાષ્ટકમ્	શાંતિલાલ એમ. મહેતા	૧૫-૦૦
સર્વોત્તમ સ્તોત્ર (સટીક)	શાંતિલાલ એમ. મહેતા	૩૩-૦૦
નિત્ય નિયમ પાંઠ	શાંતિલાલ એમ. મહેતા	૧૫-૦૦
ષોડષ ગ્રંથો	શાંતિલાલ એમ. મહેતા	૨૦૦-૦૦
ભ્રમરગીત રસબોધિની	શાંતિલાલ એમ. મહેતા	૧૧૦-૦૦
બ્રહ્મસંબંધનો ગદ્યમંત્ર	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રીનાથજીનું પ્રાકટ્ય	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રીકૃષ્ણ: શરણં મમ	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રદ્ધાંજલિ (ધૂન-ભજન-કિર્તન-આરતી સંગ્રહ)	મનમોહન કૃષ્ણ	૨૫-૦૦
પુષ્ટિ સુધા બિંદુ	જયંત જી. ગાંધી	૪૫-૦૦
ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ	જશવંત મહેતા	૧૧૦-૦૦
વંદુ શ્રી વિઠ્ઠલવર વૃજરાય	જશવંત મહેતા	૧૧૫-૦૦
કુંભનદાસ	જશવંત મહેતા	૫૫-૦૦
સૂરદાસ	જશવંત મહેતા	૫૦-૦૦
નંદદાસ	જશવંત મહેતા	૩૫-૦૦
ચતુર્ભુજદાસ	જશવંત મહેતા	૩૦-૦૦
ગોવિંદસ્વામી	જશવંત મહેતા	
છીત્તસ્વામી	જશવંત મહેતા	
પરમાનંદદાસ	જશવંત મહેતા	
કૃષ્ણદાસ	જશવંત મહેતા	

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

ફોન : ૨૩૨૪૬૦ / ૨૩૪૬૦૨

૧. 'અહે દ્વારકા' વિશ્રામઘાટ પર

"શ્રી રામચન્દ્ર કૃપાલુ ભજ મન, હરણ ભવભય દારુણમ્
નવ કંજ - લોચન, કંજ મુખ - કર કંજ પદ કંજારણમ્."

"હે મન! કૃપાળુ શ્રી રામચન્દ્રજીનું ભજન કર. તેઓ સંસારનાં જન્મમરણરૂપ દારુણ ભયને દૂર કરવાવાળા છે. તેમનાં નેત્ર વિકસિત કમળના સમાન છે. મુખ, હાથ અને ચરણ પણ લાલ કમળ જેવાં છે."

સંત તુલસીદાસજી સરિતાના તટે, પીપળાના વૃક્ષ નીચે બેઠા-બેઠા વહેલી સવારે ઉપરનું ભજન ખુલ્લા હૈયે અને ખુલ્લા સાદે ગાઈ રહ્યા હતા.

પૂર્વાકાશની ક્ષિતિજેથી ધીમેધીમે સૂરજ અવનીનો ઓટલો પૂર્વદિશાના પ્રાંગણમાંથી ચડી રહ્યો હતો. પંખીઓના કલરવથી ધરતીનું વાતાવરણ મધુર બની રહ્યું હતું. ખળખળ વહેતી સરિતાના જલપ્રવાહમાંથી ગામની પનિહારીઓ એમનાં બેડાં ડુબાડી જલ ભરતી ગોસ્વામી તુલસીદાસની જ પ્રાર્થના પંક્તિ લલકારતી હતી...

"શ્રી રામચન્દ્ર દયાલુ ભજ મન"...

ગામના પાદરમાંથી ગાયોનાં ધણ લઈ નીકળેલા ગોવાળિયાના ડચકારા - પનિહારીઓના મીઠા કંઠ સાથે તાલ મિલાવતા - ગાયોને નજીકના વનમાં ચરાવવા લઈ જતા. ગોવાળિયાના મુખમાંથી પણ એમના અને ગામના પ્યારા ગોસ્વામી તુલસીદાસજીની એ જ "શ્રી રામચન્દ્ર કૃપાલુ ભજ મન"ની પંક્તિઓ સરી રહી હતી..

ગોવાળિયાઓ સાથે એક ફાંકડો, રૂપાળો, સુંદર આંખો અને મોહ પ્રેરતી દેહયષ્ટિવાળો યુવાન નદીનો તટ આવતાં ફંટાઈને ગોસ્વામી તુલસીદાસજીના પીપળાના વૃક્ષ નીચેના ચોતરા તરફ આવતો હતો. બાવીસેક વર્ષના એ યુવાનમાં અનોખો અજંપો, અનોખી તરસ અને અવનવી ધૂન મગજ પર સવાર થઈને છેલ્લા બેચાર દિવસથી બેઠી હતી.

યુવાન રામાનંદી તુલસીદાસના નાનો ભાઈ નંદદાસ હતા. ગામના પ્રતિષ્ઠિત પરિવારના - તુલસીદાસના લઘુબંધુ તરીકે ગામ અને ગામની આસપાસના વિસ્તારોમાં પ્રખ્યાત એવા નંદદાસ ચારેક દિવસ પહેલાં સાંજની વેળાએ ગામના ચોરા પાસેથી પસાર થતા હતા ત્યારે એમણે ચોરા પર ગામલોકોની - મુખીના સાંનિધ્યમાં થોડાક "નવરા" "બાબર"ની ટોળકીને મોટેમોટેથી વાતો કરતી સાંભળી.

"અલ્યા...હવે ખેતીનું બધું કામ પૂરું થઈ ગયું છે... તો હાલો દ્વારિકાધીશની યાત્રાએ..." ગામનો મુખી બોલતો હતો.

"હા હો, ઓણ સાલ ચોમાસુંય હારું ગયું છે... દ્વારકાના નાથની મહેરબાનીથી... ગોમતીતટે બિરાજતા આપણા દ્વારકાધીશ દેવની તો લીલા જ અનોખી છે હોં!" - મુખીની બાજુમાં હંમેશ ઘૂસીને મુખીની ચમચાગીરી કરતો છગનો લુહાર બોલ્યો.

“હોવે...કે' છે શું બાકી ગામ છે...કહેવાતું કે એક જમાનામાં કરસન ભગવાને તો આખી નગરીને સોનેથી મઢી દીધેલી.”

“હા, પણ આપણા પૂર્વજોની શરાબ-ઘેલછાના પરિણામે કેવી યાદવાસ્થળી રચાણી ને આખી સોનાની નગરી દરિયામાં ડૂબી ગઈ!” -

“ઈ વાતેય હાચી... બાકી આપણો કાનુડો...ગામ આખાને મોટા મોટા ઉપદેશો ઘે... અરે અરજણ જેવો અરજણ - ભડનો દીકરો.. કુરુક્ષેત્રના મેદાનમાં...એના વડીલ વૃદ્ધો, યુવાન ભાઈઓ, વ્હાલા સગાઓ અને દુશ્મન બની ગયેલા દોસ્તોને જોઈ - ‘આ બધાને મારે મારવાના?’ એવો સવાલ કરી - રથમાં બેસી યુદ્ધ કરવાનું મેલી - મેદાનમાં ચપટ થઈને - ધનુષ્યબાણ મેલીને બસ મારે લડવું નથ કહીને બેસી ગયો....ઈને ઉપદેશ દઈ યુદ્ધે વળગાડ્યો.. ઈ કરસન મહારાજ...એના ભાયુંને શરાબના રવાડેથી પાછા ન વાળી શક્યા... અને કુળનું ધનોતપનોત નીકળી ગયું... ઈ દ્વારિકાના નાથનાં દર્શને જાઈએ.”

અને “હોવે હોવે” કરતા મુખીની સરદારી નીચે ગામના પંદરવીસ ખેડૂતો શરદપૂનમની સાંજે ગામને પાદર બિરાજેલાં રામ-લખમણ-જાનકીને પગે લાગી દ્વારિકા તરફ જવા તૈયાર થઈ ગયા.

“મુખી... હુંય તમારી સાથે રણછોડરાય - દ્વારિકાધીશનાં દર્શને આવું?” નંદદાસે મુખીને પૂછ્યું.

“હાલ્ય, તારો ભાઈ તુલસી તને રજા દેતો હોય તો અમારે શું વાંધો છે? તારા પગે ને તારી ગાંઠે બાંધેલાં નાણાં હાર્યે આવવાનું છે.” મુખી બોલી ઊઠ્યો. નંદદાસ એની સાથે આવે એમાં એને વાંધો નહોતો. જુવાન માણસ હતો, હાર્યે આવે તો ખપનો થઈને રહેવાનો હતો. વાટમાં ભજનની રમઝટ બોલાવતો.... પંથ કાપવામાં મદદરૂપ થાય તેમ હતો. પરંતુ મુખીને શંકા હતી. રામાનંદી તુલસીદાસના નંદદાસ ખૂબ જ પ્યારા લાડકા નાના ભાઈ હતા. એક પળ માટે પણ બાવીસ વર્ષમાં તુલસીદાસે એને રેઢા મૂક્યા નહોતા. વળી રામચન્દ્રજીના ભક્ત તુલસીદાસ, એના નાના ભાઈને કૃષ્ણ-ભગવાનનો ભક્ત થોડો થવા દે...કૃષ્ણની ભક્તિ નંદદાસ કરવા માંડે તો “અન્યાશ્રય” થઈ જાય. એના પરિવાર માટે તો “શ્રી રામચન્દ્ર કૃપાળુ ભજ મન” જ એમના ઇષ્ટદેવ હતા.

છેલ્લા ચાર દિવસથી નંદદાસ એના વડીલબંધુ પાસે એની સંઘ સાથે દ્વારિકા જવાની વાત કરવાની હિંમત નહોતા કરી શકતા. એમને ખાતરી હતી કે જેવી એ તુલસીદાસ પાસે દ્વારિકાની યાત્રાની વાત મૂકશે કે “અન્યાશ્રય”ની લાંબી રામાયણ માંડી એ કહી દેશે...

“જવું હોય તો આપણા રામ પાસે અયોધ્યા જા...દ્વારિકાના રણછોડરાય પાસે જવાની કાંઈ જરૂર નથી.. આપણે તો રામાનંદી - રામભક્ત છીએ.”

અને ડરના માર્યા ત્રણત્રણ દિવસ પસાર થઈ ગયા, પરંતુ નંદદાસ હિંમત કરી શકતા નહોતા. ગોસ્વામી રામાનંદી તુલસીદાસનું એમના વિસ્તારમાં ખૂબ જ મોટું નામ હતું.

"મોટાભાઈ..." નંદદાસ હિંમતનું પોટલું બાંધી બોલી ઊઠ્યા.

"શું છે, નંદદાસ?" તુલસીદાસે આંખો ખોલી સામે ઊભેલા નંદદાસને પૂછ્યું.

"મોટાભાઈ... મુખીકાકા ગામમાંથી સંઘ લઈને દ્વારિકાની યાત્રાએ જાય છે." નંદદાસ ડરતાં - ડરતાં બોલ્યા.

"હાં તે શું છે... એમને સવા રૂપિયો રોકડો આપી - આપણા વતી રણછોડરાયજીને 'જયસિયારામ' રોકડો સવા રૂપિયો ધરીને કહે, એટલું મારા વતી કહેજે." કહેતાં તુલસીદાસે એક નજર બે તટે વહ્યે જતી સરિતાના ખળખળ વહેતા પાણી પર નાખી.

"મોટાભાઈ..." નંદદાસ બોલ્યા.

"શું છે?"

"મારે મુખીબાપા સાથે દ્વારિકા યાત્રાએ જવું છે." તુલસીદાસ સામે નજર મિલાવતા નંદદાસ બોલ્યા ત્યારે એમની ઉંમર બાવીસ-પચ્ચીસ વર્ષમાંથી ચાલીસ-પચાસની થઇ ગઈ હોય - એવા લાગતા હતા.

"જાત્રાએ...અને એ પણ દ્વારિકાની?" તુલસીદાસે ઉપાલંભ કરતાં કહ્યું.

"હા..."

"કેમ..."

"કૃષ્ણને મળવા... રણછોડરાયનાં દર્શન કરવા, મોટાભાઈ!" નંદદાસ બોલ્યા. તુલસીદાસજી નાનાભાઈ સામે વિષાદભર્યા ચહેરે સ્મિત છલકાવતા જોઈ રહ્યા. નંદદાસ રામાનંદી પરિવારમાં જન્મ્યા હતા છતાંય બચપણથી એમને નટખટ શ્રીકૃષ્ણની લગની ભારે લાગી હતી. શ્રીરામ, લક્ષ્મણ, હનુમાન અને રાવણની વાર્તા તુલસીદાસ કહેતા ત્યારે નાનકડો "નંદો" વચ્ચેવચ્ચે શ્રીકૃષ્ણની બાળલીલાના બાળમાનસને સ્પર્શી જાય તેવા પ્રસંગોને યાદ કરી તુલસીદાસ પાસે હઠ કરીને પણ બાળલીલા સાંભળતો.

ધીર, ગંભીર, શાંત રામચન્દ્રજીની કથા કરતાં કૃષ્ણચન્દ્રની લીલામાં નાના ભાઈને વધુ દિલચસ્પી હતી એનો સહજ રંજ વડીલબંધુ તુલસીદાસને રહેતો.

"નંદા...તું હજી આટલી લાંબી યાત્રા કરવા માટે પુખ્ત નથી બન્યો. મારો લાડલો ભાઈ રસ્તાનાં ટાઢ, તડકા, વરસાદ સહી નહીં શકે. દ્વારિકા તો ખૂબ દૂર છે. વચ્ચે વ્રજભૂમિમાંથી પસાર થવું પડે... કેટલાય દિવસો થઈ જાય, મારાથી દૂર થયે. ભાઈ, હું તને આંખેથી અળગો નહીં કરું... તું તો મારી આંખનું રતન છે.. મેં આપણાં મરતાં માબાપની છેલ્લી ઘડીઓમાં એમને વચન આપ્યું છે કે હું તને કોઈ દી મૂંઝાવા નહીં દઉં...હવે તું ભલે તારી જાતને યુવાન માની લે, પણ મારે માટે તો તું હજી બાળક

જ છે. આપણે કષ્ટો વેઠી જાતરા કરવા નથી જવું... આપણો આધાર તો આપણો રામ છે. આપણે અયોધ્યા જશું."

"મોટાભાઈ... હવે હું પુખ્તવયનો થયો. મને મારી રીતે માર્ગો શોધવા દ્યો...મારે મુખી સાથે કૃષ્ણના ધામની દ્વારિકાનગરીનું સૌંદર્ય જોવું છે..." - નંદદાસે હઠ પકડી.

"ભાઈ...તું રહેવા દે... અને ઘેર બેઠાં રઘુનાથનું સ્મરણ કર, ભગવાન આપોઆપ તને દર્શન દેશે..." તુલસીદાસ બોલ્યા.

"નહીં, મોટાભાઈ...મારે તો જવું જ છે, ઘરઆંગણાનો સથવારો છે..." કહેતા નંદદાસ યાત્રાની તૈયારી કરવા ઘર તરફ ચાલ્યા ગયા.

વડીલબંધુ નાનાભાઈની જીદની આગળ હારી ગયા.

બીજે દિવસે પાંત્રીસ માણસના સંઘે પ્રયાણ આદરવાનો પ્રારંભ કર્યો. નંદદાસ એના એક પોટલા સાથે મુખીની બાજુમાં જ વહેલી સવારે ઊઠીને ઊભા રહી ગયા. એમના ચહેરા પર આનંદ અને ઉત્સાહનાં પૂર ઊમટતાં હતાં.

તુલસીદાસજી સંઘને વળાવવા ગામને પાદર આવ્યા.

"મુખી... મારા કાળજાનો કટકો જિંદગીમાં પહેલી વાર મારાથી છૂટો પડી, તમારી સાથે જાત્રાએ આવી રહ્યો છે. મારો નંદો.. મારો ભોળિયો જીવ છે. તમે એની ખાસ ખબર રાખજો - એને દુનિયાની ગતાગમ જરા ઓછી છે."

"તુલસીદાસજી, તમે બેફિકર રહો... અમે બધું બરોબર ગોઠવી દેશું. તમારો ભાઈ હેમખેમ પાછો ફરશે."

"નંદા...ભાઈ, તું જાય જ છે?" વેદનાગ્રસ્ત ચહેરે તુલસીદાસ નાનાભાઈને ભેટીને રડી પડ્યા.

"ભાઈ, રસ્તામાં સાચવજે - આપણો આધાર તો રામજી છે...દુ:સંગમાં કે રૂપાળી બાઈઓના ફંદામાં ફસાઈ ન જતો... કાયાને સાચવજે....બહુ શ્રમ કરતો નહીં...મારો રામજી તારી રક્ષા કરશે, ભાઈ!" - કહેતાં તુલસીદાસ બંધુના પ્યારમાં - લાગણીના પ્રવાહમાં તણાઈ ગયા.

રામજીમંદિરે ઝાલર વાગી.

સૌ રામજીનાં દર્શન કરવા દોડ્યા. નંદદાસ સૂનમૂન ઊભા.

"અરે, નંદદાસ... ચાલો, રામજીનાં દર્શન કરવા આવવું નથી?" મુખીએ પ્રશ્ન કર્યો.

"આવવું છે ને..." - કહેતાં રામજીનાં દર્શન કરવા મંદિરમાં મુખી સાથે ઘૂસ્યા...

"જય રણછોડ...માખણચોર... જય રણછોડ માખણચોર"ની ધૂન સાથે સંઘે દ્વારિકાની દિશામાં પ્રયાણ આદર્યું ત્યારે "કૃષ્ણપ્રેમી" નંદદાસને મોટાભાઈના પ્રેમાળ રામભક્તિના આવરણમાંથી છૂટવા મળ્યું એનો રોમાંચ અનેરો હતો.

વનઉપવન... ઝરણાં... સરિતા.. વટાવતો-વટાવતો. સંઘ એક સવારે મધુપુરી - મથુરાનગરીમાં પહોંચ્યો..

દ્વારિકા તો હજી દૂર હતું... પરંતુ "વૈકુંઠ" કરતાં વહાલા વ્રજમાં નંદદાસ એના સંઘ સાથે પહોંચી ગયા હતા.

મથુરામાં પ્રવેશતાં જ વ્રજભૂમિના દ્વાર સમા આ નગરની શોભા જોતાં જ નંદદાસજી આશ્ચર્યની અવધિમાં ડૂબી ગયા...

શ્રીકૃષ્ણની જન્મભૂમિ મથુરા વિષેનો શ્લોક યાદ આવી ગયો :

"અહો મધુપુરી ધન્યા, વૈકુંઠાય ગરીયસી ।
દિનમેક-નિવાસેન... હરૌ ભક્તિ પ્રજાયતે ॥

વૈદિક કાળથી પ્રખ્યાત એવી મથુરાનગરીની જાહોજલાલી અનોખી હતી. મથુરા એટલે વ્રજનું પ્રવેશદ્વાર...મથુરા એટલે ભગવાન શ્રીકૃષ્ણની જન્મભૂમિ...કૃષ્ણપ્રિયા યમુનાજીના જલપ્રવાહથી પ્લાવિત એવી ભૂમિ એટલે મથુરાનગરી...

મથુરાનગરીનું રક્ષણ ભગવાન શંકર - પશ્ચિમમાં ભૂતેશ્વર, પૂર્વમાં પિપ્પલેશ્વર, દક્ષિણમાં રંગેશ્વર અને ઉત્તરમાં ગોકર્ણેશ્વરના નામે બિરાજી યુગોથી કરતા આવ્યા હતા.

નંદદાસજી મથુરાનગરીના વિશાળ રાજમાર્ગ પર મસ્તીથી ઘૂમતા-ઘૂમતા વિશ્રામઘાટ પર આવી પહોંચ્યા...ગોરબાપાએ સ્થળનો પરિચય આપતાં કહ્યું :

"કંસનો વધ કરીને દાઉભૈયા સાથે શ્રીકૃષ્ણે યમુનાતટે... અહીં વિશ્રામ કર્યો હતો...એટલે આને વિશ્રામઘાટ કહે છે."

નંદદાસે એક નજર ખળખળ વહેતાં જમુનાજી પર નાખી... અને "ગોરબાપા... આપણે તો અહે દ્વારિકા...વિશ્રામઘાટ પર કરીશું અને થાક ઉતારીશું પેલા કૃષ્ણની જેમ."

૨. નંદદાસ રૂપરાશિને જોતા રહ્યા....

"મુખીકાકા..."

વિશ્રામઘાટ પરની આરતીનાં દર્શન કરી, શ્રીયમુનાજીનું આચમન કરતા, આંખે જલ લગાડતા મુખીકાકાને નંદદાસે બોલાવ્યા.

બે દિવસ મથુરામાં ફરવામાં થઈ ગયા હતા. સંઘના યાત્રિકોએ કેશવરાયજીનાં દર્શન કરી લીધાં હતાં, દ્વારિકાધીશના ભવ્ય મંદિરને જોતાં અર્ધો દિવસ પૂરો થઈ ગયો હતો.. કંસનો અખાડો, ચારે દિશામાંથી મથુરાનગરીની રખવાળી કરતાં ચારેય મહાદેવનાં મંદિરોમાં પણ યાત્રિકો દર્શન કરી આવ્યા હતા. જોવાલાયક બધાં જ સ્થળો જોવાઈ ગયાં હતાં, છતાં મુખીકાકા મથુરામાંથી નીકળવાનું નામ લેતા નહોતા. એમને અને અન્ય યાત્રીઓને આ નગરની જાહોજલાલી માણવાની મજા પડી ગઈ હતી. નંદદાસ બે દિવસમાં નગરદર્શન કરીને હવે બીજાં નવાં સ્થળો જોતાં-જોતાં દ્વારિકા પહોંચવા ઉતાવળો થયો હતો.

એ દિવસે વિશ્રામઘાટનાં પગથિયાં ઊતરી શ્રીયમુનામૈયાને પ્રણિપાત કરતાં - આંખે અને માથે જલ ચડાવતાં મુખીકાકાને પૂછ્યું :

"કાકા...હવે આપણે દ્વારિકા જવા ક્યારે રવાના થવું છે? દ્વારિકા પહોંચતાં રસ્તામાં અનેક રમણીય સ્થળો આવે છે એ પણ જોવાં છે ને... આંહીં હવે કેટલા દિવસ વિશ્રામ કરવો છે? અરે કાકા, દાઉભૈયા અને કરસન-કાળાએ પણ આટલો લાંબો વિસામો કંસને મારીને નહોતો લીધો." નંદદાસ હસીને બોલ્યા.

"અરે ભઈલા... આપણે તો જાતરા કરવા નીકળ્યા છીએ.... દિ'ના ક્યાં દુકાળ પડ્યા છે? આ આપણા કાનુડાની ભૂમિ છે- મથુરા. કેટલી સરસ નગરી છે! આઠદસ દિવસનો મુકામ કરી, નીકળશું નિરાંતે...ઉતાવળ શી છે? અને એકવાર ઘર છોડીને નીકળ્યા ત્યારે હંધુંય પાછળ મેલીને આવવાનું...કેમ, તારો ભાઈ તુલસી યાદ આવી ગયો કે શું? રામપુર યાદ આવી ગયું કે શું?" મુખીકાકા હસીને નિરાંતવા જીવે બોલ્યા.

"ના રે, કાકા..રામપુર તો કાંઈ યાદ આવ્યું નથી, પણ દ્વારિકાધીશનાં દર્શન કરવાની ઉતાવળ દિલમાં જાગી છે.." નંદદાસ બોલ્યા.

"બસ ભઈલા...માની લેને કે આજથી દસમા જમણે - દસમા દિવસે મુકામ ઉપાડશું...અલ્યા તુંય ખરો છે... આ જમુનાજીનો આરો, અસ્ખલિત પ્રવાહે વહેતાં જમુનાજીનાં જલ...આંખોને લીલીછમ બનાવી દેતી હરિયાળી...કેશવરાયજીનું મંદિર.... દ્વારિકાધીશનું ભવ્ય મંદિર...નિરાંતે હરીફરીને બધું જોતો રહે...આમ કાંઇ જાતરાએ ઘડીએ-ઘડીએ નીકળાતું નથી.." મુખીકાકા બોલ્યા.. નંદદાસ ચૂપચાપ ઊંધું માથું રાખીને મુખીકાકાથી સરકીને દૂર એકાંતમાં જઇને બેઠા.

એમના જીવને જંપ નહોતો. રોજ નીત-નવું જોવાની લગન સાથે યાત્રાએ

નીકળેલા નંદદાસ...મથુરાનગરીના એના એ જ ઘાટો, એ જ બજાર...એ જ ધર્મશાળામાં છેલ્લી બબ્બે રાત દરમિયાન માંકડ-મચ્છરના ત્રાસથી કંટાળી ગયા હતા. એમને ઝટ પ્રયાણ આદરવું હતું અને આ લોકો તો યાત્રાના પ્રથમ સ્થળે જ ધામો નાખી બેઠા હતા...

"કાકાજી...પણ આવાં બીજાં સ્થળો પણ હશેને?"

મુખીકાકાએ મૂંગું સ્મિત વેરી ચર્ચાનો ઘડો-લાડવો કરી નાખ્યો.

એ રાત્રે નંદદાસને ઊંઘ નહોતી આવતી. ધર્મશાળામાં ફાટલીતૂટલી ગોદડી પર ટૂંટિયું વાળીને સૂતા હતા, પણ માંકડ અને મચ્છર એને સુખે ઊંઘવા નહોતા દેતા. મચ્છર અને માંકડ કરતાંય નંદદાસને એમનો "માંયલો" સુખેથી જંપવા દેતો નહોતો.

અંતરમાં એક જ રટણ ચાલ્યા કરતું હતું: દ્વારિકાધીશનાં દર્શનનું. પંથ ઘણો લાંબો હતો અને મુખીકાકા નિરાંતમાં હતા. એમની નિરાંતને વળગીને એ એમની સાથે પડ્યા રહેશે તો કોને ખબર ક્યારે દ્વારિકાધીશનાં દર્શનને એ પામશે!

દિલ્હી દરવાજાની દોઢીએથી રાતના એકના ડંકા રણક્યા. મનોમન કશોક નિર્ણય કરતા એ ચૂપચાપ એમની મેલીઘેલી ગોદડીમાંથી ઊભા થઈ ગયા. ઘેઘૂર અંધકાર ચારેબાજુ છવાયેલો હતો. બાજુમાં જ મુખીકાકા સૂતા હતા. મુખીકાકાને મોટાભાઈ તુલસીદાસે નંદદાસનું ખાસ ધ્યાન રાખવાનું કહ્યું હતું, એટલે એ નંદદાસને એમની સાથે જ રાખતા... જમવામાં નંદદાસની પાતળ મુખીકાકાની બાજુમાં પડે અને રાત્રે સૂવાની પથારી પણ એની બાજુમાં જ હોય.

નંદદાસે આંખો ફાડીને અંધકાર ઉલેચવાનો પ્રયત્ન કરી જોયો. બાજુમાં મુખીકાકા નિરાંતે ઊંઘતા હતા. એમણે ખૂણામાં પડેલું પોટલું ઉપાડ્યું અને ઝડપથી ધર્મશાળાની અંધારી ઓરડીમાંથી બહાર નીકળી ગયા. મુખ્ય દરવાજે ઝોકાં ખાતા ચોકીદારે પડકાર્યા, પરંતુ "મારે બેચાર કપડાં ધોવાં છે, તો જમુનાતટ પર જાઉં છું" - કહી એ દરવાજાની બહાર નીકળી ગયા... ધીમેધીમે શહેરની બજાર વટાવી નંદદાસનો મુક્તાત્મા હવે પ્રસન્નતા અનુભવતો પશ્ચિમની દિશામાં ચાલી નીકળ્યો. દ્વારિકાનગરી ભારતદેશની પશ્ચિમ દિશામાં આવેલી હતી, એટલી એમને ખબર હતી.

આકાશમાં શુક્લપક્ષનો પૂનમનો ચન્દ્રમા પૂરબહારમાં ખીલ્યો હતો. મંદમંદ પવન વાઈ રહ્યો હતો. રસ્તામાં જુદીજુદી દિશામાંથી શિયાળવાંની લાળી સંભળાતી હતી, તો વળી ક્યારેક ખડખડપાંચમ રસ્તાની બાજુમાં આવેલી ઝાડીમાંથી મોરના ટહુકા, કાબરનો કલબલાટ અને કોયલનું કૂજન સંભળાતાં હૈયુ આનંદથી ભરાઈ જતું હતું.

નંદદાસ આમેય કવિજીવ હતા, પ્રકૃતિના પ્રેમી હતા. અંતરમાંથી અવારનવાર કાવ્યનાં ઝરણાંઓ આપોઆપ ફૂટતાં રહેતાં હતાં. ધરતી અને આસમાનની પ્રકૃતિલીલા માણતા...મનમાં શ્રીકૃષ્ણ કનૈયાનું ધ્યાન ધરતા, કાનુડાની બાળલીલાના અંતરમાંથી સ્ફુરે એવાં સ્વરચિત પદો ગાતા-ગાતા અનેરા ઉત્સાહ સાથે એ પશ્ચિમ દિશામાં આગળ

વચ્ચે જતા હતા. સવાર પડતાં રસ્તામાં વ્રજભોમકાના ગોપબાળકોને પગે ચાલીને, આખો દેહ ધરતી પર ઢાળી દંડવતી યાત્રા કરતા વૈષ્ણવોના સમૂહને "જય શ્રીકૃષ્ણ...જય મહાદેવ, જય દીનબંધુ" જેવા શબ્દોથી નવાજતા હસતા રમતા એ આગળ જતા હતા ત્યાં એક રળિયામણું નગર દેખાયું.

નગરને પાદર પીપળા પાસે રાધાકૃષ્ણનું સરસ મજાનું મંદિર હતું... મંદિરને અડીને સરિતાનો જલપ્રવાહ વહેતો હતો. નદીકિનારે લીસા પથ્થરો પર કપડાં ધોતી યુવતીઓ સરસ મજાનાં પદો ગાતી હતી. નમણા ચહેરા, આકર્ષક દેહયષ્ટિ અને મધુર કંઠથી શોભતી નમણી નારના વૃંદ પાસે નંદદાસ પહોંચ્યા...અને હળવા સ્વરે પૂછ્યું :

"બેના...આ નગરનું નામ શું છે? કાલ રાતનો મથુરાથી દ્વારિકા જવા નીકળ્યો છું... મારા દ્વારિકાધીશનું ધામ અહીંથી કેટલું દૂર?"

"ભાઈ...આ નગરનું ગામ તો સિંહનદ છે. દ્વારિકા તો હજી ખૂબ દૂર છે... પગે ચાલીને તો ભગવાન જાણે તમે ક્યારે પહોંચશો...અહીંયાંથી બે-ચાર-પાંચ દિવસે ગાડાંઓ યાત્રાળુઓને લઈને જાય છે, તો તમે એમાં બેસી જજો." યુવાન રૂપાળા નંદદાસ પર મીઠી નજર નાખતી એક ષોડશી કન્યાએ એની ત્રાંબાની હેલ નદીના જલમાં ડુબાડતાં કહ્યું.

"સારું...સારું...બેના...અહીં રહેવા માટેની ધર્મશાળા જેવું કાંઈ હશે? રાતવાસો કરીને જ કાલ-પરમદિ ગાડાં જતાં હોય તો એમાં બેસી ચાલી નીકળીશ." નંદદાસે કહ્યું.

"હા...ગામમાં જાઓ..." - કહેતી નમણી નાર માથે હેલ ચડાવતી ગામ ભણી ચાલી નીકળી.

નંદદાસે નદીની વેકુરમાંના ખોદેલા વીંકળામાંથી બે હાથની અંજલિ કરી પાણી આંખો પર છાંટ્યું. આખી રાતના ચાલવાના અને ઉજાગરાના થાકથી શરીર કળતું હતું. નદીના એકાંત પટમાં જઈ, એમણે સ્નાનાદિક કાર્ય પૂર્ણ કર્યું અને ગામના ગોંદરે આવેલી ગૌશાળામાં પ્રવેશ કરતાં...

"જય શ્રીકૃષ્ણ... જય સિયારામ..." કરતાં ખાટલી પર બેઠેલા એક બુઝર્ગ ભાભાને નંદદાસે વિવેક સાથે બોલાવ્યા.

"કુણ સો ભાઈ? ક્યાંથી આવ્યા?" - ભાભાએ અજાણ્યા માણસને ગૌશાળામાં પ્રવેશતો જોઈ પૂછ્યું..

"બાપા...રહેવું તો સૌરમજી પાસેના રામપુરમાં...તુલસીદાસજીનું નામ સાંભળ્યું છ, બાપા?" નંદદાસે ઓળખાણ પાર પાડવા મોટાભાઈનું નામ લીધું. નંદદાસને પેટમાં ભૂખ સખત લાગી હતી...નવું ગામ...નવા લોકો...અને પેટમાં ભૂખ...ભોજનાદિ માટે કાંઈક તો પ્રબંધ કરવો રહ્યો.

નદીકિનારેથી ગામ તરફ જતાં રસ્તામાં ગૌશાળા જોતાં જ દૂધપાણીની કાંઈક વ્યવસ્થા થઈ જાય એવી આશા સાથે એણે ગૌશાળામાં પ્રવેશ કર્યો હતો.

"અરે, સંત તુલસીદાસ...રામભક્ત તુલસીદાસ કે?..અરે ભાઈ... એમના જેવા સંત-માત્માને કોણ ન ઓળખે? તે તમે એમના ગામના?"

"હું એમનો નાનોભાઈ છું, બાપા...મારું નામ નંદદાસ."

"શું વાત કરો છો?"

અને "બાપા" નંદદાસ પર વરસી ગયા.

"અરે બાપલા...તંઈ તમે તો અમારા મહેમાન કહેવાવ..."

નંદદાસનું શેડકઢા દૂધથી સ્વાગત કર્યું...નંદદાસ બે લોટા દૂધના ગટગટાવી ગયા. શરીરમાં ચૈતન્યનો ફુવારો ઊડ્યો. તાજામાજા નંદદાસે એમનું પોટલુ હાથમાં લીધું, વડીલ યજમાનને પગે લાગ્યા...

"બાપા...રાતવાસો કરીને કાલે તો નીકળવું છે - મારા દ્વારિકાધીશના ધામમાં...કોઈ ગાડાં જતાં હોય તો કહેજો."

"હોવે મારા બાપલા...તીરથ કરવા નીકળેલા યાત્રાળુ અમારે ગામ ક્યાંથી... રાતવાસો કરવા ઘરના દરવાજા ખુલ્લા જ છે, ભગત...હાલ્યા આવજો તમ તમારે... અને રોંઢા ટાણેય આવી પહોંચશો તો આનંદ થશે.. આ ગામમાં દાખલ થતાં જ જમણી બાજુ શંકરદાદાનું શિવાલય છે...એના ઓટલાની સામે ગજરાસિંઘ ચાવડાની હવેલી છે, એની અડોઅડ આ બેચરબાપાનું ઘર છે... નાના છોકરાનેય બેચરબાપાની ડેલી ક્યાં આવી એમ પૂછશો તો લઈ આવશે આપણે ખોરડે, બાપલા!"

"બાપા...તમારો ગણ નહીં ભૂલું...લ્યો ત્યારે રામેરામ... જયશ્રીકૃષ્ણ..." કહેતા નંદદાસ ગામ તરફ આગળ વધ્યા.

ગામ રળિયામણું હતું. જૂના જમાનાના કિલ્લાની અંદર ગામ વસેલું હતું. સિંહનદ એનું નામ... ગઢના તોતિંગ દરવાજા અડીખમ ઊભા હતા. દરવાજાની બન્ને બાજુ આરસપહાણનાં સિંહનાં બે પૂતળાં ખડાં હતાં... અને એનાથી ગઢની શોભા વધી જતી હતી.

નંદદાસે ગઢમાંથી ગામમાં પ્રવેશ કર્યો અને શંકર ભગવાનનું ભવ્ય મંદિર નજરે પડ્યું. મંદિરના મુખ્યદ્વાર પાસે પીપળાનું તોતિંગ વૃક્ષ હતું અને વૃક્ષના થડને ઘેરીને ચોતરો હતો. નંદદાસ શિવાલયમાં પ્રવેશ્યા... શંકર ભગવાનનાં દર્શન કરી, પીપળાને ઘેરીને બનાવેલા ચોતરા પાસે ગયા. હાથમાંનું પોટલું ચોતરા પર મૂક્યું.. આજુબાજુ નજર ફેરવી. મંદિરની સામે જ પેલા ભાભાએ કહેલી ભવ્ય હવેલી હતી. હવેલીની ભીંતો પર રંગબેરંગી પુષ્પો, ફળો, ઇત્યાદિનાં દોરેલાં ચિત્રો હતાં. વિશાળ કલાત્મક દરવાજો બંધ હતો. એની નજર ઘૂમતી-ઘૂમતી અધ્ધર ઊંચકાઈ... રૂપરૂપના અંબાર સમી એક સૌંદર્યમૂર્તિ ગવાક્ષમાં ઊભી ઊભી એની લાંબી વાળની લટને હીરાજડિત કાંસકાથી સંવારતી હતી...નંદદાસ યુવતીના ચહેરા પર રમતા સ્મિતને...એના રૂપાળા ગાલમાં પડતાં ખંજનને...એના દેહ પર વિસ્તરેલી સમગ્ર રૂપરાશિને બસ જોતા જ રહ્યા.... જોતા જ રહ્યા.

૩. સૌન્દર્યઘેલા નંદદાસ ગોકુલ પહોંચ્યા

"અરે ભાયા... આમ જડવત્ બની શું જુઓ છો?" -

શંકરના મંદિરના ચોતરા પર ઊભાં-ઊભાં નંદદાસને ડોક ઊંચી કરીને ગવાક્ષમાં ઊભી-ઊભી. માથાબોળ નાહીને હીરાજડિત કાંસકાથી બેધ્યાનપણે વાળ સંવારતી ધરતી પર ઊતરી આવેલી અપ્સરા સમી લાવણ્યવતી સુંદરીને એકીટશે જોતા નિહાળી, મંદિરમાંથી દર્શન કરી બહાર નીકળેલો એક યુવાન બોલાવી રહ્યો હતો.

"હેં...હેં...શું...શું?" - નંદદાસ ચમકીને વિહ્‌વળ થતા બોલી ઊઠ્યા.

"પરદેશી લાગો છો?" યુવાને પૂછ્યું.

"હા..હા...પરદેશી..દેશી..પરદેશી...." નંદદાસે ગાંડોઘેલો જવાબ યુવાનને આપ્યો...અને ફરી ગવાક્ષમાં ઊભેલી રસ્તા પર નજર કરતી યુવતી સામે બાઘાની જેમ નંદદાસ જોઈ રહ્યા. નંદદાસની આંખોમાં ઘેલછા, અંતરમાં રૂપરાશિ માટેનો અહોભાવ, ચહેરા પર પ્રસન્ન વ્યાકુળતા અને સમગ્ર અંગમાં ન સમજાય એવી ઝણઝણાટી પ્રસરી ગઈ હતી...

"કોઈક ચક્રમ ઘેલો લાગે છે..." કહેતો યુવાન રસ્તે પડ્યો..

બરોબર એ જ વખતે ગવાક્ષમાં બીજી યૌવનાએ દેખા દીધા. બીજી યૌવના કંઈક અસ્તવ્યસ્ત હતી. બેબાકળી બનીને ગવાક્ષમાં કાંસકાથી વાળ સમારતી રૂપાંગનાને - નંદદાસને લાગ્યું, એની સામે અંગુલિનિર્દેશ કરતી કાંઈક કહી રહી હતી.. અને હજી તો બીજી યુવતી કાંઈ પણ કહેવાનું પૂરું કરે ત્યાં તો પેલી યુવતી ગભરાઈને ઝડપથી અંદરના ખંડમાં ચાલી ગઈ અને ધડાક્ કરતું બારણું બંધ કરી દીધું.

"અરે... અરે..." ભોળિયા નંદદાસ બબડતા રહ્યા.

શિવાલયમાંથી ઘંટનાદ કાને પડ્યો.

"જય...શંભો...જય શંભો....જય શંભો!"ના અવાજ નંદદાસને કાને પડ્યા. એ ઝડપથી મંદિરમાં ધૂસ્યા... શિવલિંગને બીલીપત્ર ચડાવ્યાં. આવડી એવી સ્તુતિ યંત્રવત્ કરી. જીવને ચેન પડતું નહોતું. આંખો સામેથી પેલી નમણી નાર...એનો કેશકલાપ, એની ભ્રૂકુટિ, એનો નમણો ચહેરો, ચંદનની મહેક પ્રસરાવતી કોમળ કાયા, નેત્રકટાક્ષ, સુડોળ દેહયષ્ટિ...ખસતાં નહોતાં. અંતરમાં વીજળીનો ચમકારો વેરતી આંખો સામેથી ખરી પડી હતી.

નંદદાસ શિવજીને નમન કરી, ચોતરા પર આવીને ઊભા રહ્યા. આંખો સામેના ગવાક્ષના બંધ દ્વાર પર સ્થિર કરી, અને એકીટશે ગવાક્ષનું દ્વાર ખૂલવાની પ્રતીક્ષા કરતા ચોતરા પર એમના ખભા પરનું અંગરખું પાથરીને બેઠા...

કલાક... બે... કલાક....ત્રણ કલાક... દ્વાર બંધ...પણ નંદદાસના હૈયાનાં કમાડ

ખૂલી ગયાં હતાં. અંતરથી એ સામેની હવેલીમાં અદૃશ્ય થઈ ગયેલી યૌવનાની પ્રતીક્ષા કરતા ધૂણી ધખાવીને ચોતરા પર જમાવીને બેઠા હતા.

ઓચિંતો એમની આંખમાં ચમકારો થયો.

સામેની વિશાળ હવેલીનું દ્વાર ખૂલ્યું.

નંદદાસે એમની આતુર આંખોને ખૂલતા દ્વાર પર સ્થિર કરી. આનંદથી એમનું હૈયું ધડકી ઊઠ્યું. એ ચોતરા પરથી ઊભા થઈ ગયા... પરંતુ બીજી જ ક્ષણે હવેલીની ડેલીમાંથી કુબ્જા જેવી દાસી બહાર નીકળી. નંદદાસ એને ઓળખી ગયા... આ એ જ ઔરત હતી, જે ત્રણ કલાક પહેલાં સવારના પહોરમાં ગવાક્ષમાં ઊભેલી યુવતીને એનાથી સાવધાન કરતી...અંદરના ખંડમાં લઈ ગઈ હતી, અને પછી ગવાક્ષનાં બારણાં બંધ કરી દીધાં હતાં. નંદદાસે જોયું તો પેલી દાસી એમની તરફ આવી રહી હતી...

નંદદાસના મનમાં તરંગ ઊઠ્યો...

આ "કુબ્જા દાસી" દ્વારા જ હવેલીની મલ્લિકા સુધી પહોંચી જવાય તો કેવું? એ સ્વસ્થ થઈ ગયા...

"સાંભળો છો કે?" નંદદાસે એમના તરફ આવતી યુવતીને લલકારી.

પેલી યુવતીએ આંખના ઉલાળ સાથે નંદદાસ પાસે જઈ સ્મિત સાથે મધુર અવાજે પૂછ્યું:

"આપે મને બોલાવી?" -

"હા, સુંદરી..." નંદદાસ સ્વભાવે રસિક હતા. આ ક્ષણોમાં એમનું લક્ષ્ય "કુબ્જા"ને "સુંદરી" કહી... એમના હૃદયમાં મૂર્તિમંત થયેલી સાચી "સુંદરી" સુધી પહોંચવાનું હતું...ગરજે ગધેડાને બાપ કહી શકાય તો "કુબ્જા"ને "સુંદરી" શા માટે ન કહી શકાય?

"તમે મને..." - "કુબ્જા સુંદરી" શરમાઈને નીચું જોઈ ગઈ...

"હા, સૌંદર્યની દેવી... તમે ખરેખર રૂપાળાં છો.. તમે... સામેની હવેલીમાં રહો છો?"

"હા, કેમ?"

"એ હવેલી કોની - તમારી છે?"

"અમારા શેઠ ગજરાસિંઘ ચાવડાની હવેલી છે...હું તો અમારા શેઠની યુવાન પુત્રવધૂની દાસી છું." દાસી બોલી. -

"કોણ... પેલાં સવારે ગવાક્ષમાં ઊભાં હતાં તેની?"

"હા...તમે પણ ખરા છો.. પરદેશી યુવાન.. રૂપાળી સ્ત્રીઓના શરીરસૌંદર્યનું રસપાન કરતા રસિક જીવ લાગો છો." દાસી નેત્રકટાક્ષ કરતી બોલી.

"આપનું અનુમાન આપણા પરિચયથી તમને સાર્થક - સાચું લાગ્યું છે કે શું?"

"હા.....હું પણ એક સૌંદર્યવતી યુવતી છું એનું ભાન પરદેશી યુવાન તમે જ મને કરાવ્યું...હું ધન્ય...ધન્ય થઈ ગઈ!" દાસી ઉમંગભેર બોલી ઊઠી. નંદદાસ પ્રેમકલાના પાવરધા ખેલાડી હતા. રામપુર ગામની અનેક યૌવના એમની રૂપાળી કાયા અને મોહક વાણીમાં પાગલ થઈને એમની આગળપાછળ ઘૂમતી હતી...

"હું સુંદરતાનો પૂજારી છું... પ્રકૃતિનો પૂજક છું... વિશ્વમાં વેરાયેલાં સૌંદર્ય-બિંદુઓને એકત્રિત કરી ભેગાં કરીને હું મારા દ્વારિકાધીશનાં ચરણોમાં ધરી દેતો ભાવક છું."

"સરસ...સરસ... તમારી દૃષ્ટિમાં પવિત્રતાનો ભાવ છલકે છે. તમારી રસરસેશ્વર શ્રીકૃષ્ણના ચરણે બધું જ સમર્પિત કરવાની ભાવના દાદ માગી લે છે."

"તમારા શેઠની હવેલીમાં કોણ-કોણ રહે છે?"

"બહુ જ નાનું કુટુંબ છે. અમારા ગજરાસિંઘ શેઠ, શેઠાણી, એમનો પરદેશ વસતો એકનો એક પુત્ર અને થોડા સમય પહેલાં તમે ગવાક્ષમાં જોયેલાં, હજી થોડા મહિના પહેલાં જ ધામધૂમથી પરણીને આવેલાં શેઠનાં પુત્રવધૂ!"

"અચ્છા...શેઠનો વેપાર તો ધમધોકાર ચાલતો હશે, નહીં?"

"સાતેય સમંદરમાં શેઠનાં વહાણો ઘૂમતાં રહે છે. દીકરો પરદેશમાં ફર્યા કરતો રહે છે."

"અચ્છા...તમે હવે તો મારાં સાવ નિકટનાં થઈ ગયાં છો. તમારો સ્વભાવ સરળ છે... યૌવનની ભરતી તમારી કમનીય કાયા પર ઊછળે છે. તમે મારું એક કામ કરશો?"

"જરૂર, પરદેશી... મને તમારી વાણીની મધુરતા, સૌંદર્યને પારખવાની દૃષ્ટિ અને સામા માણસને પોતાનું કરી લેવાની કલા ગમે છે. તમે આજ્ઞા કરો, દાસી તમારી કામના પૂરી કરશે." દાસી હોંશમાં આવી બોલી. ચતુર નંદદાસને થયું કે "દ્વારિકા" દૂર છો રહ્યું.."દિલ્હી" દૂર નથી. એમણે પાથરેલી જાળમાં દાસી ફસાતી જતી હતી.

"તમે મને તમારી છોટી શેઠાણીનો મેળાપ કરાવી આપશો?" નંદદાસે ધીમેકથી "પદક" મૂક્યું.

"શું..શું..શું.." દાસી ચમકીને ઊછળી પડી... અને બીજી જ ક્ષણે સાવધાન થતી હવેલીમાં ઘૂસી ગઈ...

નંદદાસની રમત ખુલ્લી પડી ગઈ હતી..

એમના મનના મનોરથ પ્રગટ થઈ ગયા હતા..

હવેલીની ડેલીનાં દ્વાર જડબેસલાક બંધ થઈ ગયાં, ગવાક્ષના દ્વાર પણ બંધ થઈ ગયાં હવેલીની ડેલીનું બારણું હવે અર્ધું જ ખૂલતું. "ડોકાબારી"માંથી માણસની અવરજવર થયા કરતી...

નંદદાસ ખાધાપીધા વગરના હવેલીના ગવાક્ષના બંધ દ્વાર સામે એકીટશે જોઈ રહે છે. એમની આંખોમાં ફક્ત નારીદેહ પર ખીલેલા સૌંદર્યનું રસપાન કરવાનો ભાવ ટમટમ્યા કરે છે.

“વાહ...મારા કાનુડા...શું બાકી લીલા કરી છે! શું માનવ મનેખના ચહેરામહોરા બાકી બનાવ્યા છે! તું રૂપનો સાગર, સુંદરતાનો મણિધર, નટખટ નંદકિશોર - રસાત્મક ભાવોનું જીવંત પ્રતીક છો.. હવેલીની ‘પુત્રવધૂ’માં મારે તો, વહાલા, તારામાંના સૌંદર્યનું જ પાન કરવું છે. બસ ગિરધર ગોપાલ.. હવેલીમાં વસતી રસમૂર્તિનાં દર્શનની મારી મન:કામના જ્યાં સુધી પૂરી નહીં થાય ત્યાં સુધી હું અન્નનો દાણો પણ મોઢામાં નહીં મૂકું.”

નંદદાસે હઠ પકડી.

એક...બે...ત્રણ..ચાર... એમ કરતાં સાતસાત દિવસનાં વહાણાં વીતી ગયાં. નંદદાસ હવેલીમાં બિરાજતી “રૂપરમણી”ના દર્શનની હઠ છોડતા નહોતા.

નાનકડા સિંહનદમાં હાહાકાર થઈ ગયો. ચોરે ને ચૌટે વાતો થવા માંડી. ક્ષત્રિય પરિવાર મૂંઝવણમાં મુકાઈ ગયો.

પેલી દાસી ઘરની વહુને ખૂણામાં લઈ જઈને રોજ એકની એક વાત કહેતી રહે:

“વહુરાણી... આ મંદિરના ઓટલે બેઠેલો નંદદાસ તમારા રૂપ પાછળ દીવાનો બન્યો છે. એ દિવસે અજાણતાં જ તમે ગવાક્ષમાં વાળ ઓળતાં હતાં ત્યારે એની નજર તમારા રૂપાળા ચહેરા પર પડી છે અને એ સાનભાન અને વિવેક ગુમાવી, તમારા મિલનની ઝંખનાનાં ગાણાં જ ગાતો રહે છે.”

“હું શું એટલી રૂપાળી છું?” ભોળાભાવે વહુ સવાલ કરે છે.

“છોસ્તો...નહીં તો અમસ્તો બ્રાહ્મણનો દીકરો અનશન પર ઊતરી એનો જાન જોખમમાં મૂકે? એની ઇચ્છા ફક્ત તમારાં મુખદર્શનની જ છે. બિચારો બ્રાહ્મણ ભૂખનો માર્યો મરી જશે તો બ્રહ્મહત્યાનું પાપ તમને લાગશે.”

“હાય મા! હવે શું થાય?” ગભરાઈને ક્ષત્રિયકન્યા બોલી ઊઠી.

“થાય શું... ગવાક્ષમાં જઈ અલપઝલપ દર્શન આપી આવો.”

“ના રે... ક્ષત્રિય કુટુંબની કુળપરંપરા રાખવી એ મારો ગૃહસ્થી ધર્મ છે. હું મારા રૂપનું પ્રદર્શન અજાણ્યા માણસો આગળ નહીં કરું... તું એને જોઈએ તેટલા પૈસા આપીને આ મંદિરના ઓટલેથી કાઢ...”

દાસી થેલો ભરીને અશરફીઓ લઈને નંદદાસ પાસે ગઈ. નંદદાસ થેલીને સાભાર પાછી મોકલતાં સંદેશો કહેવરાવે છે...

“દેવી...હું તો તમારા રૂપની પૂનમનો પાગલ છું... તમારું સૌંદર્ય પવિત્ર છે.. મારા કાનુડાની રાધા જેવું છે...મારા વહાલાને સમર્પિત કરવા જેવું છે... મને તળાવે લાવીને તરસ્યો ન રાખો!”

રૂપસુંદરી આગળ રોજ પેલી દાસીએ નંદદાસની ક્ષીણ થતી જતી કાયા, એનો વિરહ, તડપન, જીદ અને ઉપવાસના કારણે કોઈપણ ઘડીએ કાંઈ પણ ન બનવાનું બની જાય તો બ્રહ્મહત્યા લાગી જવાનો ડર બતાવતાં રૂપસુંદરી અકળાઈને અલપઝલપ "ગવાક્ષ"માં આવીને ઊભી રહીને ગઈ. નંદદાસજી રૂપપસુંદરીને જોતાં જ હર્ષાન્વિત થઈ સાનભાન ગુમાવી નાચવા માંડ્યા.

સિંહનદ ગામના લોકોને તો આ એક જોણું થઈ ગયું. ગામના લોકો આવતાં-જતાં ટોળે વળીને ક્ષત્રિયપરિવારની ટીકા કરતા અને નંદદાસની ઠઠ્ઠા-મશ્કરી કરતા. લોકોની ટીકાથી અકળાયેલી યુવતીએ એનાં સાસુ-સસરાને રડતાં રડતાં એની લાચાર પરિસ્થિતિનું વર્ણન કરતાં કહ્યું:

"શ્વસુરજી...મારું મન ગંગા જેવું પવિતર છે - તો ઓટલા પર અડીંગો જમાવીને બેઠેલા યુવાનના અંતરમાં પણ પાપનો છાંટોય નથી. ધૂની કવિ જેવા લાગતા આ યુવાનને મારા દૈહિક સૌંદર્યની ક્ષણભંગુરતાનો ખ્યાલ કરાવી, આ કાચી માટીના કોડિયાની નિરર્થકતાની ઓળખ આપી, આત્માના સૌંદર્યની... આ શરીરમાં વસતા આતમરામની પિછાન કરાવી દે, તો એનો બેડો પાર થઈ જાય અને મારો છુટકારો થઈ જાય."

"બેટા...આ ચંચલ યુવાનીના પૂરબહારમાં ખીલેલા યૌવનના દિવસોમાં શીલ, સંસ્કાર અને સ્વચ્છ હૃદયની પવિત્ર ભાવનાનાં દર્શન આટલી નાની ઉંમરે તેં કરાવ્યાં એ બદલ અમને ગૌરવ છે. તારી વાત સાવ જ સાચી છે. આ કોઈ પૂર્વજન્મનો ભટકતો વાસનાગ્રસ્ત આત્મા લાગે છે. તારી વાત પર કાંઈક વિચાર કરવો પડશે." શ્વસુરજી બોલ્યા.

"અરે, મને એક વિચાર આવે છે." વૃદ્ધ સાસુજી બોલ્યાં.

"શો વિચાર આવે છે, ભાગ્યવાન?"

"પ્રાણીમાત્ર શ્રીજીની કૃપાને પાત્ર છે. શિવાલયના ચોતરે બેઠેલો બ્રાહ્મણ હૃદયનો સાફ લાગે છે. એની આંખોમાં એવા કોઈ મલિન ભાવ નથી. એ સુંદરતાનો પ્રેમી લાગે છે. અને એ પ્રેમી પણ કેવો? જ્યાં જ્યાં સૌંદર્યનું દર્શન કરે છે... એ સૌંદર્યને એના કૃષ્ણ કનૈયાને સમર્પિત કરવાના મનોરથ સાથેની એની દૃષ્ટિ છે." સાસુજી બોલ્યાં.

"હા, પણ કાંઈક રસ્તો તો કાઢવો જ પડશે. મારાથી હવે બદનામી નથી સહેવાતી..." પુત્રવધૂ બોલી.

"બેટી...આપણે ઘણા સમયથી વ્રજયાત્રાએ ગયાં નથી. ગોકુલની ગલી સાંવરીમાં વિહાર કરવા - શ્રી વલ્લભનંદનને શરણે પહોંચી જઈએ.. આપણા પર આવેલી આપત્તિનો એ ઉકેલ જરૂર લાવશે." સસરાજીએ ઉકેલ શોધી કાઢ્યો.

સમસ્ત પરિવાર વડીલના સૂચન પર વારી ગયો... અને બીજા દિવસની રાત્રીએ

- અંધકારની આડશમાં - ગાડામાં બેસીને બધાં ગામ બહાર નીકળી ગોકુલની દિશામાં નીકળી પડ્યાં...

વહેલી સવારે નંદદાસ જાગ્યા... નિત્યકર્મથી પરવારીને એ શિવાલયમાં શંકર ભગવાનનાં દર્શન કરી - એમની ટેવ પ્રમાણે હવેલીના ગવાક્ષ સામેના ચોતરા પર બેસી દ્વાર ખૂલવાની રાહ જોતા બેસી ગયા...

સાંજ પડી ગઈ પણ બારી ખૂલી જ નહીં. એ નિરાશ થઈ ગયા. આજે તો પેલી દાસી પણ હવેલીમાંથી બહાર નીકળતી દેખાઈ નહોતી. નંદદાસની વ્યાકુળતા વધી ગઈ. ચોતરા પરથી ઊભા થઈ એ હવેલી તરફ ગયા... અને એમના આશ્ચર્ય વચ્ચે દરવાજા પર બે ખંભાતી તાળાં લટકતાં હતાં. એમને આઘાત લાગ્યો. એ બેબાકળા બની રસ્તા પર દોડ્યા.

"અરે, કવિરાજ, ક્યાં દોડ્યા જાઓ છો?"

નંદદાસ રસ્તા વચ્ચે અટકી ગયા. અવાજની દિશામાં નજર કરી તો પેલી "કુબ્જા દાસી" હસતી હસતી એમને બોલાવી રહી હતી.

"અરે સુંદરી...સારું થયું તું મળી ગઈ... મને કહે, મારી સ્વપ્નમૂર્તિ ક્યાં ચાલી ગઈ?"

"મને શું ખબર, કવિરાજ!" લુચ્ચું સ્મિત વેરતી "કુબ્જા" દાસી બોલી.

"સુંદરી, તું મને તડપાવ ના... મારાં રોમેરોમ તૂટી રહ્યાં છે. મારી દિલની ધડકન વધી ગઈ છે...ક્યાં ચાલી ગઈ મારી સૌંદર્યમૂર્તિ..."

"કવિરાજ... સાંભળ્યું છે કે સમગ્ર પરિવાર વ્રજભૂમિની યાત્રાએ જવા નીકળ્યો છે."

"વ્રજયાત્રાએ? આ વળી વ્રજ ક્યાં આવ્યું?" અબુધ નંદદાસ બોલી ઊઠ્યા.

"લે, વ્રજ ખબર નથી? હિંદુ છો કે કોણ?"

"કેમ-કેમ વ્રજ... એટલે તો... એટલે તો મથુરામંડળ... જ ને? જ્યાં ભગવાન કૃષ્ણે એમની બાળલીલા ગોકુલ, વૃંદાવન, ગોવર્ધનમાં કરી હતી..." નંદદાસ યાદ આવતાં બોલ્યા.

"હા, કવિરાજ...સારું યાદ આવી ગયું...તમારી સ્વપ્નમૂર્તિ તો ગોકુલમાં ગઈ છે..."

"ખરેખર...?"

"હા.. તમારે મળવું હોય તો ગોકુળ પહોંચો. અહીં આવતાં તો એને ખાસ્સો સમય થઈ જશે." "કુબ્જા દાસી" બોલી.

નંદદાસે એક નજર પશ્ચિમના આકાશ તરફ નાખી. સૂરજ ઢળતો હતો. ધીમે ધીમે અંધકારના ઓળા અવની પર પથરાતા જતા હતા.

"સુંદરી...અહીંથી વ્રજભૂમિ કેટલીક દૂર હશે?"

"ગાડા રસ્તે બે દિવસ લાગે..." "કુબ્જા દાસી" બોલી.

"તો...તો..." નંદદાસ આગળ બોલે એ પહેલાં જ ગૌશાળા તરફથી શણગારેલાં બે ગાડાં... એમના તરફ આવી રહ્યાં હતાં..

"કવિરાજ... આ બેચરબાપાના ડાલામથ્થા સાવઝ જેવા શણગારેલા બળદો જોડેલાં ગાડાં આવે છે."

"અરે, બેચરબાપા...આમ જાતરાએ હાલ્યા કે શું?" દાસી બોલી.

એ શિવાલય પાસે બન્ને ગાડાં ઊભાં રાખી, યુવાનને પણ શરમાવે એવી સ્ફૂર્તિથી કૂદકો મારી નીચે ઊતરેલા બેચરબાપાને પૂછ્યું.

"હોવે... અલ્યા નંદદાસજી.. તમે હજી ગામનો કેડો છોડ્યો નથી, બાપલા... એ હાલો મંદિરમાં, આપણા ભોળા શિવશંભુદાદાને પગે લાગો એટલે બધાં સારાં વાનાં થઈ જાય." - બેચરબાપાએ નંદદાસને જોતાં કહ્યું.

બેચરબાપા જમાનાના ખાધેલ, ગામના વડીલ અને જમાનાને ઘોળીને પી જનારા એવા બડકમદાર મરદ માણસ હતા. નાનકડા ગામના સાચા અર્થના મોભી હતા. નંદદાસને ગામમાં સૌથી પહેલો વહાલભર્યો આવકાર આપનારા બેચરબાપા હતા. નંદદાસે શિવાલયના ચોતરે જ ધામો નાખ્યો હતો એના સમાચાર એમને મળ્યા હતા. પરંતુ એના "ધામા" પાછળનું રહસ્ય જાણવા મળ્યું અને યુવાન નંદદાસ ગામના આબરૂદાર ધનિક ક્ષત્રિય પરિવારની પુત્રવધૂ પર એની કામુક નજરનો ગાળિયો નાખી, રાત-દી ચોતરા પર પડ્યોપાથર્યો રહે છે, એ સમાચારે એ વૃદ્ધ આદમીને ખળભળાવી મૂક્યો હતો. બેચરબાપા સામે ચાલીને બેત્રણ વખત નંદદાસને સમજાવવા, ફોસલાવવા અને ધમકાવવા આવી ગયા હતા અને છેલ્લે ચેતવણી પણ આપી ગયા હતા, પરંતુ દુનિયાની દૃષ્ટિએ મોહાંધ એવા નંદદાસ પર એની કાંઈ જ અસર નહોતી થઈ.

"બાપા...આપણા શિવશંભુને પગે લાગવા તો આવું, પણ તમે એક વાત કહેશો કે આ ગાડાં શણગારીને ઊપડ્યા ક્યાં?" નંદદાસે પૂછ્યું.

"આવવું છે...વ્રજમાં જઈએ છીએ..." બેચરબાપા બોલ્યા.

"ગોકુલ જવાના, બાપા?" નંદદાસે પૂછ્યું.

"ગોકુલ તો જવાનું જ હોયને..." બેચરબાપા બોલ્યા.

"એ બાપા... આ કવિરાજને તમારા ભેગા ગોકુલ લઈ જાઓ. ત્યાં એમના મનના માનીતા બધાય લોકો પહોંચ્યા છે." "કુબ્જાદાસી" બોલી - અને બેચરબાપાની સાથે બીજાં ચાર ગાડાંનો સંઘ ગામમાંથી નીકળ્યો... અને... નંદદાસ બાળકની જે કૂદકો મારી બેચરબાપાના ગાડામાં બેસી ગયા...ત્યાં તો...

“આંહીં નહીં...આંહીં નહીં... સામેના મરદોના ગાડામાં જાઓ.. આંહીં અમે બેનું-દીકરિયું ને વહુઆરુ - બધાં જ બૈરાંઓ બેસવાનાં છીએ...” - બેચરબાપાના એ ગાડાની સ્ત્રીઓ બૂમો પાડી ઊઠી..

અને નંદદાસ ભોંઠપ અનુભવતા મરદોના ગાડામાં જઈને બેઠા. અને બે રાત પછીની વહેલી સવારે બેચરબાપાનો સંઘ મથુરાના વિશ્રામઘાટે આવી પહોંચ્યો.

“બાપા... ગોકુલ હાલોને...” નંદદાસે ગોકુલને યાદ કર્યું.

“બે દી રહીને જાઈશું.”

“બાપા...મારાથી નહીં રોકાવાય... હું તો આ હાલ્યો...” કહેતા નંદદાસ યમુનાનદીના કાંઠેકાંઠે ગોકુળ તરફ જતા ગાડામાં બેસી ગયા અને ગોકુલગામના સામા કાંઠે ઊતર્યા. યમુનાજીના જલપ્રવાહમાં એક નાવ ઝોલાં ખાતી સામા કાંઠે જવા ઊપડવાની તૈયારી કરી રહી હતી. એમાં મુસાફરો ભરેલા હતા. નંદદાસ દોડીને નાવમાં બેસવા જતા હતા ત્યાં જ નાવમાંથી અવાજ ઊઠ્યો... “નૌકામાં આ ભાઈને નથી લેવાના... એની ખાલી પડેલી જગ્યાના પૈસા અમારી પાસેથી લઈ લ્યો..” નૌકામાં બેઠેલી સિંહનદની સૌંદર્યવતીનો અવાજ વાતાવરણમાં ફેલાઈ ગયો... હતાશ નંદદાસનો પગ નાવમાંથી હઠી જમીન પર આવી ગયો.

૪. શ્રીવલ્લભનંદના શરણે

સુસવાટા મારતા પવનની પાંખે તટ પરથી તીરની ગતિએ છૂટેલી નૌકા સડસડાટ કરતી સામા કાંઠાના ઠકુરાણીઘાટ પર આવીને નાંગરી. સિંહનદથી નંદદાસના ત્રાસથી નાસીને ગોકુલમાં આવેલા ક્ષત્રિય પરિવારની વિમાસણ વધી ગઈ. નંદદાસ એની "સૌંદર્યમૂર્તિ" પાછળ છેક ગોકુલ સુધી દોડી આવ્યા હતા.

નાવમાં ક્ષત્રિય પરિવારની પુત્રવધૂ રડી પડતી બોલી ઊઠી: "શ્વસુરજી... તમારો દીકરો પૈસો કમાવાની લાયમાં પરદેશ ફરતો રહે... તમારી અને સાસુજીની વૃદ્ધાવસ્થા.... ભેંકાર હવેલીનું મારા રૂપકડા શરીરને ચીંટિયા ભરતું એકાંત.... અંતરના આવાસમાં - પૂર્વજોના સંસ્કાર અને તપના કારણે - ઊછળતા ઉદ્રેક પર કાબૂ રાખી શકું છું... યુવાનીને બેફામ બનવા દેતી નથી. પરંતુ, શ્વસુરજી, ગમે તેમ તોય આ શરીર કાચી માટીનું કોડિયું કહેવાય. સતના તેલથી પુણ્યની સંસ્કારની જ્યોત ઝળહળતી આજસુધી રહી છે. પરંતુ કામ, ક્રોધ, લોભ, મોહ અને મત્સરના ઉછાળાથી ધીમેધીમે સંકોચાતી જતી પુણ્યની શગ પર આવેગનું આવરણ ફરી વળશે ત્યારે, શ્વસુરજી, મારું શું થશે?"

"બેટી જરાય ચિંતા ના કરતી... તારા હૈયાના બળાપાનો, ડરનો, ચિંતાનો માથા પરનો ટોપલો આ ગોકુલ ગામમાં બિરાજતા આપણા શ્રીવલ્લભનંદન - શ્રી ગુસાંઈજીનાં ચરણમાં પગે લાગતાં ધરી દેજે અને મનોમન પ્રાર્થના કરજે ખરા હૃદયથી... 'શ્રી વિઠ્ઠલ તમારે શરણ' - આપણા શ્રી વિઠ્ઠલનાથજી ગુરુદેવ ખૂબ જ કૃપાળુ છે. આપણા સૌના સદ્ભાગ્યે આપણને એમનું શરણ મળ્યું છે. અને આપણા કૃપાળુ રાહબરે-ગુરુદેવે આપણે જેવાં પણ છીએ તેવાં - આપણા ઇષ્ટદેવ શ્રી ગોવર્ધનનાથજી અને શ્રી નવનીતપ્રિયાજીને શરણે સૌને ધરી દીધાં છે આપણે એના ધામમાં, એના આશરે આવ્યાં છીએ. બેટી, નિશ્ચિંત થઈ જા. આંસુ લૂછી નાખ અને હસતા ચહેરે આપણા શ્રીગુસાંઈજીને દિલથી દંડવત્ કરજે. આપણા શ્રી વિઠ્ઠલેશ... લાડલેલાલ શ્રી ગોવર્ધન-નાથ બધાં સારાં વાનાં કરશે" - કહેતો પુત્રવધૂના માથે એનો પ્રેમાળ હાથ મૂકી અને ઠકુરાણીઘાટ પર ઊતર્યા. પાછળ પુત્રવધૂ ને સાસુ ઊતર્યાં.

સરસ વાતાવરણ હતું. પ્રભાતનો પ્હો ફાટતો હતો. પંખીઓનો મધુર કલરવ, વહેતી હવા, ખળખળ નર્તન કરતાં આગળ સરી રહેલાં જમુનાજલ ક્ષત્રિય પરિવારના હૈયે ટાઢક કરતાં આગળ વધી રહ્યાં હતાં.

ઠકરાણીઘાટ પર યમુનાપાન તેમજ સ્નાન કરી ક્ષત્રિય પરિવારનાં ત્રણેય સભ્યો બેઠકજીમાં પહોંચ્યાં ત્યારે શ્રીગુસાંઈજી શાંતચિત્તે ગાયત્રી-સંધ્યા કરવામાં મગ્ન હતા.

દંડવત્ કરી એક ખૂણામાં સાસુ-સસરા અને પુત્રવધૂ બેઠાં. ત્રણેય જણાં ચહેરા

પર કૃત્રિમ સ્વસ્થતા રાખવાનો પ્રયત્ન કરતાં હતાં. નંદદાસને જમુનાપાર ન ઉતારવાની બધા જ નૌકાવાળાને ના કહીને જ નહીં, પરંતુ એમને જમુનાપાર ન ઉતારવાનાં દામ દઈને પણ આવ્યાં હતાં. પરંતુ નંદદાસનું ભલું પૂછવું, તરીને સામે પાર પણ આવી જાય તો નવાઈ નહીં! સસરાજીને એમની પુત્રવધૂ પ્રત્યેની નંદદાસની આંધળી આસક્તિનો પરિચય હતો.. વળી આસપાસના ગામલોકો પાસેથી એમણે સાંભળ્યું હતું કે નંદદાસ સંત તુલસીદાસનો ભાઈ હતો - જેણે હિંદીની ખડી ભાષામાં માનસ રામાયણ જેવો મહાન ગ્રંથ લખ્યો હતો. આ તુલસીદાસજી પણ એક જમાનામાં નંદદાસ જેવા જ રસિક આત્મા હતા અને નવોઢા પત્નીને એને ગામ મળવા, મગરની પીઠ પર બેસી અંધારી રાત્રે નીકળી પડ્યા હતા. અને એ જ પત્નીના “મારા પર જેટલો પ્રેમ - મોહ રાખો છો એટલો પ્રેમ ભગવાન રામ પર રાખશો તો ભવસાગર તરી જનમજનમના ફેરામાંથી છૂટશો...” એ વાક્ય પર મોહના વાઘા ખંખેરી શ્રીરામના પરમ ભક્ત અને કવિ બની ગયા હતા. એમની પુત્રવધૂ સાચું જ કહેતી હતી કે “આ યુવાનને મારા દૈહિક સૌંદર્યની ક્ષણભંગુરતાનો ખ્યાલ કરાવી, આ કાચી માટીના કોડિયાની નિરર્થકતાની ઓળખ આપી, આત્માના સૌંદર્યની પિછાન કોઈ કરાવી દે તો બેડો પાર થઈ જાય...”

સસરાજીની નજર ધ્યાનસ્થ શ્રીગુસાંઈજી પર ગઈ. ધીમેધીમે એમનાં નેત્રકમલ ખૂલી રહ્યાં હતાં. ચહેરા પર સૌમ્ય સ્મિત, આંખોમાં કરુણાનો ભાવ, હૃદયમાંથી વહેતી પ્રેમધારા... અને અણુઅણુમાંથી ફોરતી શ્રી લાડલેલાલ અને શ્રી ગોવર્ધનનાથજીની મબલખ ભક્તિ...

“કૃપાનાથ...” કહેતાં સસરાજીએ શ્રીગુસાંઈજીને દંડવત્ કર્યા, એની પાછળ પાછળ સાસુ-વહુએ પણ દંડવત્ કર્યા.

“કૃપાનાથ... સિંહનદથી આવીએ છીએ.” ઉંમરલાયક સસરાજી નમ્રભાવે બોલ્યા.

“ઠાકોરજી ક્ષેમકુશળ?” હસતાં-હસતાં શ્રી વલ્લભનંદન બોલ્યા.

“આપની કૃપા છે, જે-જે... આપનાં દર્શને આવ્યાં હતાં.” પુત્રવધૂ બોલી. શ્રીગુસાંઈજીએ એક નજર ફૂલની કળીશી યુવતી પર કરી.

“મંગલાનાં દર્શન કરવા ચાલો...સમય થઈ ગયો છે. પછી બેઠકજીમાં ઝારી-ચરણસ્પર્શ કરી મુકામે આવો. પાતળ મુકામમાં લઈશું.” શ્રીગુસાંઈજી આજ્ઞા કરતાં સેવામાં પધાર્યા.

રાજભોગનાં દર્શન કરી ક્ષત્રિય પરિવાર શ્રીગુસાંઈજીની બેઠકમાં આવ્યો.

પરિવારનાં સભ્યોએ શ્રીગુસાંઈજીને દંડવત્ કર્યા.

શ્રીગુસાંઈજીએ પ્રસન્નચિત્તે બાજુમાં ઊભેલા ભીતરિયાને મહાપ્રસાદની ચાર પાતળ પીરસવાની આજ્ઞા કરી.

“જે-જે, અમે તો ત્રણ છીએ, ચોથી પાતળ...કોઈ વૈષ્ણવ પધારવાના છે?”

પુત્રવધૂએ નત મસ્તકે સવાલ કર્યો. શ્રીગુસાંઈજીના વદન પર સ્મિત મ્હોરી ઊઠ્યું. આંખોમાંથી કરુણાના ફુવારા ફૂટ્યા.

"વૈષ્ણવ, તમે પણ ખરાં છો!" હસીને શ્રી વલ્લભનંદન બોલ્યા.

"કેમ, કૃપાનાથ, અમારાથી કાંઈ અપરાધ થઈ ગયો?" સસરાજીએ પૂછ્યું.

"તમારી પાછળપાછળ છેક સિંહનદથી અહીં સુધી આવેલા વૈષ્ણવને મૂકીને તમે મહાપ્રસાદ લેશો?" શ્રીગુસાંઈજીએ પ્રશ્ન કર્યો.

ક્ષત્રિય પરિવારનાં સભ્યોને આશ્ચર્ય થયું.

"કૃપાનાથ, અમે તો ત્રણ જ આવ્યાં છીએ. આપ કોની વાત કરો છો?" અજાણ્યાં બની પુત્રવધૂએ સવાલ કર્યો.

"કેમ, નંદદાસ તમારા સ્નેહી નહીં? તમે એમને મૂકીને આવ્યાં નથી?" શ્રીગુસાઈજીએ નામ પાડી પ્રશ્ન કર્યો.

"અરે, કૃપાનાથ! તમે પેલા લંપટ, ખતરનાક નંદદાસની વાત કરો છો?" સસરાજીએ સવાલ કર્યો.

"અરે, કૃપાનાથ! એ માણસે તો છેલ્લા આઠ દિવસથી અમને હેરાન કરવામાં બાકી નથી રાખી!" સાસુજી બોલ્યાં.

"કૃપાનાથ... એ લંપટનો સરદાર સવારથી મોડી રાત સુધી અમારી હવેલી સામે અમારી આ પારેવડા જેવી વહુનું ટીકી-ટીકીને મોઢું જોયા કરે... નફ્ફટ છે... સાવ નફ્ફટ. ગામ આખામાં આબરૂના ધજાગરા એવા કર્યા કે કૃપાનાથ, માથે રાત લઈને અહીં આપના શરણનો સહારો લેવા નાસી આવ્યાં, તો મૂઓ આંઈ પણ પાછળ દોડી આવ્યો.. કૃપાનાથ! અમને એ માણસની લોલુપતાથી બચાવો, કૃપાનિધાન!" સસરાજી ગળગળા થઈ જતાં બોલી ઊઠ્યા.

"તમે નચિંત રહેજો.. હવે એ તમારી સામે એક નજર પણ નહીં નાખે. મેરુભા.. ઝટ જમુનાતટે પહોંચો. નદીને સામે પાર મારો નંદદાસ એકલવાયો જીવ બેઠો છે. એને ખૂબ જ વિનય અને વિવેક સાથે અહીં લઈ આવો અને મહાપ્રસાદની તૈયારી કરો." - શ્રીગુસાંઈજી બોલી ઊઠ્યા. ક્ષત્રિય પરિવારનાં ત્રણેય સભ્યો ધ્રૂજી ઊઠ્યાં અને મનોમન બબડ્યાં: "ગોકુલ ગામમાંય આબરૂનો ધજાગરો જરૂર થવાનો."

લાચાર નજરે નંદદાસજી ક્ષત્રિય પરિવારને - એમના હૃદયની વીણા સમી સૌંદર્યમૂર્તિને નાવમાં સામે કિનારે જતી જોઈ રહ્યા. હૃદય દ્રવિત થઈ ગયું. આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં... ક્ષત્રિય પરિવારને લઈને જતી એ છેલ્લી નાવ હતી. જમુનાજીના વેરાન તટ પર એમના સિવાય બીજું કોઈ જ નહોતું. નૌકા પાછી ફરવાની નહોતી, અને કદાચ પાછી ફરે તોપણ એમને સામે પાર ઉતારવાની નહોતી, કારણકે ક્ષત્રિય પરિવારના બુઢ્ઢાએ એની પુત્રવધૂના આદેશથી નાવિકને એને સામે પાર ન લઈ આવવાના પૈસા આપી દીધા હતા.

નંદદાસ રેતીમાં ધબ દઈને બેસી ગયા.

આકાશમાં સૂરજ ધીમેધીમે ઉપર ચડતો જતો હતો. હવા ગરમ થતી ફૂંકાઈ રહી હતી. સાવ નિર્જન તટપ્રદેશ હતો. સામા કિનારે ગોકુળિયું ગામ ધગધગતું હતું. બહારનું ગરમ હવામાન અંતરને પણ દઝાડતું હતું. સૌંદર્યમૂર્તિનાં દર્શનની ઝંખનામાં, એની વિદાયના કારણે અંતરમાં પ્રગટેલા વિરહાગ્નિથી હૈયું પણ ભડભડ બળતું હતું...

આંખો સામે યમુનામૈયા નિર્બંધ ગતિએ વહ્યે જતાં હતાં.

જમુનાજી વિષે એમણે ઘણું સાંભળ્યું હતું, ઘણું જાણ્યું હતું....

સમસ્ત જનસમુદાયની એ માતા હતી... ખૂબ જ કૃપાળુ હતી... ભગવાન શ્રીકૃષ્ણની- દ્વારિકાધીશની ચતુર્થ પ્રિયા - સૂર્યદેવની એ પુત્રી હતી. સોળે શણગાર સજી રૂમઝૂમ કરતી ચાલે એ નિકુંજમાં રાસ રમવા નીસરતી ત્યારે નિર્દોષ હરણાં એની સાથેસાથે દોડતાં. કૃષ્ણજન્મની રાત્રે આનંદોત્સવ ઊજવતી જમુના ઘુઘવાટા કરતી એના તરંગોને આકાશને ચૂમતા કરતી વહી રહી હતી... અને વસુદેવના કરંડિયામાં રમતા બાલકૃષ્ણને - એના પ્રાણપ્યારા પતિદેવને એના જલસ્વરૂપ તનનું આલિંગન અર્પી કૃતકૃત્ય બની હતી...

નંદદાસની આંખો સામે વહેતી યમુનાનાં એકએક સ્વરૂપ દૃષ્ટિમંત થવા માંડ્યાં. એના હૈયામાં શ્રી યમુનાજી પ્રત્યેનો અનોખો ભાવ જાગ્યો અને હૃદયમાં ઘૂઘવતો વિરહનો તાપ... કવિહૃદયમાંથી ઓચિંતો જ વાણી દ્વારા પ્રગટ થયો. શબ્દોની સરવાણી આર્દ્રતાની વાણી બની... વાતાવરણમાં ફોરી ઊઠી:

“ભક્ત પર કરી કૃપા શ્રી જમુનાજી ઐસી ।
છાંડિ નિજ ધામ વિશ્રામ, ભૂતલ કિયો પ્રકટ લીલા દિખાઇ જૂ તૈસી ॥
પરમ પરમારથ કરત હૈં સબન કોં દેતી રૂપ અદ્ભુત આપ જૈસી ।
નંદદાસ યો જાનિ દઢ કરિ ચરન ગહે, એક રસના કહા કહૌં બિસેખી ॥

નંદદાસનું હૈયું ખીલી ઊઠ્યું. ચહેરા પર પ્રસન્નતાની એક ઝાંય ઊપસી આવી...બંધ આંખો સામે શ્રી યમુનાજીનું આધિદૈવિક સ્વરૂપ ખડું થઈ ગયું...

નેહ કારન શ્રી યમુને પ્રથમ આઈ ।
ભક્ત કે ચિત્ત કી વૃત્તિ સબ જાનિ કૈ તાહી તેં અતિ આતુર જૂ ધાઈ ॥
જાહિ જૈસી મન હુતિ કામના તાહી તૈસી સાધ પૂજાઈ ।
“નંદદાસ કી નાથ” તાહી પૈ રીઝ રહે જોઈ યમુનાજી કૌ જસજૂ ગાઈ ॥

“જાહિ જૈસી મન હુતી કામના તાહી તેસી સાધ પૂજાઈ” એ ચરણ હવામાં ઊછળ્યું અને નંદદાસની આંખો ખૂલી ગઈ.

ઠકુરાણીઘાટ તરફથી એક નૌકા એમની દિશામાં આવી રહી હતી. “નક્કી મારી મહારાણીની જ કૃપા...” - નંદદાસ બોલી ઊઠ્યા અને નૌકામાંથી એક વૃદ્ધ માણસ ઊતર્યો અને નંદદાસ તરફ ધસી આવતો બોલી ઊઠ્યો:

"તમે...તમે જ નંદદાસજી?"

"હા.. કેમ? વડીલ, આપ કોણ?" નંદદાસને આશ્ચર્ય થયું. અજાણ્યા ગામમાં એમને નામથી ઓળખનારો આ માણસ વળી કોણ હશે?

"આપ નાવમાં બિરાજો... આપણે સામે પાર જવાનું છે." વિનય સાથે વૃદ્ધ માણસ બોલી ઊઠ્યો.

નંદદાસના આશ્ચર્યનો પાર ન રહ્યો.

એમણે એક નજર યમુનામૈયાનાં વહ્યે જતાં વારિ પર નાખી. એમનાથી મસ્તક નમાવતાં બોલાઇ ગયું:

"નમત કૃષ્ણતુર્યપ્રિયામ્"

નંદદાસે વૃદ્ધ માનવીનો હાથ ખૂબ જ પ્રેમથી પકડી લીધો. પંજો દબાવતાં, નૌકામાં પ્રવેશતાં જ આનંદવિભોર કવિના હૈયામાંથી ભક્તિના સ્તોત્ર સમી પંક્તિ સરી પડી:

શ્રી જમુને શ્રી જમુનેજુ ગાવે ।
સેસ સહસ્ર મુખ જાહી ગાવત નિસદિન પાર ન પાવૈ ।।
સકલ દુખ દેનહારી તાતેં કરહું ઉચ્ચાર, કહત હોં વારંવાર જિનિ ભુલાવો ।
નંદદાસ કી આસ શ્રી જમુને પૂરન કરી, તાતે કહોં ધરી ધરી ચિત્ત લાવો ।।

નાવમાં બેસતાં જ નંદદાસે નીચા નમી જમુનાજીના વહેતા જલનું આચમન કર્યું. જલ આંખે અને માથે ચઢાવતાં એમને લેવા આવેલા વૃદ્ધ માનવીને પૂછ્યું:

"વડીલ... આપ મને ક્યાં લઈ જાઓ છો?"

"યમુનાપતિ શ્રીકૃષ્ણશરણે... યુવાન..." વૃદ્ધ માનવીએ દેવવાણી ઉચ્ચારી...

"શ્રીકૃષ્ણના શરણે?" અચંબા સાથે નંદદાસે પૂછ્યું.

"હા...શ્રીકૃષ્ણશરણે..."

નાવ ઠકુરાણીઘાટના કિનારે નાંગરી.

કુતૂહલ સાથે નંદદાસ હળવા પગલે.. શ્રીયમુનાજીને વંદન કરતા... મનમાં "નંદદાસ કી આસ શ્રી જમુને પૂરન કરી" - ના ઉત્સાહ સાથે બેઠકજીમાં શ્રીગુંસાઈજીના સાંનિધ્યમાં પ્રવેશ્યા કે તરત જ અંધકારમાંથી પ્રકાશની છોળ ઉડાડતો આત્મીય સ્વર ઊપસી આવ્યો...

"આવો, નંદદાસ... આવો..."

- અને નંદદાસની આંખો સ્થિર થઈ ગઈ...

પ્રકાશના પુંજમાંથી અવાજ આકારનું સ્વરૂપ ધારણ કરતો હોય એમ એક તેજોમય મૂર્તિ નંદદાસની આંખો સામે સ્થિર થઈ ગઈ. એક ક્ષણ માટે તો નંદદાસને થયું કે દિલની એક ધડકન ચુકાઈ ગઈ...

“આપ...આપ...શ્રીવલ્લભનંદન...શ્રીવિઠ્ઠલેશપ્રભુ...” અને હૈયામાં ઊછળતો આનંદ ન સમાવી શકતા નંદદાસ... શ્રીગુસાંઈજીનાં ચરણમાં ઢળી પડ્યા... અને ગદ્ગદિત સ્વરે બોલી ઊઠ્યા:

“કૃપાનાથ...શ્રી વલ્લભનંદન...જ્યારથી જન્મ્યો ત્યારથી વિષય-વાસનાના કીચડમાં આળોટતો જ રહ્યો છું... ભવાટવીમાં ભૂલા પડેલા - સ્વચ્છંદે ચડી ગયેલા - અનેક અપરાધોના પહાડ આ કમજોર ચંચલ દિલ પર ખડા કરી બેઠેલા આ ‘જીવ’ને. આપ કૃપા કરી શરણે લ્યો.. અને વડીલ કહેતા હતા એ શ્રીકૃષ્ણને શરણે લ્યો!”

૫. શ્રીગુસાંઈજીના કૃપાપાત્ર બન્યા

“નંદદાસ, ઊઠો...” શ્રીગુસાંઈજીએ નંદદાસને ઉઠાડી હૈયાસરસા ચાંપી દીધા અને સ્નાન કરી “અપરસ”માં નામનિવેદન કરાવ્યું.

ક્ષત્રિય પરિવારનાં સભ્યો આખુંય હૃદયંગમ દૃશ્ય ફાટી આંખે જોઈ રહ્યાં.. એમના આશ્ચર્યનો પાર ન રહ્યો. ક્ષત્રિય પરિવારની કુળવધૂનું હૈયુ હેરત પામી ગયું. મેરુભાને નંદદાસજીને લેવા મોકલ્યા ત્યારે શ્રીગુસાંઈજીએ એમના પરિવારને આપેલા સધિયારાના શબ્દો યાદ આવી ગયા:

“તમે નચિંત રહેજો, હવે એ તમારી સામે એક નજર પણ નહીં નાખે.”

મેરુભા સાથે નંદદાસે બેઠકજીમાં પ્રવેશ કર્યો ત્યારે ક્ષત્રિય પરિવારની પુત્રવધૂ ભયની મારી ફફડી ઊઠી હતી. એને ડર હતો કે નંદદાસ પ્રવેશતાં જ એને જોશે અને વિહ્વળ થઈ જશે અને આંખોના ડેરા એના રૂપાળા શરીર પણ તાણશે. નાજુક અને વિચિત્ર - લજામણી - દયામણી પરિસ્થિતિમાં મુકાઈ ગયેલી એ દોડીને... જમનાજીમાં કૂદકો મારી આપઘાત જ કરી નાખશે. એણે મનોમન નિર્ણય લઈ લીધો હતો. નિર્દોષ હોવા છતાં જગતની બદનામી વહોરીને જીવવામાં શો સાર?

આવું કંઈક એ વિચારતી હતી, ત્યાં જ એના આશ્ચર્ય વચ્ચે નંદદાસ તો શ્રીગુસાંઈજી સન્મુખ ઊભા રહી ગયા. એને શોધવા નંદદાસની ચકળવકળ આંખો પણ ક્યાંય ઘૂમતી નહોતી, બલકે બંધ આંખો, જોડાયેલા બે હાથ અને મંદ, વિનયી...નમ્ર અવાજે નંદદાસ તો શ્રીગુસાંઈજીને પ્રાર્થના કરતા પગે પડી ગયા હતા. એના અસ્તિત્વની - હાજરીની નોંધ પણ લીધા વગર એ તો “શ્રીગુસાંઈજીમય” જ બની ગયા હતા. અને શ્રી વલ્લભનંદન પણ કેમ જાણે ઘર છોડી ચાલ્યો ગયેલો દીકરો પાછો ન આવ્યો હોય - એમ પ્રસન્નતા અને લાગણીસભર હૈયે નંદદાસને વહાલ કરી રહ્યા હતા, હૈયાસરસા ચાંપી રહ્યા હતા. પ્રેમ અને શ્રદ્ધા, વિરહ અને મિલન પછી અંતરના ઊંડાણમાંથી પ્રગટેલી લાગીણીનો - આનંદનો સ્ફુલિંગ જે વાતાવરણમાં સર્જાયો હતો એ આ ક્ષણે અવર્ણનીય હતો.

“નંદદાસ...ઊઠો...મહાપ્રસાદ લઈ સ્વસ્થ થાઓ.” શ્રીગુસાંઈજી બોલ્યા.

નંદદાસ એકીટશે - કશી જ હલચલ વગર જડવત્ દશામાં શ્રીગુસાંઈજીને નીરખી રહ્યા... એકીટશે - નિષ્પલક નયને શ્રીગુસાંઈજીનાં દર્શન કરી રહેલા નંદદાસની - જીવ અને શિવ સાથેના મિલનની - એક આધ્યાત્મિક તાર જોડતી દશા જોઈ ક્ષત્રિય પરિવારની પુત્રવધૂને થયું પણ ખરું કે સાતસાત દિવસ એની પાછળ - એનાં દર્શન ખાતર પાછળ પડી ગયેલા નંદદાસ સામે એણે જ્યારે જ્યારે દેખા દીધા હતા ત્યારે ત્યારે આનંદ થયો કે પંથ ભૂલેલા ભવાટવીના પ્રવાસીને સાચો પંથ આજની ક્ષણોમાં મળી ગયો હતો.

"નંદદાસ...ઊઠો..." પુત્રવધૂથી પણ નંદદાસના સમાધિહરણનો એક પ્રયત્ન થઈ ગયો. પુત્રવધૂએ શ્રીગુસાંઈજી સામે એની લાચાર નજર પાડી.

"બેટી...હવે એ હમણાં નહીં ઊઠે... તમે સૌ મહાપ્રસાદ લઈ લ્યો."- શ્રીગુસાંઈજીએ ક્ષત્રિય પરિવારની કુળવધૂની માનવતા ભરી ફરજ બજાવતી જોઈ કહ્યું.

ક્ષત્રિય પરિવાર મહાપ્રસાદ લઈને શ્રીગુસાંઈજીને દંડવત્ કરી પ્રવાસના પંથે આગળ વધ્યો.

સાંજ પડી...

"સંધ્યાઆરતી"નાં દર્શન નવનીતપ્રિયાજીની હવેલીમાં ખૂલ્યાં. નંદદાસને લાગી ગયેલી સ્નેહસમાધિ એમ ને એમ રહી...

"એમને કોઈ બોલાવશો નહીં... લીલાનો જીવ છે... ભૂલ્યો-ભટક્યો આ ધરતી પર સ્વર્ગના કોઈક ગાંધર્વની જેમ આવી ચડ્યો છે. એમને કોઈ બોલાવશો નહીં..."

સવાર પડી... પંખીઓના કલરવથી વાતાવરણ ગુંજી ઊઠ્યું... શ્રીગુસાંઈજીની કુટિરની પરસાળમાં થાંભલાને અઢેલીને સમાધિસ્થ થયેલા નંદદાસ પાસે શ્રીગુસાંઈજી પધાર્યા અને હળવેકથી એમના કાન પાસે જઈ હળવા પ્રેમાળ સાદે બોલ્યા:

"નંદદાસ...ઊઠો... સવાર પડી... મારા વહાલાને જગાડતું એકાદ સરસ - ચિત્તને પ્રસન્ન કરે તેવું પદ ગાઓ"... કહેતાં શ્રીગુસાંઈજી સહેજ હટી ગયા. શ્રીગુસાંઈજીના શબ્દો કાને પડતાં જ નંદદાસના સમગ્ર અંગમાંથી ચૈતન્યનો ફુવારો સ્ફુટ થયો. એમણે આંખો ખોલી. ચારે દિશામાં એક નજર ફેરવીને "પરમ કૃપાળુ શ્રીવલ્લભનંદન" પર સ્થિર કરી, થાંભલાના ટેકાનો સહારો લઈ નંદદાસજી ઊભા થયા અને નજીકમાં ઊભેલા શ્રીગુસાંઈજીને સાષ્ટાંગ દંડવત્ કરતાં મધુર અવાજે પદ શરૂ કર્યું:

પ્રાત સમય શ્રી વલ્લભ સુત કો ।
ઉઠત હી રસના લીજિયે નામ ॥
આનંદકારી, પ્રભુ મહામંગલકારી ।
અસુભ હરન, જન પૂરનકામ ॥
યહી લોક પરલોક કે બંધુ ।
કો કહિ સકે તિહારે ગુન ગ્રામ ॥
"નંદદાસ" પ્રભુ રસિકશિરોમણિ ।
રાજ કરો શ્રી ગોકુલ સુખધામ ॥

પદ પૂરું થતાં જ આંખમાંથી અનર્ગળ આંસુ સાથે નંદદાસ બોલી ઊઠ્યા:

"આ જીવના એવા તે કેવા કોટિ કોટિ અપરાધ, કૃપાનાથ, કે પ્રભુ, તમે મને રસાનંદની અનન્ય અણમોલ સમાધિમાંથી બહાર કાઢ્યો?"

"નંદદાસ...તમે તો લીલાના જીવ છો... સતત લીલાની નિકુંજમાં જ વિહરવા સર્જાયેલા દૈવી જીવ છો... પરમાનંદની પ્રાપ્તિનું તમારું ધ્યેય હવે સાર્થક થવાનું છે.

તમારા હૈયામાંથી કાવ્યની વાણી પ્રગટ થઈ રહી છે. તમારી કાવ્યપ્રતિભા આપણા નવનીતલાલજી અને શ્રી ગોવર્ધનનાથજીના સાંનિધ્યમાં ખૂબ જ ખીલવાને સર્જાયેલી છે." શ્રીગુસાંઈજી બોલ્યા.

"કૃતાર્થ થયો, કૃપાનાથ... આપ સમા જ્યોતિર્ધરની અંગુલિ પકડી... મારું તો પ્રયાણ આરંભાઈ ગયું છે. કૃપાનાથ... મને એવું સ્વરૂપ સેવા માટે પધરાવી દ્યો 'કે ચોવીસે કલાક મારા હૈયાના હાર સમા ઠાકોરજીને બસ હું ખેલાવતો રહું... સાથેસાથે ખેલતો પણ રહું." અને શ્રી વલ્લભનંદનને દંડવત્ કરતાં નંદદાસજીએ પદ છેડ્યું:

પ્રીતિ લગી શ્રી નંદનંદન સૌં, ઇન બિનુ રહ્યો ન જાયરી ।
સાસ નનદ કૌ ડર લાગત હૈ, જાઉંગી નૈન બચાય રી ॥

ગુરૂજન, સુરૂજન, કુલકી લાજન, કરત સબહિ મન ભાયરી ।
પુત્ર કલત્ર કહત જિન જાઔ : હમ તુમ લાગત પાંયરી ॥

જાકૌં સિબ નારદમુનિ તરસત, શ્રુતિ પુરાન ગુન ગાયરી ।
મુખ દેખેં બિનું પ્રાન નહિં રહિહૈ, જાઉંગી પૌર વ્રજરાયરી ॥

સ્યામસુંદર મુખ કમલ અમૃતરસ, પીવત નાહિ અધાયરી ।
નંદદાસ પ્રભુ જીવનધન મિલે, જનમ સુફલ ભયો આયરી ॥

"નંદદાસ..." શ્રીગુસાંઈજી પ્રસન્ન થતાં બોલ્યા.

"આજ્ઞા, કૃપાનાથ!"

"ચાલો...લાડલેલાલ નવનીતપ્રિયાજીની ઝાંખી કરવા મંદિર તરફ પ્રસ્થાન કરીએ."

"આપના અનુગ્રહની તો, કૃપાનાથ, વાત જ ન્યારી છે! આપની કૃપાનો સાગર કેવો આ જીવ પર ઊછળ્યો કે, 'અજાણ્યા અધર્મી'ને જાણીતો કરી, ધર્મના - કૃપાના સાગરમાં ડુબાડી જ દીધો છે, પ્રભુ!"

શ્રીગુસાંઈજીની પાછળપાછળ નંદદાસ શ્રી નવનીતપ્રિયાજીના મંદિરમાં ગયા... ભવ્ય મંદિરમાં ભવ્ય બાળસ્વરૂપ લાડલેલાલનાં પ્રથમ દર્શને જ નંદદાસ ભાવાનુભૂતિના ધામમાં દેહાનુસંધાન ગુમાવી પહોંચી ગયા. આંખો સામેથી નટખટ નંદકિશોરની મૂર્તિ જ ખસતી નહોતી.

"નંદદાસ, લાડલેલાલને પ્રસન્ન કરતું એકાદ પદ સંભળાવો."

- અને આંખો સામે બાળલીલાનું એક સરસ પદ હૈયામાંથી ઊભરી આવ્યું:

"લાલ ગોપાલ લલનકોં મોદ ભરિ ।
જસુમતિ હુલરાવત ॥
મુખ ચુમત દેખત સુંદર તન ।
આનંદ ભરિ ભરિ ગાવત ॥

કબહુક પલના મેલિ ઝૂલાવત ।
કબહુક સ્તનપાન કરાવત ॥
નંદદાસ પ્રભુ ગિરિધર કો ।
રાની નિરખ નિરખ સુખ પાવત ॥

"કૃપાનાથ..."

"શું છે, નંદદાસ?"

"આપની કાનીથી...મારે શ્રીજીબાવા - શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન કરી જીવતર ઉજાળવું છે..."

"જરૂર...આપણો ગોવર્ધનધર...તો હાજરાહજૂર છે...ગિરિરાજજી જેવા મહાન ભક્તના હૃદયમાં બિરાજતા શ્રીજીબાવાના ધામ ગોપાલપુરમાં કાલે જ અમે પધારી રહ્યા છીએ, તો ચાલો સંગાથે."

"જેવી આજ્ઞા, કૃપાનાથ!"

બીજે દિવસે પ્રાત:કાળે શ્રી નવનીતપ્રિયાજીનાં મંગલાનાં દર્શન કરી, શૃંગાર-રાજભોગ કરી, નંદદાસ એ જ એમની મસ્તીમાં શ્રીગુસાંઈજી સાથે શ્રીનાથદ્વારા જવા નીકળ્યા.

ગોકુલથી ગોવર્ધનનો પંથ... સત્સંગ અને જ્ઞાનગોષ્ઠીમાં ક્યાં કપાઈ ગયો એની પણ નંદદાસને ખબર ન પડી. અંતરમાં "શ્રીજી-બાવાની ઝાંખી"ના ઓરતા એટલા બધા હતા કે નંદદાસે કાયાનું કષ્ટ... થાક પણ ન અનુભવ્યાં.

ઉત્થાપનના સમયે શ્રીગુસાંઈજીનો સંઘ "ગિરિરાજધરણ... પ્રભુ તુમ્હારે શરણ"-ના આર્દ્રઘોષ ગજાવતો ગિરિરાજ પહોંચ્યો.

નંદદાસ તો શ્રી ગોવર્ધન પર્વત જોઈ ઘેલા બની ગયા...

નાજુક નમણી સૌંદર્યવતી કન્યા આડે પડખે થઈને એનાં કામણ વેરતી હોય... એવા જ સૌંદર્ય સાથે શ્રી ગિરિરાજજી એમની વિશાળ, માખણ જેવી મૃદુ કાયાને ગોવર્ધનથી પૂંછરી સુધી વિસ્તારીને ધરતી પર બિરાજ્યા હતા... દંડવતી શિલાને દંડવત્ કરી નંદદાસજી "મુખારવિંદ"નાં દર્શન કરી "મુખારવિંદ" સામેની "શ્રી વલ્લભ"ની બેઠકમાં પાયલાગણ કરી... ગિરિરાજજી પર હળવી ગતિએ ડગલાં મૂકતાં, શિખર પર બિરાજતા શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન કરવા મંદિરમાં પહોંચ્યા. સમય સંધ્યા આરતીનો હતો.

શ્રીગુંસાઈજી સ્નાનાદિક કાર્ય પૂર્ણ કરી "અપરસ"માં નિજમંદિરમાં પહોંચ્યા અને દર્શનનો ટેરો ખૂલ્યો.

નંદદાસજીને શ્રીગુસાંઈજીએ "કીર્તનઘર"માં દર્શન કરવા અને શ્રી સૂરદાસજી, કુંભનદાસજી, પરમાણંદદાસજી, છીતસ્વામી ઇત્યાદિ કવિઓ સાથે પરિચય કરાવવા - કૃષ્ણદાસ અધિકારી સાથે મોકલી દીધા હતા.

ઉંમરમાં એમનાથી સૌ મોટા હતા... દરેક કવિ એની શ્રેષ્ઠ નીતનવી રચનાઓ શ્રી ગોવર્ધનનાથજીની સન્મુખ પ્રગટ કરતા... નંદદાસને શ્રીગુસાંઈજીની માનવશક્તિ-

પરીક્ષણની કલા માટે માન થયું... શ્રી ગોવર્ધનનાથજીની સન્મુખ આઠ સમાનાં દર્શન દરમિયાન પુષ્ટિસંપ્રદાયના આ ધુરંધરો એમનાં એક પછી એક પદો રજૂ કરી રહ્યા હતા... ત્યાં જ કુંભનદાસે નંદદાસજી નજીક જઈ, એમના ખભા પર એમનો પ્રેમાળ વૃદ્ધ હાથ મૂકી કહ્યું:

"જુવાન... તારી ઓળખ... ચહેરા પરના હાવભાવ જોતાં લાગે છે કે તું કોઈ મારા વ્હાલાનો કવિજીવ છે. ચાલ, હું અન્ય કવિ-મિત્રોનો પરિચય કરાવું." - કહેતા વૃદ્ધ કુંભનદાસે ચહેરા પરથી વ્યક્તિને ઓળખવાનો ઉદ્યમ શરૂ કર્યો...

"નંદદાસ, આ છે આપણી વ્રજભાષાના વાલ્મીકિ કહેવા હોય તો વાલ્મીકિ અને વ્યાસ કહેવા હોય તો વ્યાસ સૂરદાસજી..." કુંભનદાસે સૂરદાસજીનો પરિચય કરાવતાં કહ્યું.

"વડીલ આપનાં કાવ્યો તો ભારતીય ભાષાનાં અમૂલ્ય આભૂષણો છે... વંદન કરું છું... મહામના કવિ..."

"નંદદાસ...હું કંઈ નથી... જે કાંઈ છે... તે બધું મારા વહાલા ગોવર્ધનનાથજી અને શ્રી વલ્લભની અસીમ કૃપાનું પરિણામ છે." સૂરદાસજી ભાવપૂર્વક નંદદાસનો હાથ પકડી લેતાં બોલ્યા. કુંભનદાસે એ પછી પરમાણંદદાસ, કૃષ્ણદાસ, છીતસ્વામી, ગોવિંદસ્વામી તેમજ એમની જ ઉંમરના નવા ઊભરતા કવિ ચતુર્ભુજદાસનો પરિચય કરાવતાં કુંભનદાસે પોતાનો પરિચય "હું ચતુર્ભુજદાસનો પિતા છું" કહી કરાવ્યો.

શ્રીગુસાંઈજી નિજમંદિરમાંથી કીર્તનઘરમાં એકત્રિત થયેલી વ્રજભાષાના ઉત્તમ કોટિના કવિઓની મંડળીને અંદરઅંદર વાતો કરતા જોઈ ખૂબ પ્રસન્ન થયા... એ ભક્તિસાહિત્યનાં ઝળહળતાં કવિરત્નો હતાં... શ્રીજીબાવાને સર્વસ્વ સમર્પિત કરી એમના આશ્રયે ખુમારીથી જીવતા આ કવિઓ આ ક્ષણે સખાઓ બની... સંપ્રદાયની - ગીતસંગીતની કલાની - હૈયે ઊછળતા સ્નેહભાવની - ભક્તિની ભાવના અને શાન વધારતા સાચા અર્થમાં શબ્દસ્વામીઓ હતા.

"આ આઠેય સખાને એકસૂત્રે બાંધી... એમના પદસાહિત્યને, એમના સંગીતના જ્ઞાનને એક દોરે બાંધી મારા વહાલા ગોવર્ધનનાથની સેવામાં - સમાસમાનાં દર્શન સમયે કીર્તન કરતા કર્યા હોય તો?"

શ્રીગુસાંઈજીને કીર્તનઘરના આકાશમાં આઠઆઠ કવિનક્ષત્રોનો જામેલો મેળો જોઈ વિચાર આવ્યો...

"નંદદાસજી...આજ તો આપણા શ્રી ગોવર્ધનનાથને તમારું કોઈક સરસ ભાવાત્મક પદ સંભળાવો... આપણો વહાલો રાજી થશે." - સૂરદાસે તંબૂરના તાર પર આંગળી ફેરવી ઝણઝણાટી બોલાવતાં કહ્યું.

"હા...હા...નંદદાસ...આજે તમારા પદથી જ શરૂઆત કરીએ." કુંભનદાસે સૂર પુરાવ્યો.

નંદદાસે ધરતી પર ઢળેલી આંખો ઊંચી કરી...આંખો "હરિદરશન કી પ્યાસી" હોય એમ શ્રી ગોવર્ધનનાથજીની સામે સ્થિર થઈ ગઈ... હૃદયના ભાવો શ્રીજીબાવાનાં દર્શન થતાં જ હૈયામાં હિલોળા લેતા થઈ ગયા... નંદદાસની આંખો આપોઆપ બંધ થઈ ગઈ... બંધ આંખો સામે "વાંકે અંબોડે શ્રીનાથજી"નું "સુંદરશ્યામ" સ્વરૂપ ખડું થઈ ગયું અને નંદદાસના મધુર કંઠેથી શ્રીજીબાવાએ ધરેલા શૃંગારમાં શોભતા સ્વરૂપનું પદ સરી પડ્યું:

સોહત સુરંગ કુરંગ પાગ, કુરંગલલના કૈસે લોચન લોને ।
કપોલ બિલોકન મૈં ઝલકે કલ કુંડલ કાનન કોને ॥
રંગરંગીલે કે અંગ સબે નવરંગ રંગે ઐસે ભયે ન હોને ।
"નંદદાસ" સખી મેરી કહા ચલી કામ કે આયે ટટાવાક ટોને ॥

નંદદાસના કીર્તનના શબ્દો શ્રીગુસાંઇજીના કાને ઝીલ્યા અને પ્રસન્નતા અનુભવતા એમણે ટેરો ખેંચી લીધો... અને દર્શન ખૂલતાં જ "શ્રી ગોવર્ધનનાથ કી જે", "શ્રી ગિરિરાજધરણ કી જે", "શ્રી ગોવર્ધનધરણ કી જે..."ના ધ્વનિથી મંદિર ગુંજી ઊઠ્યું.

૬. નંદદાસ પૂરા કૃષ્ણરંગે રંગાઈ ગયા

"ગિરિરાજધરણ પ્રભુ તુમ્હારે શરણ..."
"શ્રીજી તુમ્હારે શરણ..."
"સબ તીરથ બાર બાર, ગંગાસાગર એક બાર"
"જય જગન્નાથ... જય જગન્નાથ..."

રામપુરના પાદરમાં ખીલાઓ ખોડાઈ રહ્યા હતા... રાવટીઓ બંધાઈ રહી હતી.

"જય યમુને... જય યમુને..."ના ઘોઘરા અવાજોથી રામપુરનું પાદર ગાજતું હતું. ગામના માણસો કેમ જાણે કાંઈ કૌતુક થયું હોય એમ વિસ્મય સાથે ગામને પાદર ભેગા થવા માંડ્યા.

અલમસ્ત શરીર, કેસરી રંગનો ખેસ, સફેદ જાડા કાપડની કફની, મલમલનું ધોતિયું, આંખો લાલઘૂમ અને હાથમાં ડાંગ સાથે "જય યમુને... જય જય કૃષ્ણ કનૈયા"ની બૂમો પાડતા, મોટા મોટા અવાજે વાતો કરતા પહેલવાનો જેવા વ્રજમંડળના કેટલાક પંડાઓનો સંઘ ગયાં શ્રાદ્ધ કરવા અને ત્યાંથી ગંગાસાગર અને જગન્નાથપુરી જઈ રહ્યો હતો.

વહેલી સવારે પચીસ-ત્રીસ માઈલની દડમજલ કરીને સંઘ સવારે રળિયામણા રામપુરમાં આવી પહોંચ્યો. સંઘના મુખિયાએ એક નજર ગામની આજુબાજુ નાખી. સરસ રળિયામણું ગામડું હતું. પાદરમાં નદી વહેતી હતી. આમ્રઘટાઓથી ઊભરાતા લીલાછમ પ્રદેશમાં આરામ કરવાના વિચાર સાથે જ રાવટીઓ તણાવા લાગી હતી.

"જયશ્રીકૃષ્ણ! ક્યાંથી આવો છો, યાત્રીઓ?" ગામના મુખીએ આંગણે આવેલા સંઘના મોભીને પૂછ્યું.

"વ્રજમંડળમાંથી અમે આવીએ છીએ. મથુરાના ચતુર્વેદી બ્રાહ્મણો છીએ. જમુનાજીને કાંઠે વસતા અમે લોકો સારાયે ભારતના લોકોના તીર્થગોર છીએ. ગયા શ્રાદ્ધ કરવા ગયા હતા...ત્યાંથી જગન્નાથપુરી અને ગંગાસાગરની યાત્રા કરી મથુરા પાછા ફરી રહ્યા છીએ."

"સરસ...સરસ... અમારે આંગણે યાત્રાળુઓ ક્યાંથી? રામપુર ગામ તરફથી તમારું સ્વાગત છે. નિરાંતે જેટલા દિવસ રહેવું હોય તેટલા દિવસ રહો અને આજનું ભોજન ગામ તરફથી છે..." મુખીએ નોતરું આપ્યું.

"તમારો આભાર... તમારી લાગણી અને ભાવના છે તો આજના "ચકાચક" તમારા તરફથી..." - સંઘના અગ્રણીએ નોતરું સ્વીકારી લીધું..

બરોબર એ જ વખતે ગામમાંથી હાંફળાફાંફળા, પીળા પીતાંબરમાં સજ્જ... એવા તુલસીદાસજી દોડતા, રાવટી નાખી પાદરમાં આરામ લેતા વ્રજવાસીઓ પાસે આવી પહોંચ્યા.

"હેં ભાઈ... તમે મથુરા જાઓ છો?" - તુલસીદાસે સંઘના મુખીને પ્રશ્ન કર્યો.

"હા... કેમ?"

"ભાઈ, મારો નાનો ભાઈ નંદદાસ અહીંથી યાત્રાળુના સંઘમાં દ્વારિકા જવા નીકળ્યો હતો. એ લોકો પહેલાં મથુરા ગયા હતા ત્યારે મારો નાનો ભાઈ મથુરા છોડીને ક્યાંક ચાલ્યો ગયો છે. તમે વ્રજમાં ક્યાંય એને જોયો છે ખરો?" - એકીશ્વાસે તુલસીદાસજી બોલ્યે જતા હતા.

નંદદાસને ગુમ થયે પાંચપાંચ વર્ષનાં વહાણાં વાઈ ચૂક્યાં હતાં. ગામના મુખી અને સ્થાનિક લોકો તો મથુરા, ગોકુલ થઈ દ્વારિકાની યાત્રા કરી પાછા પણ આવી ગયા હતા. મુખીના કહ્યા પ્રમાણે નંદદાસ એમને ઊંઘતા મૂકી ક્યાંય ચાલ્યા ગયા હતા અને લાપતા થયા હતા. દ્વારિકા જવા નીકળેલા નંદદાસ દ્વારિકા પહોંચ્યા જ નહોતા એવું મુખીએ તુલસીદાસને કહ્યું, ત્યારથી તુલસીદાસ નાનાભાઈને શોધી રહ્યા હતા. રોજ સવારસાંજ એ ગામને પાદર આવી પીપળાના ઝાડ નીચે રામકથા સંભળાવવાના બહાને બેસતા. પાદરેથી પસાર થતા વટેમાર્ગુઓ, યાત્રાળુઓ, વણજારાઓ અને આજુબાજુના વિસ્તારના રહેવાસીઓને નંદદાસ વિષે પૂછતા. ક્યાંયથી પત્તો નહોતો મળતો. બિચારા તુલસીદાસજી દુઃખીદુઃખી થઈ ગયા હતા અને સતત ચિંતા કર્યા કરતા હતા.

"નંદદાસ... વિધર્મીઓની જાળમાં તો નહીં ફસાયો હોયને?" નંદદાસ અને એમનો પરિવાર રામાનંદી સંપ્રદાયના ભક્ત હતા. એકપત્નીવ્રત પાળતા ભગવાન રામચન્દ્રજીના અનુયાયી હતા. "વ્રજભોમકામાં આથડતા નંદદાસે...કૃષ્ણભક્તિમાં એની જાતને ડુબાડી અન્યાશ્રય તો નહીં કર્યો હોય ને?"

તુલસીદાસજીને ભાઈના ધર્માચરણની ચિંતા હતી. સમસ્ત ભારતમાં જેમની રામભક્તિ પ્રખ્યાત હતી, જેમણે તુલસીકૃત માનસ રામાયણ રચ્યું હતું અને ભારતભરમાં એ પ્રતિષ્ઠા પામ્યું હતું એના રચયિતા - આજન્મ રામભક્ત તુલસીદાસને એમનો ભાઈ કૃષ્ણભક્તિમાં ડૂબી જાય એ બિલકુલ પસંદ નહોતું...

"એક ગોરો રૂપાળો... દૂબળોપાતળો યુવાન ગોકુલમાં શ્રીગુસાંઈજીનો શિષ્ય છે, જેનું નામ નંદદાસ છે." મુખી બોલ્યા.

"એ સારું ગાય છે? એનો કંઠ કેવો છે?"

"સરસ ગાય છે! મધુર કંઠ તો છે, પણ એ તો અમારા લાડલેલાલ કૃષ્ણ કનૈયાનાં સરસ પદો પણ લખે છે."

"નક્કી...નક્કી...તો એ જ મારો ભાઈ નંદદાસ...મિત્રો, હું હવે તમને મારો પરિચય આપું.." કહેતાં તુલસીદાસ સ્વસ્થ થયા... ત્યાં જ ગામના મુખીએ એ કાર્ય ઉપાડી લેતાં કહ્યું:

"તમે 'માનસરામાયણ'ના રચયિતા કવિ તુલસીદાસનું નામ સાંભળ્યું છે?"

“હા, કેમ નહીં? એમના રામાયણ પરથી તો અમે વ્રજવાસીઓ ખડી હિંદી ભાષામાં રામલીલા તૈયાર કરી ગામેગામ ભજવીએ છીએ.”

“તો આ જ સંત તુલસીદાસજી છે..” મુખીએ પરિચય આપતાં કહ્યું અને ‘તુલસીદાસજી’નું નામ પડતાં જ વાતાવરણનો માહોલ બદલાઈ ગયો.

“ઓહ! આપ જ સંત તુલસીદાસજી...નમસ્કાર...” દંડવત્ પ્રણામ કરતા રામલીલા ભજવતા અનેક પંડાઓ સંત તુલસીદાસના પગે પડ્યા...

ભાઈઓ... તમે મારો નાનોભાઈ નંદદાસ ગોકુલમાં હોય તો એને મારી એક ચિઠ્ઠી પહોંચાડશો? એને કહેશો કે ભઈલા... પાછો આવ... દિવસ ને રાત આ તારો ભાઈ તારા વગર ઝૂરે છે...” - કહેતાં તુલસીદાસજી ગળગળા થઈ ગયા.

“આપશ્રી નચિંત રહો...આપના બધા જ સંદેશાઓ અમે રૂબરૂ નંદદાસજીને વ્રજમાં ઘૂમી શોધીને પહોંચાડશું અને બનશે તો તમારી પાસે પહોંચતા કરશું...” મુખીએ આશ્વાસન આપતાં કહ્યું.

“મારું આટલું કામ જરૂર કરી દેજો, ભાઈ...” તુલસીદાસ ફરીથી બોલી ઊઠ્યા.

“મુખી... એ નંદદાસ તો ગોકુલમાં શ્રીગુસાંઈજીના સેવક થયા છે... અને ગિરિરાજજીના શ્રીજીબાવાના મંદિરમાં પદો ગાય છે.” મુખીનો યુવાન દીકરો બોલી ઊઠ્યો.

તુલસીદાસે રાત જાગીને હૈયું હલબલાવી મૂકે તેવો લાગણીભર્યો પત્ર નંદદાસજી પર લખીને સંઘના મુખિયાને આપ્યો.

યાત્રાળુઓનો સંઘ ગોકુલ પહોંચ્યો.

સંઘના મુખીએ ગોકુલમાં શ્રી નવનીતપ્રિયાજીની સન્મુખ મંગળાનાં દર્શનમાં પદો ગાતા નંદદાસજીને શોધી કાઢ્યા અને દર્શન પછી એમને એક ખૂણામાં બોલાવી, રામપુરમાં એમના વડીલભાઈ સાથે થયેલી મુલાકાતની વાત કરતાં એમના વડીલબંધુએ આપેલો પત્ર નંદદાસજીને આપ્યો.

નંદદાસજીએ પત્ર હાથમાં લીધો અને ખોલીને એક નજર અંદરના લખાણ પર નાખતાં હૃદયમાં ગ્લાનિ સર્જાઈ ગઈ. વડીલબંધુ લખતા હતા :

ચિ. ભાઈ નંદદાસ,

આપણે ધર્મે, સંસ્કારે અને વાતાવરણે રામાનંદી ધર્મના અનુયાયીઓ છીએ. રામચન્દ્રજીના ઉપાસક તરીકે પતિવ્રતાધર્મ છોડી વ્યભિચારનો ધર્મ તેં અપનાવ્યો છે તે ઠીક નથી કર્યું...આ પત્ર મળ્યે તું વિનાવિલંબે કૃષ્ણભૂમિ છોડી અહીં રામના ધામ રામપુરમાં ચાલ્યો આવ, એટલે અયોધ્યાની યાત્રા કરાવી, પતિવ્રતધર્મ બતાવું.”

નંદદાસે વડીલબંધુને તરત પ્રત્યુત્તર આપી દીધો :

પ્રિય મોટાભાઈ,

તમારો પત્ર મળ્યો.

મારું પ્રથમ લગ્ન તો આપણા કુળની પરંપરા પ્રમાણે શ્રી રઘુકુલનંદન શ્રી રામચન્દ્રજી સાથે જ થયું હતું. પરંતુ નટખટ શ્રીકૃષ્ણ વચ્ચે દોડી આવ્યા... અને મારા સર્વસ્વને લૂંટી મને વ્રજમાં લઈ ગયા... શ્રી રામચન્દ્રજી આમ તો બળવાન, ધૈર્યવાન, શૂરવીર હતા, તો કૃષ્ણ મને કેવી રીતે ઉપાડી જાય... રામચન્દ્રજી તો એકપત્નીવ્રતના ઉપાસક છે, તો એ બીજી પત્નીને કેમ સ્વીકારી શકશે? શ્રીકૃષ્ણ તો સોળ હજાર અને આઠ રાણીઓને સંભાળી શકે છે, જ્યારે રામજી તો એક પત્નીને પણ સંભાળી ન શક્યા અને રાવણ સીતાજીને હરી ગયો. જેનામાં સોળ હજાર રાણીને સંભાળવાની તાકાત હોય એનો આશરો લઈએ તો પછી કોઈ ભય ન રહે... આ જન્મે તન, મન અને ધનથી મેં તો મારા ઇષ્ટદેવ શ્રીકૃષ્ણને સ્થાપ્યા છે."

અને પત્રના અંતમાં નંદદાસજીએ સરસ પદ લખીને મોકલ્યું:

કૃષ્ણ નામ જબતેં સ્રવન સુન્યોરિ આલી ભૂલિરી ભવન હૌં તો બાવરી ભઈરી ।
ભરિ ભરિ આવે નૈન ચિત્ત ન પરત ચૈન મુખહુ ન આવે ॥
બૈન તનકી દસા કછુ ઔર ભઈરી જેતે કે નેમ ધરમ વ્રત કીને રી ।
મૈં બહુવિધિ અંગ અંગ ભઇ હૌં તો સ્રવન મઈ રી ॥
નંદદાસ જા કે સ્રવન સુને યહ ગતિ, માધુરી મુરતિ કેધૌં કૈસી દઈરી ॥

નંદદાસે ખાસ કાસદ સાથે વડીલબંધુને પ્રત્યુત્તર મોકલ્યો. તુલસીદાસ પત્ર વાંચી નિરાશ સ્વરે બોલી ઊઠ્યા...

"આ મારો ભાઈ પૂરા કૃષ્ણરંગે રંગાઈ ગયો છે..." હવે એ તો 'દુજો ન લાગે રંગ' જેવી પરિસ્થિતિમાં છે."

૭. જો ગિરિ રૂચે તો બસો શ્રી ગોવર્ધન

તુલસીદાસજી કાશીથી કૃષ્ણભૂમિ - વ્રજમાં આવવા નીકળ્યા ત્યારે અંતરમાં છાનીછાની એક આશા ધબકતી હતી. કે બસ એક વાર નંદદાસનો ભેટો થઈ જાય.. એટલે સમજાવી પટાવીને ઘરભેગો કરીશ. નંદદાસ હવે યુવાન થયો હતો. એક વખત ધામધૂમથી પરણાવીને "વીસ-નોરાળી" વળગાડી દઈશું...એટલે આવી જાશે ઠેકાણે... ગામના લોકો પણ કાંઈક આવી જ વાત કહેતા હતા :

"તુલસી...આ તેરો નંદ બડો નટખટ હૈ... ઉસકે લિયે એક અચ્છી લડકી ઢૂંઢકે બ્યાહ કરા દે... સબ આડે તેડે નખરે ભૂલ કર અપની ગૃહસ્થીમેં મગ્ન રહેગો."

તુલસીદાસજી કાશીવિશ્વેશ્વરનાં દર્શન કરી ગોકુલ પહોંચ્યા. ઠકુરાણીઘાટ પર નંદદાસની તપાસ કરતા પહોંચ્યા...વ્રજભૂમિનું વાતાવરણ એમને ગમી ગયું.

કાશીમાં ધસમસતાં ગંગાજીનાં દર્શન કર્યાં હતાં... અને ગોકુલ-મથુરાને પાવન કરતાં શાંત, ધીરગંભીર યમુનાજીનાં દર્શન કર્યાં... એમને યમુનાજીનું ગાંભીર્ય... શાંતરસ શો વેગીલો પ્રવાહ... વધુ ગમી ગયાં. ઠકુરાણીઘાટ પર ઊભાં ઊભાં એમણે શ્રીકૃષ્ણનું ધ્યાન ધર્યું... નટખટ નંદકિશોર અને માખણચોર કાનુડો એક જ હોવા છતાં - એનાં અનેકવિધ સ્વરૂપોમાં - છટાઓમાં અનુપમ લાગતો હતો. લીલાંછમ જંગલો, હૃષ્ટપુષ્ટ ગાયોનાં ધણ... ડોકે બાંધેલી ઘંટડીનો રણકો, વાનરોનું હુપાહુપ, કોયલના ટહુકા, મયૂરનું નૃત્ય... અને આ બધા વચ્ચે ઊપસી આવતી વ્રજભાષાની મીઠાશ... વ્રજનાં ગોપગોપીઓના ચહેરા પર "મધુકર શ્યામ હમારો"નો ગર્વપૂર્ણ આત્મીયતાનો ભાવ...બેફિકરા, રંગરંગીલા લોકો વચ્ચે જો કાનુડો ગોઠવાઈ જાય તો નંદદાસની તો વાત જ ક્યાં કરવી? બચપણથી જ સાવ બિન્દાસ, ભણવામાં "ઢ" અને ગામને પાદર આવતી નૌટંકીઓના - રામલીલા અને કૃષ્ણલીલાના ખેલો જોઈ શૈશવ અને યુવાની વેડફી નાખનારા નંદદાસને એને અનુરૂપ એવી આ વ્રજભૂમિ મળી ગઈ હોય તો એ શિસ્ત, સંયમ અને શ્રીરામની મર્યાદામાં રહીને જિવાતી જિંદગીની કડાકૂટમાં પડવા શેનો આવે?

"અરે ભાઈ... મારા નંદદાસને જોયો?" ગોકુલના ઘાટ પર નંદદાસ ન દેખાતાં તુલસીદાસજીએ ગોકુલની ગલીઓમાં એમના નાનાભાઈને શોધવાનું શરૂ કર્યું.

"કોણ નંદદાસ...અરે હાં, પેલા અમારા ગુસાંઈજીનો સેવક નંદદાસ...સરસ મજાનાં પદો રચી અમારા ગોવિંદાને.. લાડલે મોહન...નવનીતપ્રિયાજીને રીઝવતા નંદદાસના માટે પૂછો છો?" - ગલીમાં કોઈક વ્રજવાસી નંદદાસ વિષે તુલસીદાસને પ્રશ્નોના રૂપમાં જવાબ આપી દેતો.

"હા ભાઈ હા... એ જ મારો નંદો...મારો નાનો ભાઈ!"

"અરે... તો તમે સંતકવિ તુલસીદાસજી તો નહીં?"

"હા ભાઈ... હું જ તુલસીદાસ..."

"અરે શું વાત કરો છો... તુલસીદાસજી... તમારો નાનલો નંદદાસ તો... આજ ઠકરાણીઘાટ પર બેસી શું ઉમળકાભેર 'મારા મોટાભાઈ...મારા મોટાભાઈ' કરતો તમારી ભક્તિની... શ્રી રામજી પ્રત્યેની નિષ્ઠાની, તમારા રચેલા રામાયણની વાતો કરે...કાંઈ વાતો કરે... અને તમને યાદ કરીને ક્યારેક તો રડી પણ પડે... હોં મોટાભાઈ..." વ્રજવાસી બોલતો.

"મોટાભાઈ...?" આશ્ચર્યથી તુલસીદાસે પૂછ્યું.

"મોટાભાઈ સ્તો...નંદદાસ તમને મોટાભાઈ કહીને બોલાવતાને?"

"હા ભાઈ, હા... મારો નંદદાસ ક્યાં છે? મને આટલો બધો મારો ભાઈ યાદ કરતો હતો... શું વાત છે...! હવે ભાઈનો પત્તો ક્યાં લાગે એ કહેશો, મારા ભાઈ?" અધીરા તુલસીદાસ પ્રશ્ન કરતા.

"હા, હજી થોડા દિવસ પહેલાં અહીંયાં જ હતો... અમારા શ્રીગુસાંઈજી અને નવનીતપ્રિયાજીના સાંનિધ્યમાં... લાગે છે કે હમણાં ફૂલદોલના દિવસો ચાલે છે... તે શ્રીનાથદ્વારા ગયો હશે... આજકાલ શ્રીગુસાંઈજી પણ ફૂલડોલ નિમિત્તે શ્રીનવનીતપ્રિયાજી સાથે ગિરિરાજજીમાં બિરાજે છે."

તુલસીદાસજીએ કશું પણ આગળનું સાંભળ્યા વગર મથુરા થઈ, ગાડાવાટે ગોવર્ધનની - ગિરિરાજજીની વાટ પકડી.

વહેલી સવારના નીકળેલા તુલસીદાસજી આથમતી સાંજે ગિરિરાજજીની તળેટીમાં પહોંચ્યા ત્યારે મંદિરમાં ભોગ આરતીનાં દર્શન ખૂલવાની તૈયારી ચાલી રહી હતી.

તુલસીદાસજી દંડવતી શિલા નજીક પહોંચ્યા, ત્યારે એમણે નંદદાસજીને દંડવતી શિલાની પ્રદક્ષિણા કરતા જોયા.

સાવ કૃશ શરીર, પણ સ્ફૂર્તિનો ધોધ વહેતો હતો. કફની ધોતી અને માથે ઝબલા-ટોપીમાં પણ રૂપાળા લાગતા નાનકડા ભાઈને જોતાં જ હરખઘેલા તુલસીદાસજી બોલી ઊઠ્યા:

"નંદલાલ..." - સાતમી પ્રદક્ષિણા પૂરી કરી ચૂકેલા "ગિરિરાજધરણ શ્રીજી તુમ્હારે શરણ"ની ધૂન ગણગણતા નંદદાસ ઝબકીને ઊભા રહી ગયા. દંડવતી શિલાને પગે લાગતા નંદદાસે અવાજની દિશામાં નજર કરી. અવાજ પરિચિત લાગ્યો... પણ ઘણાં વર્ષો પછી કાને પડ્યો હોય એવું લાગ્યું.

"અરે, મોટાભાઈ...તમે?" - કહેતા નંદદાસ દોડીને મોટાભાઈ તુલસીદાસને દંડવત્ પ્રણામ કરીને ભેટી પડ્યા.

"નંદા..." કહેતાં મોટાભાઈ તુલસીદાસની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી. એમણે નંદદાસને છાતી સરસા ભીંસી દીધા..

થોડેક દૂર... "આરતી ભોગ"નાં દર્શન કાજે ગિરિરાજજી પર આરોહણ કરી

રહેલા શ્રીગુસાંઈજીની આંખે નંદદાસ અને તુલસીદાસનું હૃદયંગમ દશ્ય ખડું થઈ ગયું. બન્ને ભાઈઓની ચારે આંખોમાંથી મિલનનાં હર્ષાશ્રુ ધરતી પર પડી રહ્યાં હતાં એ જોતાં એમની સાથે પર્વતારોહણ કરતા દામોદરદાસ હરસાણી, ગોવિંદસ્વામી, સૂરદાસ ઇત્યાદિને સંબોધીને બોલાઈ ગયું:

"જુઓ... જુઓ, રામભરતનું મિલન... પ્રેમની ગંગા અને યમુનાનો અદ્‌ભુત સંગમ આ બે ભાઈઓના મિલનમાં કેવો સર્જાઈ ગયો છે... ભ્રાતૃપ્રેમ આ છે... અને જ્યાં સુધી આવો પ્રેમ આ ધરતીના પાટલે ફોરતો હશે, ત્યાં સુધી આ પૃથ્વીનું અનિષ્ટ ક્યારેય થવાનું નથી."

"ભાઈ...ચાલો ભોગ આરતીનાં દર્શનની વેળા છે. અમારા શ્રીગુસાંઈજી - શ્રી વલ્લભનંદનના શ્રીહસ્તે આરતી થશે... તો દર્શન કરી જીવતર સાર્થક કરો!"

"ના, ભાઈ...હું અહીં તળેટીમાં જ ઠીક છું. તું દર્શન કરી આવ."

"અરે, મોટાભાઈ... ચાલો તો ખરા." કહી નંદદાસ એમના મોટાભાઈને પરાણે હાથ પકડીને શ્રી ગોવર્ધનનાથજીના મંદિરમાં ખેંચી ગયા.

મંદિરમાં પહોંચ્યા ત્યારે દર્શન ખૂલી ગયાં હતાં.

"ચાલો...ભાઈ...અમારા શ્રીજીબાવાનાં દર્શન કરો... કેવા પ્રસન્નતાથી બિરાજે છે..." - હોંશભર્યા નંદદાસ બોલ્યે જતા હતા.

તુલસીદાસજીએ શ્રી ગોવર્ધનનાથજી સામે દૃષ્ટિ કરી... અને નજર ઢાળી દીધી. માથું ન નમાવ્યું. નંદદાસજી હજી તો એમના ભાઈને કંઈ કહે ત્યાં જ કીર્તનઘરમાંથી "સૂનેરી મૈંને નિર્બલ કે બલરામ"નું પદ ગાતા સૂરદાસજી - એક ક્ષણ પૂરતી પદની ટૂક અધૂરી રાખી બોલી ઊઠ્યા:

"તુલસીદાસજીનું મસ્તક તો, નંદદાસ, શ્રીરામચન્દ્રજીને જ નમશે...આપણા ગોવર્ધનધરને નહીં નમે!" અને એ જ પળે નંદદાસ વિહ્‌વળ બની ગયા. એક નજર એમણે નત નયને અંગૂઠાથી જમીન ખોતરતા તુલસીદાસજી પર નાખી અને બીજી જ ક્ષણે શરીર ટટ્ટાર કરતાં - ચહેરા પર અનોખી ખુમારી અને અખૂટ શ્રદ્ધા સાથે શ્રી ગોવર્ધનનાથજી પર નજર સ્થિર કરતાં - પડકારભર્યા અવાજે વિનંતી કરતાં ગાઈ ઊઠ્યા :

કહા કહોં છબિ આપકી ભલે બને હો નાથ ।
તુલસી મસ્તક તબ નમે જબ ધનુષ - બાન લેહુ હાથ ॥

અને સ્થિર નજરે નંદદાસ શ્રી ગોવર્ધનધરનું ધ્યાન ધરતા શ્રીજીબાવા સન્મુખ ખડા થઈ ગયા. તુલસીદાસજી ચમક્યા. એમના નાના ભાઈની પંક્તિઓમાં - એના ઇષ્ટદેવ શ્રી ગોવર્ધનનાથજી પ્રત્યેની અડગ નિષ્ઠા અને આત્મવિશ્વાસ હતાં... તુલસીદાસજીએ ધીમે-ધીમે એમની ઢળેલી આંખો ઊંચી કરી... અને શ્રી ગોવર્ધનનાથજી સામે એ આંખો ઠેરવી... ન ઠેરવી... ત્યાં તો એમનું સમસ્ત ચિત્તતંત્ર ખળભળી ઊઠ્યું...

વાતાવરણમાં અનોખી સુગંધ ફોરી ઊઠી. વાજિંત્રોના સુમધુર નાદ સાથે એમણે જોયું તો એમનાં ચર્મચક્ષુ સામે... શ્રીજીબાવા હાથમાં ધનુષ્યબાણ, માથે રાજાનો મુગટ... અને રાજા રામચન્દ્રજીના અદલ સ્વરૂપે તુલસીદાસજીને દર્શન દઈ રહ્યા હતા. તુલસીદાસજી તો આંખો સામે શ્રી રામચન્દ્રજીને જોઈ ભાનસાન ગુમાવી જમીન પર ઢળી પડ્યા...સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતાં...આંખમાં અશ્રુજળ સાથે ગાઈ ઊઠ્યા :

ભક્તહિત શ્રી રામ કૃષ્ણ સુ ધર્યો નર અવતાર ।
દાસ તુલસી દોઉં આસા કોઉ ઉબારો પાર ॥

તુલસીદાસે શ્રી ગોવર્ધનનાથજીને સાષ્ટાંગ દંડવત્ કર્યા ત્યારે બાજુમાં દંડવત્ કરતા નંદદાસજીથી બોલાઈ ગયું...

“વાહ, મારા વ્હાલા ગોવર્ધનનાથ, વાહ...” અને એમનાથી બોલાઈ ગયું... તુલસીદાસજીના હૈયાને હચમચાવી દે તેવું વાક્ય:

ભક્તિ પદારથ માંહી દેખું એક સમાન
કા ભેદ મેરે ગોવર્ધનનાથમેં... કો તુલસી કે રામમેં...

ગિરિરાજજીની તળેટી ઊતરતાં જ તુલસીદાસજીને થઈ ગયું કે...નંદદાસજી, એમનો ભાઈ... પણ અનેરો ભક્ત હતો...

બીજા દિવસે મંગળાનાં દર્શન કરી બન્ને ભાઈઓએ ગોકુલ તરફ પ્રયાણ આદર્યું.

રસ્તામાં પરાસોલી આવ્યું...

“મોટાભાઈ... અહીં પરાસોલી - ચન્દ્રસરોવરના કાંઠે... આપણા મહાન કવિ સૂરદાસજીનો નિવાસ છે. ચાલો, મોટાભાઈ... બે ઘડી સૂરદાસજીનો સત્સંગ કરતા જઈએ...” નંદદાસજી બોલ્યા.

“નંદદાસ... તેં સાચું જ કહ્યું. સૂરદાસજી આપણા યુગની એક એવી મહાન કલા-હસ્તી છે કે એ પુષ્ટિસંપ્રદાયના કવિ હોવા છતાં એ સમસ્ત સમષ્ટિના-જગતના- “આપણા” શબ્દ તેં જે વાપર્યો છે ને... એવા એ “આપણા” સર્વના લાડલા કવિ છે. એમને દંડવત્ કરીને જ આપણે ગોકુલ જઈશું.” તુલસીદાસજી સૂરદાસજીનું નામ સાંભળતાં જ ભાવવિભોર બનતા બોલી ઊઠ્યા...

પરાસોલીના વનાંચલમાં પ્રવેશતાં જ... ચન્દ્રસરોવરના હિલોળા લેતાં જલબિંદુના મધુર અવાજ સાથે એથી પણ મીઠો, હૃદયની અંદર ભક્તિભાવની ઝણઝણાટી ફેલાવી દે તેવો, વાતાવરણમાં ગળાઈ-ગળાઈને પવનની પાંખે હિલોળા લેતો એક અવાજ બન્ને ભાઈઓને કાને પડયો. સૂરદાસજી એમની મસ્તીમાં ગાઈ રહ્યા હતા:

જો હમ ભલે બુરે તો તેરે ।
તુમ્હૈં હમારી લાજ બઢાઈ, વિનતી સુન પ્રભુ મેરે ॥

સબ તજિ તુવ સરનાગત આયૌ, નિજ કર ચરન ગહેરે ।
તુમ પ્રતાપ બલ બદત ન કાહુ, નિડર ભયે ઘર ચેરે ॥
ઔર દેવ સબ રંક ભિખારી, ત્યાગે બહુત અનેરે ।
"સૂરદાસ" પ્રભુ તુમ્હારિ કૃપા તેં પાયે સુખ જુ ઘનેરે ॥

"કૌન હો, ભૈયા... કીસને મેરો આંગન પાવન કિયો..." પદ પૂરું થતાં જ કુટિર પાસે કોઈનો પદરવ સંભળાતાં સૂરદાસજી બોલ્યા.

"સૂરદાસજી...પાવન તો મૈં હુવો... આપકે દરશનસે... મૈં ગોસ્વામી તુલસીદાસ... નંદદાસકો ભાઈ... આપકો પદ સુનને ચલો આયો...સૂરદાસજી!" - તુલસીદાસજી વૃદ્ધ સૂરદાસના પગ પકડવા મથતા હતા, ત્યાં જ સૂરદાસે ઊભા થઈ..

"નહીં...નહીં, મેરે ભૈયા તુલસી...તુમ્હારો સ્થાન તો મેરે હૃદયસોં હૈ...આજ મેં પાવન હો ગયા...કૃષ્ણકે ઘર રામ પધારે... અબે ભૈયા નંદદાસ...બડે ભૈયા કો આસન પાની દીજો...મેરે ભાઈ..."

"સૂરદાસજી... આપ ચિંતા મત કીજિયો... મેં સો હૂં, સબ સમાસ લુંગો." નંદદાસ વૃદ્ધ સૂરદાસનો હાથ પકડી એમને આસન પર બેસાડતાં બોલ્યા.

બે મહાન ભક્તકવિઓના મિલનથી રંગત જામી ગઈ... તુલસીદાસે મન મોકળું મૂકીને રામાયણની ચોપાઈઓ ગાઈ, તો સૂરદાસે બાળલીલાનાં અનેક પદોથી સારસ્વત કલ્પનું ગોકુળિયું... વ્રજધામ સર્જી દીધું...

રાત ક્યાં વીતી ગઈ એની પણ ખબર ન પડી... વહેલી સવારે સ્નાનાદિક કાર્ય પતાવી, થોડોક આરામ કરી, તુલસીદાસજી ફરી એક વખત સૂરદાસજીને ભેટતાં, વિદાય લેતાં રડી પડ્યા...

"સૂરદાસજી... મારી એક વિનંતીનો સ્વીકાર કરશો?"

"વિનંતી શેની, તુલસીજી! તમારી તો આજ્ઞા હોય. બોલો."

"આ મારો નાનકો નંદદાસ છે ને?"

"હા, બડો નટખટ છે. તે શું છે એનું?" સૂરદાસજી હસીને બોલ્યા.

"એને આપની સેવામાં રાખી, ગીતસંગીતનો તમારો વારસો સાંચવી શકે તેવો બનાવો."

"અરે તુલસીજી! શું વાત કરો છો? તમારો આ લાડલો ભાઈ તો "પદસાહિત્ય"માં ખૂબખૂબ આગળ વધી ચૂક્યો છે. એનું ગીતસંગીતનું જ્ઞાન અગાધ છે. તમે ચિંતા ના કરશો.. એના પર મા સરસ્વતીની તો મહેર છે જ, પરંતુ એથી વિશેષ મારો ગોવર્ધનનાથ એનાં પદો સાંભળવા હાજરાહજૂર ગિરિરાજજી પર બિરાજે છે." સૂરદાસજી બોલ્યા.

પરંતુ એને હજી શિક્ષા, સમજ ઇત્યાદિ આપવાની જરૂર છે." તુલસીદાસ બોલ્યા.

સૂરદાસની ગાયકી, સૂરદાસનું સંગીતજ્ઞાન, સૂરદાસનો પદવૈભવ, સૂરદાસની ખુમારી, સૂરદાસનાં પદોમાં રહેલું ઊંડાણ, ભક્તિ, શ્રદ્ધા, રાગ, વિરાગ, વિરહ, મિલન ઇત્યાદિ બધા જ ભાવોનું ઊંડાણભર્યું નિરૂપણ અનોખું હતું તે કાવ્યમર્મજ્ઞ તુલસીદાસજી જાણતા હતા.

નાનો ભાઈ આવા સદ્ગુરુ પાસેથી પ્રમાદ સેવ્યા વગર કાંઈ શીખે તો...એનું જીવતર ધન્ય થઈ જાય તેમ હતું.

"તુલસીજી! તમારો નટખટ નંદદાસ ગુસાંઈજીની આજ્ઞાથી મારી પાસે કૃષ્ટપદો, વિરહ, મિલન, બાળલીલા ઇત્યાદિ વિષયો પર શિક્ષા લેવા આવે જ છે; પણ એનું પોતાનું સંગીતનું જ્ઞાન એટલું અગાધ છે કે મારે એને કશું જ શીખવવાનું રહેતું નથી."

"અરે, એવું હોય?"

"છે, તુલસીદાસજી, છે તમે માનસચરિત્ર રામાયણનું આલેખન કરી આપણી ભોળીભાલી શ્રદ્ધાળુ ગામઠી પ્રજાને એની ભાષામાં રામાયણનું જે પ્રદાન કર્યું છે, એવું જ શ્રીમદ્ ભાગવત નંદદાસ તૈયાર કરી રહ્યો હતો."

"શું વાત છે, નંદદાસ... તેં આટલા સમય દરમિયાન કહ્યું પણ નહીં?"

"શું કહે... આ વ્રજનાં શાસ્ત્રોનું પારાયણ કરતા શાસ્ત્રીઓ કરતાં જુદી રીતે નંદદાસે શ્રીમદ્ ભાગવતને સરળ શૈલીમાં રોચક બનાવી, શુદ્ધ - સત્ય - કશા જ ખોટા અલંકારો, અતિશયોક્તિઓ, જનતાને અંધશ્રદ્ધાળુ કરતી આડકથાઓ ઇત્યાદિને દૂર કરી... એણે સત્ત્વશીલ શ્રીમદ્ ભાગવતની વ્રજભાષામાં પ્રત તૈયાર કરી... એટલે ઈર્ષાળુ શાસ્ત્રીઓ દોડ્યા શ્રીગુસાંઈજી પાસે અને સાચું બોલી ગયા: 'મહારાજ... આ તમારો નંદદાસ એની લખેલી ભાગવતકથા વાંચવા માંડશે તો એ એટલો બધો પ્રખ્યાત થઈ જશે કે અમારી કથા સંભળાવવા અમને કોઈ બોલાવશે નહીં... અમારો રોટલો છિનવાઈ જશે, અમારાં બાળબચ્ચાં ભૂખ્યાં મરી જશે... આપ નંદદાસને એ રસ્તે જતો રોકો... અને તુલસીદાસજી...શું કહું તમને? ગુસાંઈજીએ તમારા ભાઈને બોલાવી આજ્ઞા કરી કે નંદદાસ, તમે આ કાર્ય ન કરતા - એવું જ બીજું સુંદર કાર્ય હું તમને સોંપું છું... એ કરો."

"કયું કાર્ય?" તુલસીદાસજી અહોભાવથી નાનાભાઈ સામે જોતાં બોલ્યા.

"શ્રીગુસાંઈજીએ નંદદાસને પંચાધ્યાયી વ્રજલીલાનું આલેખન કરવાની આજ્ઞા આપી. અને તુલસીજી, તમને ખબર છે... તમારા ભાઈએ શ્રીવલ્લભનંદનની આજ્ઞા શિરે ચઢાવી વ્રજભાષામાં લખેલી શ્રીમદ્ભાગવતની પ્રત જમુનાજીમાં પધરાવી દીધી... અને પંચાધ્યાયીનું સર્જન કર્યું."

"કઈ પંચાધ્યાયી, નંદદાસ...તું તો કાંઈ કહેતો પણ નથી!"

"એ શું તે હું તમને કહું..." કહેતાં સૂરદાસજી એકીશ્વાસે કડકડાટ નામો બોલી ગયા...

"મોટાભાઈ... હવે એક વાતની સ્પષ્ટતા કરી દઉં..."

"શું?"

"આ બધું જ કાર્ય... આ કુટિરમાં... સૂરદાસદાદાના માર્ગદર્શન નીચે થાય છે... એમને આનું શ્રેય જાય છે..." નંદદાસ બોલ્યા. સૂરદાસજીને વંદન કરી બન્ને ભાઈઓએ ગોકુલની વાટ પકડી.

"નંદદાસ..." તુલસીદાસજી બોલ્યા.

"બોલો, મોટાભાઈ!" રસ્તો કાપતાં નંદદાસજી બોલ્યા.

"મારી એક વિનંતી છે, ભાઈ... આ તારી પ્રતિભા, આ તારું જ્ઞાન, તારાં પદો, સંગીતની સમજ... બધું જ તારા ભાવિને ઊજળું જ નહીં પણ ઉત્તમ બનાવી રહેવાનું છે... આપણે મૂળ રામાનંદી કુળના બ્રાહ્મણો...શ્રીરામચન્દ્રજી આપણા ઇષ્ટદેવ...તું મારી સાથે ગામ ચાલ... તને ગમે તો અયોધ્યા રહેજે...જગન્નાથપુરી...કાશી, જ્યાં તારું દિલ ઠરે ત્યાં રહે. પર્વત ગમે તો ચિત્રકૂટ છે અને વન ગમે તો દંડકારણ્ય ક્યાં નથી? આપણા ઇષ્ટદેવ રામચન્દ્રજીએ આ બધાં જ તીર્થો પાવન કર્યાં છે... તો તું એ સ્થળોમાં નિવાસ કરી... આપણા ઇષ્ટદેવનું ધ્યાન ધર...પૂજા કર... ભક્તિ કર..."

નંદદાસજીએ એમના વડીલબંધુ પર દયાપૂર્ણ દૃષ્ટિ નાખી...

આ તે કેવા મોટાભાઈ... કે આટઆટલાં મારી જિંદગીનાં પાસાંનું દર્શન કરાવ્યા પછી પણ એમને આ નંદદાસ આજન્મ કૃષ્ણભક્ત થવા જ સર્જાયો છે... એ કેમ સમજાતું નહીં હોય! અરે, જે રામ છે... એ જ ગોવર્ધનનાથ છે... શ્યામ છે... અને જે શ્યામ છે એ જ રામ છે... એનાં પ્રત્યક્ષ દર્શન કરાવવા છતાં પણ આ ભાઈના દિલમાં કેમ ઊતરતું નથી કે એના નંદદાસને "વ્રજ વહાલું" છે...એને વૈકુંઠ કે ચિત્રકૂટની જરૂર જ નથી.

"મોટાભાઈ...હું તો તમને આ વ્રજભૂમિમાં આવી વસવાટ કરવાનું નિમંત્રણ આપું છું...સાંભળો:

"જો ગિરિ રૂચે તો બસો શ્રીગોવર્ધન, ગામ રૂચે તો બસો નંદગામ ।
નગર રૂચે તો બસો મધુપુરી, સોભા સાગર અતિ અભિરામ ॥
સરિતા રૂચે તો બસો યમુનાતટ, સકલ મનોરથ પૂરન કામ ।
નંદદાસ કાનન રૂચે તો બસો ભૂમિ વૃંદાવન ધામ ॥"

ગોકુલ ગામમાં પ્રવેશ કર્યો ત્યાં સુધીમાં તુલસીદાસજીને એક વાતની પ્રતીતિ થઈ ગઈ કે એમનો ભાઈ "કૃષ્ણ-તરબોળ" થઈ ગયો છે.

"મોટાભાઈ, શ્રીગુસાંઈજી હાલમાં ગોકુલમાં બિરાજે છે, તો રામપુર જતાં પહેલાં એમનાં પણ દર્શન કરી લ્યો."

"જરૂર...શ્રીગુસાંઈજી પણ વર્તમાન ભારતભોમની એક મહાન વિભૂતિ તો છે જ ને!"

બન્ને ભાઈઓ શ્રીગુસાંઈજીના મુકામે પહોંચ્યા. શ્રી વલ્લભનંદન સ્મિતભર્યા ચહેરે સુખાસન પર બિરાજતા હતા. બન્ને ભાઈઓ એમની નજીક પહોંચ્યા. નંદદાસજીએ શ્રીગુસાંઈજીને દંડવત્ કર્યા...તુલસીદાસજી શ્રીગુસાંઈજી સામે ઊભા રહ્યા.

“કૃપાનાથ... આ મારા મોટાભાઈ ગોસ્વામી તુલસીદાસજી છે. શ્રી રામચન્દ્રજીના પરમ ભક્ત છે અને એ રામસીતાજીની જુગલજોડી સિવાય કોઈને વંદન કરતા નથી.”

“તુલસીદાસજી, આપ બિરાજો...આપ તો આપણી લોકભાષાના પિતામહ છો. અવધીભાષામાં આપે સરળ રામાયણગ્રંથ તૈયાર કરી, સમગ્ર વિશ્વજાતિનું કલ્યાણ કર્યું છે. આપના એ પુરુષાર્થને - સેવાને મારાં વંદન છે...”

તુલસીદાસજીએ નમ્ર થઈને એક ખૂણામાં આસન જમાવ્યું...બરોબર એ જ સમયે શ્રીગુસાંઈજીના નવા જ પરણેલા પંચમ પુત્ર રઘુનાથજી એમનાં નવોઢા પત્ની જાનકીજી સાથે સભાખંડમાં પ્રવેશ્યા, એટલે સાહજિક સ્વરમાં ગુસાંઈજી હસી-મજાક કરતા બોલી ઊઠ્યા:

“રઘુનાથજી...તમારા સેવક આવ્યા છે. એમને દર્શન આપી કૃતાર્થ કરો.”

- અને તુલસીદાસજી ચમક્યા. આસન પરથી ઊભા થઈ ગયા. ગુંસાઈજીના બોલ સાંભળતાં જ એમની નજર પ્રવેશદ્વાર પર પડી... અને એમના આશ્ચર્ય વચ્ચે ધનુષ્યધારી શ્રીરામચન્દ્રજી જાનકીમાતા સાથે ખંડમાં પ્રવેશતા હતા. તુલસીદાસજીની આંખો અદ્‌ભુત દર્શન કરતી રહી. અરે, તુલસીદાસજીના મુખમાંથી પદ સરી પડ્યું:

બરનાં અવધ શ્રી ગોકુલ ગામ ।
ઉત બિરાજત જાનકીવર, ઇતહિ સ્યામા સ્યામ ॥
ઉંહા સરજુ બહત અદ્‌ભુત, ઇહાં શ્રીજમુના તીર ।
હરત કલિમલિ દોઉં મૂરત સકલ જનકી પીર ॥

અને અંતમાં આનંદવિભોર થઈ જતાં ગાઈ ઉઠ્યા:

“ભક્ત હિત શ્રી રામ કૃષ્ણસુ ધર્યો નવ અવતાર ।
દાસ તુલસી દોઉ આસા કોઉ ઉબારો પાર ॥

શ્રી વલ્લભનંદનના ચહેરા પર સ્મિત ફોરી ઊઠ્યું.

૮. સંસાર માંડ્યો ને સંસાર છોડ્યો

સૂરદાસજીના કાન પર ખટ...ખટ...ખટ...ચાખડીઓનો સંભળાતો સૂર ધીમે-ધીમે મંદ થતો ઓલવાઈ ગયો. વાતાવરણમાં સ્તબ્ધતા પથરાઈ ગઈ. આંગણેથી એક મહાન કવિ તુલસીદાસે વિદાય લીધી હતી. રામભક્ત તુલસી અને કૃષ્ણભક્ત સૂરદાસનું એ અનોખું મિલન થયું હતું, જેનું શ્રેય તુલસીદાસના નાનેરા પિતરાઈ ભાઈ નંદદાસને જતું હતું. અને એ મિલન પણ કેવું અદ્ભુત...ન રાગ...ન વિરાગ...ન રામ પ્રત્યે અનુરાગ...ન કૃષ્ણ પ્રત્યે કટુ ભાવના...બન્ને વિદ્વાન...પોત-પોતાના ઇષ્ટદેવના અખંડ આરાધક...પોતપોતાના ઇષ્ટદેવ પર અમર સાહિત્યકૃતિઓ રચનારા ધૂંવાધાર કવિરત્નો...

સૂરદાસજી હસી પડ્યા...

"ગરવ કિયો સોહિ નર હાર્યો"

એ ધ્રૂજી ઊઠ્યા....આ મિલન પછી... એ દિશામાં તો એ નહોતા સરી રહ્યા ને? એ જ ક્ષણે મનમાં આકાર પામતા વિકારોને ખંખેરી નાખી, એમનું પ્રિય એવું અજર-અમર પદ ગાવા મંડ્યા..

મના રેં કર માધોંસે પ્રીતિ...
કામ ક્રોધ મદ લોભ મોહ તું, છાંડિ સબૈ વિપરિતિ ॥
જો પૈં જિય લજ્જા નાહીં, કહાં કહાં સૌ બાર ।
એક હુ આંક ન હસિ બજે, સે સઠ સૂર ગંવાર ॥

એક સવારે નંદદાસ એમની મસ્તીમાં પદ ગાતા ગાતા સૂરદાસજીની કુટિરમાં આવી પહોંચ્યા.

"આવો, નંદદાસ...આજકાલ શું લખાય છે?" સૂરદાસે પૂછ્યું.

"મારો વહાલો સુઝાડે છે તે લખું છું."

"સરસ... તમારો કાવ્યસાહિત્યનો તેમજ સંગીત-સાહિત્યનો ખૂબ જ ઊંડો અભ્યાસ છે.. કાવ્યસાહિત્યનાં લગભગ તમામ લક્ષણો અનાયાસે આપોઆપ તમારાં કાવ્યોમાં પ્રગટ થઈ જ જાય છે. નંદદાસજી...પણ..." કહેતાં સૂરદાસજી અટકી ગયા. યુવાન નંદદાસને એમની કવિતા વિષે કાંઈ કહેવું કે ન કહેવું એની દ્વિધામાં હતા.

"પણ...શું...ગુરુદેવ...આપ ખમચાઈ કેમ ગયા?"

"તમારા પિંગળશાસ્ત્રના અભ્યાસ ઉપરાંત કાવ્યશાસ્ત્રનાં અનેક પાસાંઓનો તમે ખૂબ જ ઊંડો અભ્યાસ કર્યો છે, તે બરોબર, પણ ભાવકના હૃદયમાં ક્યારેક શુદ્ધ કવિતાનો આનંદ માણ્યાનો રસ જાગતો નથી...આ કદાચ વધુ પડતું તેજાબી વાક્ય હશે... પરંતુ તમારી શૈશવથી જ ખીલેલી રસવૃત્તિ, સૌંદર્યનું દર્શન થતાં જ - રૂપાળી સ્ત્રીને જોતાં જ તમારામાં સાંસારિક એષણાઓ જે જાગી જાય છે, એનું પ્રતિબિંબ

તમારી કાવ્યરચનામાં વિશેષ રૂપે છવાઈ જાય છે. પરિણામે કૃષ્ણ કનૈયાની અનંતલીલાનો નિર્દોષ પડઘો ઝિલાતો નથી. અંતરના છાને ખૂણે ધરબાયેલી અતૃપ્ત વાસનાઓનું જ્યાં સુધી સંપૂર્ણપણે નિયંત્રીકરણ નહીં થાય ત્યાં સુધી શુદ્ધ કવિતા નહીં જન્મે...તમારાં કાવ્યો ક્યારેક શબ્દોનાં છબછબિયાં બની...નાનકડા સમયખંડમાં વિલીન થઈ જતાં હોય છે."

નંદદાસ સૂરદાસની ખૂબ જ અંગત વાણી...એમના સાહિત્ય ઉપરની ટીકા-ટિપ્પણ પર પ્રસન્ન થયા અને સૂરદાસના પગ પકડી બોલી ઊઠ્યા:

"સૂરદાસજી...તમારી વાત સાચી છે. આ કાચી માટીના જીવમાં કચાશ હજી ઘણી છે... આપ જ મારા ગુરુદેવ છો. આપ જ મને રસ્તો બતાવો." નંદદાસજી બોલ્યા.

"નંદદાસ, મારી એક વાત માનશો?"

"હુક્મ કરો, વડીલ!"

"કેટલાક સદ્ભાગી જીવો અનાયાસે ભક્તિનું કવચ પહેરીને જ જગતના આંગણે આવતા હોય છે. એ વજ્ર શા કવચ પર ગમે તેટલા પ્રહારો થાય, પણ મન જ્યાં સુધી અડગ હોય ત્યાં સુધી વાંધો નથી આવતો... પરંતુ આવું સદ્ભાગ્ય ખૂબ જ ઓછાઓને મળે છે..."

"ગુરુદેવ...તમે કહેવા શું માગો છો?"

"નંદદાસ...મારું કહ્યું માનશો?"

"શી વાત છે...?"

"જુઓ, તમે હજી યુવાન છો. ત્રીસેક વર્ષ માંડ પૂરાં કર્યાં છે... આવા કપરા કાળમાં...જીવન જીવી જવા માટે પણ તમારે લગ્ન કરી - દૈહિક સુખો અને વાસનાને ભરપેટ માણી તૃપ્ત તૃપ્ત થઈ જવું જોઈએ...તમારી કૃષ્ણભક્તિ અજોડ છે...પરંતુ ખાસ પ્રસંગોએ...સ્ત્રીસૌંદર્યનું વર્ણન કરતાં - તમારી એ લૌકિક વિલાસિતા પ્રગટ થાય જ છે - પરિણામે તમારાં સર્જનોમાં આ વિલાસિતા અવરોધરૂપ બની જાય છે. તમે સંસારી જીવ છો. અને પરિણામે તમારી નામસેવા શ્રીજી સુધી પહોંચતી નથી..." સૂરદાસજી બોલ્યા. એમના ચહેરા પર ગ્લાનિ અને વિષાદના ભાવો તરી રહ્યા હતા.

"કૃપાનાથ, આપની આજ્ઞા માથા પર... હું આ જ ક્ષણે રામપુર જઈ - તમારી આજ્ઞા પ્રમાણે 'સંસારી જીવ' થઈ, સંસારવાટિકામાં રહીને પણ હું મારા વહાલાને ભજતો રહીશ."

- અને નંદદાસ ઓચિંતા જ રામપુર ગામમાં આવી પહોંચ્યા.

"અરે ભઈલા, તું આવ્યો?"

"હા, ભાઈ...ભક્તિના નિંભાડામાં ઈંધણ ઓછાં પડ્યાં... બસ હવે તો, મોટા-

ભાઈ, તમે કહેશો તેમ કરીશ. પરંતુ એ બધું મારા ગોવર્ધનનાથની આજ્ઞા પ્રમાણે કરીશ."

તુલસીદાસને આશ્ચર્ય થયું. જે કાર્ય એમના પત્રે કે એમની વ્રજની રૂબરૂ મુલાકાતે ન કર્યું - એ નંદદાસનું રામપુર પાછા ફરવાનું કાર્ય કોની પ્રેરણાથી થયું હશે એનો વિચાર આવતાં તુલસીદાસજી મૂંઝાઈ જતા હતા.

"નંદદાસ...આપણા સૂરદાસજી તો કૃષ્ણભક્તિમાં ક્ષેમકુશળ છે ને?" તુલસીદાસે પૂછ્યું.

"અરે ભાઈ...એ સંતે તો મને આ સંસારમાં પાછા ફરવાની... ભૌતિક સુખો અને એષણાઓથી તૃપ્ત થઈ ભક્તિ કરવાની આજ્ઞા કરી, એટલે હું પાછો આવ્યો છું બાકી મારા અંતરમાં - વિચારોમાં કોઈ પરિવર્તન આવ્યું નથી. હા, ગુરુ-આજ્ઞા થતાં સંસારમાં રહીને પણ સંસારથી અલિપ્ત - જલકમલવત્ રહી...મારે મારા ગોવર્ધનધરની ભક્તિમાં એકાકાર થવું છે..."

"હા, પણ એ કેટલે અંશે બનશે? સંસારનો જીવ એક વખત લૌકિક કળણમાં ખૂંપવા માંડશે - પછી એને બહાર કોણ કાઢશે?" તુલસીદાસજી એમની જિંદગીના કેટલાક પ્રસંગોને યાદ કરતાં બોલ્યા.

"ખૂંપાડનારો જ કાઢશે, મોટાભાઈ..."

અને તુલસીદાસે નાનાભાઈનાં લગ્ન કમલા નામની એક ઘરરખ્ખુ છોકરી સાથે કરાવ્યાં... પાંચેક વર્ષના દાંપત્યજીવનમાં એક દીકરાનો જન્મ પણ એમને ત્યાં થયો. નંદદાસે એનું નામ પાડ્યું કૃષ્ણદાસ...

રાતદિવસની એકની એક જળોજથાથી નંદદાસને લાગ્યું કે એમના વડીલ બંધુ કહેતા હતા તેમ એ સાંસારિક કળણમાં વધુ ને વધુ ખૂંપતા જતા હતા...એમની ભક્તિ...કે એને અનુરૂપ ચિંતન, મનન, ધ્યાન કે પદોનું સર્જન પણ અટકી ગયું. એમને થતું: રાતદિવસ ગોવર્ધનનાથ... એ ગિરિરાજની કંદરા...એ વ્રજભૂમિનું સૌંદર્ય, ખળખળ વહેતાં જમુનામૈયાનો પ્રવાહ...વહેલી સવારમાં મંદિરમાંથી ઊઠતો શંખનાદ...કદમની ડાળેથી કોઈક ગોપાલનો વેણુનાદ, ઠમક ઠમક ચાલે - માથે મટકીમાં ગોરસ ભરી વેચવા જતી વ્રજાંગનાઓ અને આ બધા વચ્ચે પલનામાં ઝૂલતા શ્રી નવનીતપ્રયાજી, વાંકે અંબોડે શોભતા - રાસરસેશ્વર શ્રી ગોવર્ધનનાથજીનાં આઠ સમાનાં દર્શન...એ અષ્ટછાપ સખાઓની સુમધુર પદાવલિ...શ્રી વલ્લભનંદનનો મોહક પ્રસન્ન ચહેરો...આ બધું રામપુરની ધરતી પર ક્યાંથી લાવવું...

નંદદાસની જિંદગી "જલ બીન મીનપિયાસી" જેવી તરફડતી થઈ ગઈ. અંતરમાંથી "ગિરિરાજધરણ પ્રભુ તુમ્હારે શરણ"નો એક જ નાદ ઊઠતો હતો...વિરહતાપ નંદદાસની ભક્તિના નિંભાડાનું હવે સાચું ઈંધણ બની ગયો હતો. એમના જીવને ચેન નહોતું...ઊંઘમાંથી ઝબકીને બાઘામંડળ જેવા થઈ જતા નંદદાસની વેદના કોઈને સમજાતી નહોતી-તુલસીદાસને પણ નહીં...

નંદદાસ આખો દિવસ રામપુરમાં અર્થહીન રખડ્યા કરતા...ક્યારેક રઝળપાટથી થાકીને આજુબાજુનાં અરણ્યોમાં ભટકતાં ભટકતાં એકાદ વૃક્ષની છાયામાં સૂઈ જતા... સપનામાં પણ વ્રજભૂમિ જીવતી થતી...

અને એક દિવસ સવારે નંદદાસની પત્ની કમલાની રાડથી વિસ્તાર ગાજી ઊઠ્યો. તુલસીદાસજી હાંફળાફાંફળા નંદદાસના ઘર તરફ દોડ્યા અને એકીશ્વાસે પ્રશ્નો કરતા રહ્યા:

“નંદદાસ...ક્યાં?”

જવાબમાં નંદદાસની પત્નીએ રડતાં-રડતાં એક નાનકડી ચિઠ્ઠી એના વડીલ જેઠને આપી.

ચિઠ્ઠીમાં લખ્યું હતું...

સંસારની માયાજાળનાં બંધનો સદાને માટે તોડી સાવ નિર્વિકાર ભાવ સાથે હું મારા વ્રજમાં...મારા ગોકુલમાં...ગોવર્ધનમાં...મારા ગિરિધર ગોપાલ...શ્રી ગોવર્ધનનાથજીના સાંનિધ્યમાં મારું શેષ જીવન પૂરું કરવા જાઉં છું...મારો સંસાર મારો ગોવર્ધનનાથ... મારી શોધ પાછળ વ્યર્થ સમય બરબાદ ના કરશો.... અંતમાં લખ્યું હતું - કોઈનો નહીં... નંદદાસ.

૯. સમભાવી રૂપમંજરી સાથે મિલન

દેખિ સખી ચંદવા મોર કે ।
આજુ બને સિર સાંવરે પિય કે પીત છબીલી છોર કે ॥
પુનિ લખી લલિત સલૌને લૌને, લોચન નંદકિસોર કે ।
બાંકી ચિતવન, ચલન તીરછી સી, છેદત ઉર કે ઔર કે ॥
બાર બાર ભુવ કુટિલ હોત જબ, ગાવત રાગ મરોર કે ।
માનોં પંખ સંવાર ન બૈઠે, પંકજ પર અલિ ભોર કે ॥
મુખ પર કછુક અમી - નિધિ માઇ, મોહન ચિત્ત કે ચોર કે ।
"નંદદાસ" મેરે નૈન ભએ તહાં, બરબસ મીન હિલોર કે ॥

કીર્તનઘરમાંથી નંદદાસનો મધુર કંઠ વાતાવરણમાં ગહેકી ઊઠ્યો. રાગની અદ્ભુત જમાવટ, આંખો સામે બિરાજતા શ્રી ગોવર્ધનનાથજીના ચહેરા પર પ્રસન્નતાનાં પુકુરો સર્જતી હતી. બંધ આંખો, મસ્તકનું ડોલન અને ચહેરા પર એકાત્મતાનો સૌંદર્યભાવ ઉછાળતા નંદદાસજીની પ્રભુ સાથે એવી તન્મયતા - એકરૂપતા જામી ગઈ હતી કે દર્શન પર ટેરો ક્યારે પડી ગયો એની પણ સૂધબૂધ રહી નહોતી...

બંધ પલક સામે એ ક્ષણે તો ગિરિરાજધરણ - શ્રી ગોવર્ધનનાથજીનું લાવણ્ય-સ્વરૂપ જ દૃષ્ટિમાન થતું હતું. શ્વેત ઝરીના ઝરિયાન વાઘા, શરદઋતુની સજાવટનો ઝગમગતો મુકુટ, ઝળહળતાં હીરાનાં આભૂષણો...આજુબાજુમાં વિવિધ વાજિંત્રો વગાડતું, નર્તન કરતું ગોપગોપીઓનું વૃંદ...અને સમસ્ત સૃષ્ટિ પર અને આકાશે પથરાયેલો ધવલ ચાંદનીનો પારાવાર પ્રકાશ... આહ્લાદક દર્શનમાં ગળાબૂડ ડોલતા નંદદાસને દર્શનાર્થીઓના સમૂહમાંથી એક હીરાજડિત આભૂષણોથી શણગારાયેલી, રૂડી રૂપાળી લાવણ્યમયી એક રાજઘરાનાની યૌવના મુગ્ધભાવે એકીનજરે નિષ્પલક નજરે જોઈ રહી હતી - કદાચ કલૈયા કુંવર જેવા ગીત-સંગીતના "કલાકાર"ને ઘટઘટ એની આંખોથી પી રહી હતી - હૈયામાં ઓગાળી રહી હતી. ચહેરા પર મુગ્ધતાના ભાવો છલકતા હતા. અણુઅણુમાંથી અહોભાવના ઉદ્ગાર "વાહ...શું કંઠ છે...શું પદ છે...શું ગાયકી છે... અને શું મારા વહાલા ગોવર્ધનનાથ સાથેનું તાદાત્મ્ય છે!" - સરી પડ્યા.

"કુંવરીબા... દર્શનના ટેરા આવી ગયા... ચાલો." રાજકુમારી સાથે આવેલી દાસીએ કુંવરીબાને ઢંઢોળ્યાં... મંત્રબદ્ધ આંખો ખૂલી ગઈ... ગુલાબની કલાત્મક રીતે ગોઠવાયેલી પાંદડીઓ એક ઝાટકે ખરી પડી... આખુંય દૃશ્ય... આખુંય રસમય વાતાવરણ ડહોળાઈ ગયું... રાજકુમારીએ આંખોમાં રતાશ ઉછાળતાં દાસી સામે જોયું.

"બૈરન કાહે કો તુમ ભઈ..." - રાજકુમારીના મુખમાંથી શબ્દો સરી પડ્યા...

વાત સાચી જ હતી...

હૃદયના તાર-મિલનની ઘડી હતી... અને... પ્રણયનું સૂરીલું સંગીત જિંદગીમાં

છેડાવાનું હતું અને... દાસીએ હૃદયનો તાર-સેતુ તોડી પ્રણયનું સંગીત બેસૂરું કરી નાખ્યું હતું - તાલ બેતાલ કરી નાખ્યા હતા...

બાકી તો પદની અંતિમ પંક્તિ —

"નંદદાસ મેરે નૈન ભએ તહાં, બરબસ મીન હિલોર કે..." - કેવી દિલમાં ચોટ કરી ગઈ!

કીર્તનઘરમાંથી નંદદાસજી એ જ મસ્તીમાં પદની ધૂન ગણગણતા બહાર પરિસરમાં આવ્યા. પરિસરના એક ખૂણામાં ઊભેલી રાજકુંવરી મુગ્ધભાવે પસાર થતા નંદદાસને જોઈ રહી.

યુવાન વય, ગૌરવર્ણ ચહેરો, તેજની લકીરથી ઝગમગતું ભાલ...દેવલોકમાંથી ઊતરી આવેલા કિન્નર જેવા યુવાન ગાયકને જોઈ રાજકુમારીની દિલની ધડકનનો વેગ વધી ગયો. શરીરમાં લોહી ઝડપથી વહેવા માંડ્યું...

રાજકુંવરીએ યુવાન નંદદાસનું ધ્યાન આકર્ષવા ખોંખારો ખાધો - હાથનાં કંકણ ખખડાવ્યાં...ચરણને ઠેકો માર્યો...વાતાવરણમાં એક ક્ષણ પૂરતાં અવાજનાં આંદોલનો ઊઠ્યાં...અને શાંત થઈ ગયાં.

યુવાન નંદદાસની આંખો એક પળ પૂરતી આંદોલનોની દિશામાં ફરી...એક યુવાન હસતી કન્યાના રૂપની ચહેરા પરની વિસ્તરેલી ક્ષિતિજો પર નંદદાસની દૃષ્ટિ પડી... ન પડી અને નંદદાસ નત નયને ચાલને ઝડપી કરતા ચાલ્યા ગયા..

ચહેરા પર કંઈ વિકાર... કંઈ ઉદ્વેગ.... પ્રસન્નતા કે કોઈ આશ્ચર્ય...! રાજકુમારીના આશ્ચર્યનો પાર ન રહ્યો.

"ઉત્તરાખંડના રાજ્યની રાજદુલારી એનાં રૂપ, ઠસ્સા અને મધુર કંઠની સાથે ઊભરતી સૌમ્યતા માટે આજુબાજુના પ્રદેશોમાં પ્રખ્યાત હતી. ધાર્મિક વાતાવરણ વચ્ચે એનું શૈશવ પાંગર્યું હતું. મહેલમાં વંશપરંપરાગત ઠાકોરજીની શ્રી મદનમોહનલાલજીની સેવા થતી હતી. વૃદ્ધ દાદાદાદીના ખોળામાં બેસી નાનકડી રાધિકા બની - રાજકુમારી રૂપમંજરી - એના મદનગોપાલજી સાથે વિવિધ પ્રકારનાં ખિલૌના સાથે ખેલ ખેલતી મોટી થઈ હતી. એના કંઠમાં કોયલનાં બેસણાં હતાં. રોજ વહેલી સવારે દાદાદાદી સાથે ઊઠીને એ "અપરસ"માં નાહીને ઠાકોરજીને સૂરદાસ, કુંભનદાસ અને અન્ય ભક્તકવિઓનાં પદો એના મધુરકંઠે ગાઈને જગાડતી...રૂપમંજરીને સંગીતનો બચપણથી જ ભારે શોખ...ભારતભરના માન્યવર સંગીતકારો રૂપમંજરીને સંગીતનું જ્ઞાન આપતા. રૂપમંજરી ખુદ કિશોરાવસ્થામાં પ્રવેશતાં પોતાનાં પદો રચીને શ્રી મદનગોપાલજી સમક્ષ ગાતી, ત્યારે મહેલનું વાતાવરણ મહેકી ઊઠતું...

રૂપમંજરીની વધતી ઉંમરે એની ઠાકોરજી પ્રત્યેની લગનમાં અનેકગણો વધારો કરી દીધો હતો. શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ, ધર્મચિંતન અને ભક્તિરસમાં ડૂબતી જતી રૂપમંજરીનું દિલ સંસારમાંથી ઊઠી ગયું હતું.. રાત ને દિન એ ભલી... એના મદનગોપાલજી ભલા... અને એનાં ભક્તિરસથી તરબોળ પદો ભલાં...

"બેટા...તારી હવે ઉંમર થઈ...તારા વિવાહ માટેના માગાં આવવા માંડ્યાં છે... બેટા, ડુંગરપુરના દિગ્વવિજયસિંહના કુંવર માટે તારું માગું આવ્યું છે... બેટા... આ દિશામાં અમે આગળ વધીએ?" - રાજવી પિતા પૂછતા. આતુર હૈયે માતા દીકરીનો જવાબ સાંભળવા ઉત્સુક નજરે એની સામે જોઈ રહેતી.

"બાપુ....મારાં તો લગન..ગોકુલના કાનકુંવર સાથે..ગિરિરાજજીના શ્રી ગોવર્ધનનાથ સાથે થઈ ગયાં છે..."

"બેટા...અસ્ત્રીનો અવતાર...આ ધરતી પર અવતરી માણસે એના લૌકિક ધર્મો તો બજાવવા જોઈએને?" પિતા દલીલ કરતા.

"બાપુ... તમે મારા કાનકુંવરને જોયા છે... એના જેવો રૂપાળો, એના જેવો નટખટ, એના જેવો પ્રેમાળ... એના જેવો દયાળુ..એના જેવો મર્મજ્ઞ, એના જેવો...શું કહું, બાપુ, "વર" ગોતવા ગ્યે જડશે નહીં... હું તો, બાપુ... મીરાંના ગોત્રની ગોવાલણી છું... જનમી-જનમી મરે એવો ભરથાર મારે ન ખપે..."

- અને રૂપમંજરી... "મેરે તો ગિરિધર ગોપાલ દૂસરો ન કોઈ"નું પદ ગાવા માંડતી.

"બાપુ...હાલોને વ્રજમાં જાઈએ ને... ઓલ્યા નંદકિશોરને મળીએ... ગોકુલના કાનુડા સાથે જમુનાતટે રાસ રમીએ, શ્રી ગોવર્ધનધરની ભુજામાં જઈને સમાઈ જઈએ.."

દીકરી - પિતા લગ્નની વાત કાઢે કે તરત જ વ્રજયાત્રાની વાત કાઢે... અને માતાપિતા - એનાં વૃદ્ધ માબાપ એમની યુવાન દીકરીને લઈને વ્રજમાં વિહાર કરવા નીકળી પડે...

આવી જ એક સફરની આજની સાંજ હતી. શરદઋતુનો પ્રભાવ સારી વ્રજભૂમિ પર પ્રસરેલો હતો. ધવલ ચાંદની, ધવલ આભૂષણો, ધવલ વસ્ત્રો...અને ચન્દ્રસરોવરનાં ધવલ જલશીકરોના છંટકાવથી ભાવભીનો થતો મહારાસનો એ ચોતરો... "મહારાસ"ની મધ્યરાત્રીએ બોલતી "લીલાના જીવો"ની રમઝટ...આખુંય વાતાવરણ રાસરસેશ્વર નિકુંજનાયક શ્રી ગોવર્ધનનાથજીની રાસલીલાથી ગુંજતું હોય ત્યારે રૂપમંજરી ગાંડીઘેલી થઈ પદો ગાતી...ચોતરા પર એકાકી ફુદરડી ફરતી માનસીમાં એના શ્રી ગોવર્ધનનાથ સાથે રાસ રમતી - વડીલો દીકરીની ભક્તિઘેલછા પર મુગ્ધ પણ થતાં અને વ્યથિત પણ થતાં કે આ ઘેલી રાધાનો કાનકુંવર ક્યાં ગોતવા જાવું?

નંદદાસજી શ્રી ગિરિરાજજી પરથી ઊતરી એમના મુકામે પહોંચી તો ગયા, પરંતુ હૃદયમાં અજંપો લઈને પહોંચ્યા... આંખો સામેથી... શ્રી ગોવર્ધનનાથજીની નિકુંજમાં ચરણના ઠેકા દેતી રાસરસેશ્વરી બની, એના ઠાકોરજી સાથે રાસ રમતી રાધિકા શી યૌવના ખસતી નહોતી..

નંદદાસજીનું હૈયુ પ્રફુલ્લિત થઈ ગયું...

સૌંદર્યનું એક સ્વરૂપ શ્રીજીબાવાને સમર્પિત થતું હોય એવાં દર્શન એમને મંદિરના

પરિસરના ખૂણામાં ઊભેલી યૌવનામાં થયાં. એકનું એક સ્વરૂપ આખી રાત નંદદાસજીને મૂંઝવતું રહ્યું. તો સામે પક્ષે રૂપમંજરીની દશા પણ એટલી જ વિહ્વળ હતી.. નંદદાસજીના મધુર કંઠમાંથી વહેલા સૂરે એને પરાસોલીના ચન્દ્રસરોવરની રાસભૂમિ પર પહોંચાડી દીધી હતી... જ્યાં એકએક રાધાને એકએક કાનમાં એ એને અને એના આ અમર ગાયકને આખી રાત મટકું પણ માર્યા વગર જોતી રહી.

બીજે દિવસે રૂપમંજરી ઊઠી ત્યારે એની આંખો સૂજી ગઈ હતી.

"કુંવરીબા, રાતના ઊંઘ નથી આવી કે શું?" દાસીએ પૂછ્યું.

"હા...આખી રાત મારા ગોવર્ધનનાથ સાથે રાસલીલા રમતી હતી...તે ક્યાંથી આવે?"

મંગળાનાં દર્શનનો શંખનાદ સંભળાયો.

"નક્કી પેલા ગાયક મંગળામાં કીર્તન કરવા આવવાના..." રૂપમંજરીનું ઘેલું હૈયું બોલી ઊઠ્યું...

"માડી... મારે તો આજે શ્રીગુસાંઈજી પાસે બ્રહ્મસંબંધ લેવાનું છે, યાદ છે ને?"

"હા બેટા... તું ભૂલી ગઈ, કાલનો અપવાસ પણ તેં કર્યો છે... હું શ્રીગુસાંઈજીની આજ્ઞા પણ લઈ આવી છું..." માતા બોલી.

સવારના પહોરમાં અપરસમાં સ્નાન કરી આખોય પરિવાર મંદિરમાં પહોંચ્યો.. વડીલોને આગળ જવા દઈ, રૂપમંજરીએ ગતિ ઘટાડી, દાસીને કહ્યું:

"આ જો, દૂરથી કોણ આવે છે?"

"અરે, આને તમે નથી ઓળખતાં? કુંવરીજી એ તો શ્રીગુસાંઈજીના અષ્ટસખા-મંડળનો ઉંમરમાં સૌથી નાનો પણ ગીતસંગીતનો અનોખો ભક્તકવિ નંદદાસ છે..." દાસી બોલી.

"બહુ સરસ છે, નહીં... શું એનો ચહેરો, ભાલ પર ઝળકતું તેજ! અને કાલે આપણે એને સાંભળ્યો હતો ને... કેવો મીઠો એનો સૂર છે! અત્યારે પણ એનું પદ હૈયામાં ગુંજ્યા કરે છે."

"પદ કે...પછી પદનો ગાનારો, કુંવરીબા..." દાસી મજાક કરતી બોલી...

"ચૂઉઉપ..." - કહેતાં રૂપમંજરીએ દાસીના ગાલ પર હળવી ટપલી મારી. બરોબર એ જ વખતે ... નંદદાસજી એની પાસેથી પસાર થતા - એક દૃષ્ટિ અજાણી યૌવના પર નાખતા કીર્તનઘરમાં ચાલ્યા ગયા...

"મંગલા"નાં દર્શનમાં નંદદાસે મસ્તીમાં આવી પદ ઉપાડ્યું:

"દેખો દેખો રી નાગરનટ, નર્તત કાલિંદી તટ
ગોપીન કે મધ્ય રાજે મુકુટ લટક
કાછિની કિંકિણી કટિ, પીતાંબર કી ચટક

કુંડલ કિરણ રવિ રથકી અટક
તત થઇ તાતા થેઇ શબ્દ સકલ ઘટ
ઉરપ તિરપ ગતિ પગકી પટક
રાસમેં શ્રી રાધે રાધે મુરલીમેં એક રટ
નંદદાસ ગાવે તહાં નિપટ નિકટ...

રૂપમંજરી છેલ્લી પંક્તિ પર ઝૂમી ઊઠી. દર્શન કરી પરિસરમાં નંદદાસના પસાર થવાની રાહ જોતી એ એની દાસી સાથે ઊભી રહી.

નંદદાસ પરિસરમાંથી પસાર થતા હતા, ત્યાં એની નજર ખૂણામાં ઊભેલી યૌવના અને એની સાથેની યુવતી પર પડી... એક ક્ષણ પૂરતાં ચરણ આગળ વધતાં અટકી ગયાં... ચાર આંખોની મળી દૃષ્ટોદૃષ્ટ.. એ મિલનમાં યુગયુગ-જૂના વિરહી આત્માઓની તડપનનો ભાવ જ ઊઠતો હતો..

નંદદાસ મંદિરમાંથી ગિરિરાજની તળેટી તરફ ઊતરવાને બદલે, કેડીથી ફંટાઈને અપ્સરાકુંડની દિશામાં ઊતરવા માંડ્યા.

"બાપુ, અમે જરા વનવિહાર કરી મુકામે આવીએ છીએ." કહેતી રૂપમંજરી દાસીને લઈને નંદદાસની પાછળપાછળ જવા માંડી.

અપ્સરાકુંડના હિલોળા લેતા વારિમાં નંદદાસજીએ એમના પગ ઝબોળ્યા.. આંખોમાં ખોબલો ભરી પાણી છાંટ્યું...સહેજ સ્વસ્થ થવાનો પ્રયત્ન કર્યો. અપ્સરાકુંડની ચારેબાજુ પ્રાકૃતિક સૌંદર્ય ખૂબ ખીલ્યું હતું. એની કદમખંડીએ લીલું પાનેતર પહેર્યું હતું... ગુલાબ, જાઈ, જૂઈ, મોગરો, ચંપો... કેસૂડો...ઇત્યાદિ અનેક મઘમઘતાં પુષ્પોથી આખુંય વન મ્હોરી ઊઠ્યું હતું. અને નંદદાસના હૈયામાંથી પદ સ્ફુરી ઉઠ્યું:

દેખિ સખી હરિ કો વદન સરોજ ।
પ્રફુલ્લિત વદનસુધા સરવરમેં લુબ્ધે મધુપ મનોજ ॥
ગોરજ છુરિત પરાગે રહ્યો ફલિ, સુંદર અધર સુકેસ ।
"નંદદાસ" નાસા મુક્તા માનો, રહિ હૈ એક ત્રન ઓસ ॥

"વાહ..વાહ.. દેખિ સખી હરિ કો વદન સરોજ" - અપ્સરાકુંડની નજીકની ફૂલ-ક્યારીમાં સંતાઈને બેઠેલી રૂપમંજરીથી એનો પ્રતિભાવ મોટા અવાજે વ્યક્ત થઈ ગયો.

નંદદાસે અવાજની દિશામાં દૃષ્ટિ કરી...

એ...જ...એ...જ સૌંદર્યમૂર્તિ...રાસલીલાની રસનાયિકા... એ...જ...એ જ... સ્નેહઘન...વહાલા ગોવર્ધનધારીની રસિક પ્રિયા...

"સુંદરી... આપ... અહીં...?"- આશ્ચર્ય સાથે નંદદાસજી બોલી ઊઠ્યા.

"આપ ખૂબ જ સુંદર પદો ગાઈને મારા ગોવર્ધનનાથને રીઝવો છો... હું તમારાં પદો પર મુગ્ધ છું..."

"સુંદરી...આપણું જે કાંઈ છે...એ બધું જ શ્રી ગોવર્ધનધરનું જ છે. આ દેહ...આ કંઠ...આ પદ...બધું જ સર્વસ્વ સમર્પિત થયું છે, એટલે તો એ સુંદર બન્યું છે..."

"હું પણ મારા ગિરિધરને વરી છું.. ગોવર્ધનનાથ મારો સાંવરિયો...હું સાંવરિયાની રાધા... તમારાં પદો દ્વારા હું મારા નાથને સમર્પિત થઈ રહી છું...એનો આનંદ અપાર છે... કવિવર...તમારાં પદોનું સાંનિધ્ય સાંપડે...તો જીવનો બેડો પાર થઈ જાય!" રૂપમંજરી બોલી.

"મારા ગોવર્ધનનાથના વહાલા સગાનો પરિચય માગી શકું?"

"પરિચય..આ ક્ષુદ્ર જીવ - આ ક્ષણભંગુર દુનિયામાં રૂપમંજરી નામે ઓળખાય છે.. ઉત્તરાખંડના રાજાની દીકરી છું... બચપણથી જ મદનપાલજીને વરી ચૂકી છું... એમની સેવામાં, એમના સાંનિધ્યમાં જિંદગી જીવું છું..."

"સુંદરી...આપણે તો એક પંથનાં પ્રવાસી છીએ... આપણા શ્રી વલ્લભસુતનો શિષ્ય...શ્રી ગોવર્ધનધરનો લાડીલો કવિ છું.. શ્રીગુસાંઈજીની કૃપા અને આજ્ઞાથી મારા દેવને ગાંડાંઘેલાં પદોથી રીઝવું છું... ગોવર્ધનનાથ મારો કિનારો છે, તો શ્રીગુસાંઈજી મારી નૌકા છે. ભવસાગરની નૌકામાં - શ્રીગુસાંઈજીની ગોદમાં વિહરતો આપણા શ્રી ગોવર્ધનનાથને તમારી જેમ જ રીઝવું છું..."

"તમે મને સંગીતશાસ્ત્રની, પદરચનાની સમજણ આપશો?" તમારા સાંનિધ્યમાં હું ખૂબ ખૂબ મારા વહાલાનું નિકટનું સાંનિધ્ય માણી શકીશ."

"જરૂર...મને આનંદ થશે... સમભાવી..સમધર્મ..સમરસિક એવાં માણસો આજે ક્યાં છે?"

- અને બીજે દિવસે શૃંગારનાં દર્શન પછી આ જ અપ્સરાકુંડની કદમખંડીમાં મળવાનું નક્કી કરી, છૂટાં પડ્યાં ત્યારે બન્ને હૈયાંમાંથી એક જ ભાવ ઊઠતો હતો:

એક રસ પ્રીતતણો બસ ઘૂંટી...
કરીયે ગોવર્ધન કેરી પ્રીતિ...

રૂપમંજરી... મુકામે એની દાસી સાથે પહોંચી ત્યારે મુકામ પર ધમાલ બોલી ગઈ હતી. ગાડાંઓમાં સામાન ભરાઈ રહ્યો હતો. ચાર સૈનિકો ઘોડા પર બિરાજમાન થઈ મુકામત્યાગની તૈયારી કરી રહ્યા હતા.

"આ લ્યો કુંવરીબા આવી ગયાં...ઝટ વેલ ઉપાડો.." - કોઈક બોલ્યું. એ જ વખતે રૂપમંજરીના પિતા તથા દાદા બહાર ધસી આવ્યા.

"બેટા, ગજબ થઈ ગયો! આપણા રાજ્ય પર આપણી ગેરહાજરીનો લાભ લઈ પડોશના રાજવીનો કુંવર દુર્જનસિંહ એનું કટક લઈ તૂટી પડ્યો છે."

કુંવર દુર્જનસિંહ... દુરાચારી લંપટ, પડોશના રાજા સંગ્રામસિંહનો પુત્ર...જેનું એના માટેનું આવેલું માગું એણે ઠુકરાવી દીધું હતું.

રૂપમંજરી હચમચી ગઈ... અને વેલમાં બેસી ગઈ. જતાં જતાં એની આંખો પાછળ રહી ગયેલા અપ્સરાકુંડ તરફ સ્થિર હતી.

૧૦. ધર્મની ગોપનીયતા જાળવી

મંડલ જોર હરિ જેંવન બૈઠે, રિતુ અસાઢકે બદરા છાએ ।
અર્જુન ભોજ સુબલ શ્રીદામા, આપુન હંસત હલધર હી બુલાએં ॥
આપુન ખાત ખવાવત ગ્વાલન, બિંજન દૈ દૈ સબ હી મન ભાએં ।
"નંદદાસ" પ્રભુકી છબિ નિરખત, બ્રહ્મા સિવ સુરપતિ પછતાએં ॥

"શૃંગાર"નાં દર્શનનો ટેરો નંદદાસજીના પદની અંતિમ પંક્તિ સાથે પડ્યો. સૂરદાસે એક નજર દર્શનાર્થીઓ તરફ નાખી.. એમની આંખો રૂપમંજરીને ઢૂંઢતી હતી... રૂપમંજરી દર્શનાર્થીઓના ટોળામાં દેખાતી નહોતી. એની દાસી કે એનાં માતપિતા પણ દર્શનમાં નહોતાં દેખાયાં.

નંદદાસજી સહેજ નિરાશ ચિત્તે મંદિરમાંથી બહાર નીકળી, અપ્સરાકુંડની દિશાની તળેટી તરફ ચાલવા માંડ્યા. અંતરમાં મિલનની પળોની ઝંખના, ઉત્સુકતા હતી, તો બુદ્ધિમાંથી અવનવા સવાલોના તણખા ઝરતા હતા. અપ્સરાકુંડની વનરાજિમાં પગ મૂકતા નંદદાસજી વિચારોની અટવીમાં પણ ઊંડો એવો પ્રવેશ કરી ચૂક્યા હતા. અંતરમાં પદ ગુંજતું હતું:

ચંચલ લૈ ચલી રે ચિત્તચૌર ।
મોહન કૌ મન યોં બસ કર લિયૌ, જ્યોં ચકરી સંગ ડોર ॥
જૌલૌં ન દેખત તબ સૂરતિ તૌલોં, પલક ન લાગત નિમિષન ઔર ।
"નંદદાસ" પ્રભુ પ્રેમ મગન ભએ, નાગર નંદ કિસોર ॥

પરંતુ એ ચંચલ મનના ધારક નંદદાસ આંખો ફાડીફાડીને મંદિરની દિશામાં જોતા હતા લટકમટક ચાલે આવનારી ગોવાલણી શી એમની પ્રેરણામૂર્તિ રૂપમંજરીને...અંતર વલોવાતું જતું હતું.

નંદદાસને એમની અસાધારણ કાવ્યપ્રતિભાની - રસસભર કાવ્યોની પ્રેરણામૂર્તિ - રૂપમંજરીમાં મળી ગઈ હતી. ગઈકાલે મંદિરમાં મળેલી દૃષ્ટોદૃષ્ટ અને અપ્સરાકુંડના ઘાટે રચાયેલા તારામૈત્રક પછી... નંદદાસના ચિત્તમાં અનેરું સ્થાન જમાવી બેઠેલી "ચિત્તચોર" રૂપમંજરી ગઈકાલથી એમનાં પદોની રચના માટેની પ્રેરણામૂર્તિ બની ગઈ હતી. નંદદાસના હૈયામાંથી...કાવ્યસ્વરૂપે "રૂપમંજરી" જ હવે તો વહી રહી હતી...અને એ રૂપમંજરી શ્રી ગોવર્ધનધરણનાં ચરણારવિંદમાં વિલીન થતી જતી હતી...

રસમય રસિકન કે પાય લાગૂં...
અસ અક્ષર દે યહ માંગું
સુંદર કોમલ વચન અનૂઠે
કહત સુનત સમઝત રસ મીઠે

કવિ પુનિ અપને મનમેં ગુને
મો કવિત કોઉ નીરસ ન સુને
રસવિહીન જો અક્ષર સુનહિ
યહ અક્ષર સુનિ નિજ સર ધૂનહિ
કવિ અક્ષર અરૂ તરૂણિ કટાછેં
યે દોહી સુલગ લગે હિય આછેં...

એક પછી એક પંક્તિ ''રૂપમંજરી''ના રૂપે વહ્યે જતી હતી... ''રાજભોગ''નાં દર્શનનો શંખનાદ કાને પડ્યો... રૂપમંજરીનો પત્તો નહોતો. નંદદાસનો વિરહ પરાકાષ્ઠાએ પહોંચ્યો અને ''રસમંજરી''રૂપે વહેવા લાગ્યો:

બાંધ સંકેત પીય નહિં આવૈ । ચિંતા કર તિય અતિ દુખ પાવૈ ॥
આરતિ કર સંતાપ જનાઇ । તન તોરત, અતિ લેન જંભાઇ ॥

વિરહાગ્નિથી તડપતા નંદદાસજીએ થાકીને મંદિર તરફ પ્રયાણ આદર્યું ત્યારે તન અને મન વચ્ચેનો ઝઘડો હૈયામાં શરૂ થઈ ગયો હતો.

''મારા વહાલા શ્રી ગોવર્ધનનાથ. મારા વહાલા શ્રી વલ્લભે તો સુબોધિનીજીમાં જ લખ્યું છે કે ભગવદ્-રસ પ્રથમ સ્ત્રીહૃદયમાં પ્રગટે છે અને તેના દ્વારા પુરુષને પ્રાપ્ત થાય છે. તો વહાલા... ભગવદ્-રસથી છલોછલ એવી રૂપમંજરીને મારી આંખોથી તેં દૂર કેમ રાખી? મને વિરહાગ્નિમાં તડપાવવાની આ તે કેવી લીલા તેં આદરી છે?''- મન બોલી રહ્યું હતું...

''અરે જીવ... ફરી પાછો તું વળી રૂપમંજરી... રસમંજરીના ચક્કરમાં ક્યાં પડ્યો? મન તો ચંચલ છે... ભ્રમર છે... સૌંદર્ય જોયું કે એની આજુબાજુ ઉડાઉડ કરે, પણ ભઈલા, ચોવીસે કલાક જેનું ચિત્ત શ્રી ગોવર્ધનધરમાં જ લાગેલું છે એવું તારું ચિત્ત એક કાચી માટીની કાયા પાછળ કેમ ભમવા માંડ્યું? અને એ પણ શ્રી ગોવર્ધનધરની છાયા છોડીને? નંદદાસ, તારું શૃંગારિક હૃદય, ફરી એક વખત વાસનાનું પુકુર બની રહ્યું છે કે શું? - કે જેથી 'દર્શનાત્ હરતે ચિત્તમ્' ચિત્તને હરી લે એવાં હાડમાંસની રૂપમંજરી પર આસક્ત થઈ ગયું...''

- અને નંદદાસ મંદિરના પરિસરમાં પ્રવેશ્યા કે તરત એમના કાને બે વૈષ્ણવો વચ્ચે થતી વાતચીતના શબ્દો પડ્યા. એમણે કાન સરવા કરી વૈષ્ણવોની સાંસારિક વાતોના શ્રવણ પર ચિત્તને ચોંટાડ્યું.

''અરે, શું કળજુગ આવ્યો છે, મારી બાઈ!''

''કેમ, શું થયું?''

''શું નથી થતું આ કળજગના જમાનામાં! ઓલ્યા ઉત્તરાખંડના રાજાનો પરિવાર શ્રીજીબાવાનાં દર્શન કરવા આવ્યો હતો ને?''

''હા, નાનકડી ફૂલ જેવી દીકરી રૂપમંજરી - રૂપરૂપનો અંબાર, પણ શૈશવથી

જ એ તો 'હું તો આ ગોવર્ધનને વરી છું' એ જાપ જપતી. બિચારી નિર્દોષ હરણાની જેમ છેલ્લા કેટલાક સમયથી ગિરિકંદરામાં એના શ્રી મદનગોપાલજીને લઈને ઘૂમતી, ભક્તિ કરતી, પદો કરતી, આનંદ કરતી હતી..."

"હાં, તે એનું શું છે?"

"હોય શું? કાળમુખો પાડોશી રાજ્યનો રાજકુંવર સૈન્ય લઈને એના ગામ પર ત્રાટક્યો છે. રાજપરિવાર અહીં છે ને રોયો નધણિયાતા રાજ પર કાળો કેર વરતાવતો એક જ વાત કરે છે... મંજરીને મારી સાથે પરણાવો..મંજરીને મારા રાણીવાસની પટરાણી બનાવીશ...સોને મઢી દઈશ. રાજ્ય પરનો કબજો છોડી દઈશ."

"પછી શું થયું?"

"થાય શું? રાજાએ એની પ્રજા ખાતર દીકરીને વીનવી મનાવી પટાવી ને... આજે એનાં લગ્ન પાડોશીના રાજાના કુંવર સાથે છે."

"બિચારી દીકરી! ગમે તેમ તોય અસ્ત્રીનો અવતાર! કહેવત છે ને કે દીકરી ને ગાય દોરે ત્યાં દોરાય..."

- નંદદાસજીના પગ ધરતી પર જડાઈ ગયા.

ચહેરા પર લૌકિક મોહનું આવરણ છવાઈ ગયું. કાળમીંઢ જડતા મુખ પર જડાઈ ગઈ.. એ સૂનમૂન કીર્તનઘરમાં પ્રવેશ્યા. નંદદાસની લૌકિક વૃત્તિનો ઊભરો શ્રીજીબાવાનાં દર્શન થતાં જ શમી ગયો. અંતરમાં વ્યથા જાગી... એ મનોમન "જીવ"ને કોસવા લાગ્યા:

"અરે જીવ.. હવે તો ચંચલતા છોડ! આ રૂપ.. આ દેહ.. આ મોહ.. બધું જ ક્ષણભંગુર છે... વારેવારે તારો જીવ દૈહિક સૌંદર્ય નીરખવા કેમ એની આજુબાજુ ભટકતો થઈ ભ્રષ્ટ થઈ જાય છે?"

અને ધીમેધીમે શ્રીજીબાવાના મુખારવિંદનાં દર્શન કરતાં... એ શોક પણ હૈયામાં જ વિલીન થઈ ગયો અને નિરભ્ર આકાશ જેવા સ્વચ્છ હૈયામાંથી અવાજ ઊઠ્યો: "મન બસૌ રે મેરે નાથ.." શ્રીજીબાવાએ એમનું મોહક સ્મિત ઘડીભર એમનાથી થોડીક પળો માટે વિખૂટા પડી ગયેલા નંદદાસ પર વેર્યું અને નંદદાસનું હૈયુ ગાઈ ઊઠ્યું:

ધરે ટેઢી પાગ, ટેઢી ચન્દ્રિકા, ટેઢે ત્રિભંગીલાલ
કુંડલ કિરણ માનૌં કોટિ રવિ ।
ઉદય હોત ઉર રાજત વનમાલ ॥
સાંવરે વદન પીતાંબર ઓઢે ।
બજાવત મુરલી મધુર રસાલ ॥
નંદદાસ વનતેં બ્રજ આવત ।
સંગ લિયે બ્રજલાલ ॥

ગિરિરાજજી પરથી ધીમે પગલે ઊતરતા નંદદાસજીના હૈયામાં પરમ શાંતિની...શ્રીજીબાવાનાં અનુપમ દર્શનની...ચિરવિરહની અનોખી આનંદપૂર્ણ માત્રાની કાંઈક અદ્‌ભુત રસાનુંભૂતિ થવા માંડી અને માનસીગંગાના કાંઠે ઝૂંપડીમાં પ્રવેશતાં જ કલમ અને કાગળ હાથમાં લીધાં... અને અક્ષર પાડ્યા... "વિરહમંજરી"...અને વહેતી કલમમાંથી શબ્દનીર ઊપસ્યાં...

પ્રત્યક્ષ વિરહ કે સુન અબ લક્ષણ
ચકિત હોત તહાં બડે વિચક્ષણ
જો નવ કુંજ સદન શ્રી રાધા
વિહરત પિય સંગ રૂપ અગાધા ।

"બેટી, પ્રજા પીડાઈ રહી છે. કાળયવનશો દુર્જનસિંહ આપણી રાંકડી પ્રજાને ધમરોળી રહ્યો છે.. એનું બળ.. એનું સૈન્ય અપાર છે.. વળી બાદશાહ અકબરનો લાડકો છે.. બેટા.. એની માગ તારી સાથે લગ્ન કરવાની છે.. તારું એની સાથેનું લગ્ન... તારું બલિદાન જ આપણા પ્રદેશનો સર્વનાશ અટકાવી શકશે... દીકરી...તું પ્રજાને ખાતર પણ..."

"બાપુ...માંડવો બંધાવો...દુર્જનસિંહને સંદેશો મોકલો... ઘોડે ચડીને માંડવે આવે... મારું પાણિગ્રહણ કરે... હું એની સાથે મારી આ પ્રજાની યાતના દૂર થાય એ આશયે લગ્ન કરવા તૈયાર છું." - રૂપમંજરી બોલી...

રાજાએ ખેપિયા સાથે નગરની આજુબાજુ ઘેરો નાખીને બેઠેલા દુર્જનસિંહ પર સંદેશો મોકલ્યો અને જ્યાં મોતના "માતમ" - મરસિયા ગવાતા હતા... ત્યાંથી જ શરણાઈના સૂરો બજવા માંડ્યા. દુર્જનસિંહ મૂછો પર તાવ લગાવતો - ઘોડે ચડી "રૂપમંજરી"ને પરણી એના મુલકમાં ચાલ્યો ગયો.

"માડી...કરિયાવરમાં સાથે મારી આ પ્રિય દાસી ઇન્દુમતીને આપજે... જિંદગી જીવવાની.. દુઃખો સહેવાની - હરિને ભજવાની એ સખીની મદદથી મને હામ રહેશે..."

માતા રડી પડી. ઇન્દુમતી - દાસીથી વિશેષ રૂપમંજરીના અંતરંગની સખી હતી.. રૂપમંજરીના આંતરપ્રવાહથી પરિચિત હતી..

એક દિવસ શહેરમાં ધણધણાટી બોલી ગઈ.

આનંદમંગલનાં ગીતોથી વાતાવરણ ડોલી ઊઠ્યું. આખુંય નગર આસોપાલવનાં તોરણોથી શોભી ઊઠ્યું. રસ્તાઓ પર પારિજાતનાં પુષ્પોની સેજ બિછાવી દેવામાં આવી. દુર્જનસિંહથી માંડી સૌ કોઈના ચહેરા પર આનંદમંગલ વરતાઈ રહ્યાં હતાં... કારણ, દિલ્હીપતિ શહેનશાહ જલ્લાલુદ્દીન અકબરની એના નગરમાં પધરામણી થવાની હતી...

"રૂપાદેવી...આજના દરબારમાં મોગલે આઝમ - શહેનશાહ અકબરનું ભાવભર્યું, દબદબાભર્યું સ્વાગત આપણે કરવાનું છે.. તો તમે સોળે સજી શણગાર તમારા રાસ-

રસીલા સૌ કોઈ સાથે રાજ્યદરબારમાં પધારજો... મારી નવોઢા રાણીનો દિલ્હીપતિને હું પરિચય કરાવીશ." કઠપૂતલીની અદાથી રૂપમંજરીએ ડોકું ધૂણાવ્યું.

નિશાન-ડંકાની ગાજવીજ સાથે મોગલે આઝમ શહેનશાહ જલ્લાલુદ્દીન અકબરની સવારી એનાં નવ રત્નો, તેમજ મોગલ સલ્તનતના સિપેહેસાલાર - સેનાપતિ માનસિંઘ અને પટરાણી જોધાબાઈ તેમજ અન્ય રાણીઓ સાથે રાજ્યદરબારમાં થઈ ત્યારે મૃદંગ વીણા શરણાઈના સૂરોથી વાતાવરણ ભરાઈ ગયું...બારોટ-ચારણોએ શહેનશાહ અકબરના શૌર્યના દુહા લલકાર્યા...

બાદશાહ અકબરે સિંહાસન પર બેસતાં ચારે દિશામાં એની નજર ઘુમાવી... અને જમણી બાજુના જનાનામાં, આછા લીલા પરદા પાછળ રૂપરૂપના અંબાર સમી "રૂપમંજરી"ને જોઈ હેબત ખાઈ ગયો. મનોમન બોલી ઊઠ્યો:

"ક્યા હુસ્ન હૈ... માશાલ્લા...માશાલ્લા..."

દરબારની પૂર્ણાહુતિ પછી દુર્જનસિંહે એની ત્રણ રાણીઓનો પરિચય કરાવ્યો, ત્યારે અકબરે પૂછ્યું:

"સુના હૈ આપને હમારે મુસ્લિમ રસુલકે ઝરિયે ચૌથી બીબી કે સાથ શાદી કી હૈ? કહાં હૈ વો હુસ્નકી પરી.. હમે 'દિદાર' તો કરાઓ..."

જનાનાકક્ષમાં બેઠેલી રૂપમંજરી ધ્રૂજી ઊઠી...

આજસુધી તો "ધાર્મિક" બહાનાં બતાવી એણે એની જાતને દુર્જનસિંહ જેવા પાપી રાજવીથી બચાવી હતી, પરંતુ આંખોમાં વાસનાના અંગાર સાથે દરબારની આખરી વિધિ સુધી જેણે એના ચહેરાને નીરખ્યા જ કર્યો હતો એનાથી એ કેમ બચવાની હતી?...

"જરૂર...જરૂર...હમ આપકે તો ગુલામ હૈં, આલમપનાહ!"

- અને દાસી ઇંદુમતી સાથે રૂપમંજરી ભરદરબારમાં નત મસ્તકે આવી અને શહેનશાહ અકબરની સામે ઊભી રહી. બાદશાહ અકબરની બાજુમાં જ રૂપમંજરીએ એની માની ઉંમરની જાજરમાન જોધાબાઈને જોઈ. એને પ્રણામ કરતી... એકબે ક્ષણો પૂરતી થથરતી કાયા સાથે ઊભી રહી.

"માશાલ્લા...માશાલ્લા...ક્યા હુસ્ન પાયા હૈ...! દિલદાર તો હમારે જનાને કી રોનક બનેગી... ક્યું દુર્જનસિંહ... ક્યા રાઈ હૈ... આપ દોનોં દિલ્હી ચલો... શાન ઔર શૌકત સે જીઓ... ઔર યહાંકા કારભાર દિલ્હી સે સમાલો..."

- અને રડતી-કકળતી રૂપમંજરીને અકબર બાદશાહે એક ખાસ મહેલ જમુનાકિનારે બંધાવી, એની દાસી ઇન્દુમતીને તેની તહેનાતમાં રાખી.

દિલ્હી પહોંચતાં જ અકબર ખુદ રૂપમંજરીના ખાસ મહેલમાં - રૂપમંજરીની મનામણી કરવા ગયો. દિલ્હીપતિની ઇચ્છા હતી કે આ રૂપાળા સૌંદર્યનો ઉપભોગ

બનતી ત્વરાએ કરી લેવો.. રૂપમંજરીને જોઈ ત્યારથી એ એની પાછળ આંધળો-ભીંત થઈ ગયો હતો.

રૂપમંજરીએ એના નવા મહેલમાં પ્રવેશતાં જ દાસી ઇન્દુમતીને કહી દીધું:

"ઇન્દુમતી.. ગમે ત્યારે આ મહેલના ગુંબજ પર ચડી, જમુનાજીમાં ઝંપલાવી, ડૂબી મરવાનું છે... હું આ યવનને કોઈ કાળે મારું અસ્મત નહીં આપું."

એ રાત્રે ઇન્દુમતીની સલાહ અનુસાર રૂપમંજરીએ અકબર બાદશાહની સારી એવી સરભરા કરી અને બાદશાહ એના દેહ નજીક સરક્યો કે તરત જ રૂપમંજરી આજીજીભરી વાણી સાથે બોલી ઊઠી:

"આલમપનાહ.. હમણાં મારાં વ્રત ચાલે છે...આપ મારી ધર્મની લાગણી નહીં દુભાવો..."

- અકબર બાદશાહ હસીને મહેલ છોડી ચાલ્યો ગયો.. અને જોધાબાઈને રૂપમંજરીના મહેલે ખાસ મોકલી કહેવરાવ્યું કે...

"રૂપ... તું નચિંત રહેજે...ગોકુલની વ્રજનારી ભગવાન કૃષ્ણની અમાનત છે... તારું ભક્તિભાવભર્યું...કૃષ્ણઘેલું દિલ હું ક્યારેય નહીં દુભાવું..."

- અને છએક મહિના પછી... રૂપમંજરીના મહેલમાં અકબર બાદશાહે શ્રી ગોવર્ધનનાથજીની સેવા કરતી રૂપમંજરીને સમાચાર આપ્યા કે "રૂપ...આપણે સૌ વ્રજભૂમિમાં જઈ રહ્યાં છીએ."

ત્યારે રૂપમંજરી ગાંડી બની, એના શ્રી ગોવર્ધનનાથજીને એના બે બાહુમાં ઝુલાવતી નાચી ઊઠી... પદો ગાવા માંડી...

"જહાંપનાહ... આપે દાસી પર ખૂબખૂબ ઉપકાર કર્યો... જહાંપનાહ, ખૂબ ખૂબ ઉપકાર કર્યો..."

એક વહેલી સવારે રૂપમંજરી એની સખી જેવી દાસી ઇન્દુમતી, મહારાણી જોધાબાઈ, બીરબલ, તાનસેન ઇત્યાદિએ અકબર બાદશાહની સાથે ડંકાનિશાનના જયઘોષ સાથે દિલ્હીથી વ્રજભૂમિ તરફ પ્રયાણ આદર્યું.

રૂપમંજરીના આનંદનો પાર નહોતો. જોધાબાઈ અને રૂપમંજરી માટે ખાસ વેલ તૈયાર કરવામાં આવી હતી. અસલ પહાડી ઓલાદના હૃષ્ટપુષ્ટ - પાણીદાર ઘોડાઓ વેલમાં જોતરવામાં આવ્યા હતા. બન્ને વેલને મોગલાઈ ઠાઠથી શણગારવામાં આવી હતી. બન્ને વેલને ઘેરીને સોળ સોળ વોળાવિયાઓ વ્રજની દિશામાં અન્ય દરબારી વ્યક્તિઓ સાથે નાનકડી મંડળીને દોરતા હતા. વોળાવિયાની આજુબાજુ બાદશાહ અકબરના પાયદળના ચુનંદા સૈનિકો, વચ્ચે ગજરાજ પર આરૂઢ દિલ્હીપતિ શહેનશાહ અકબર, એની બન્ને બાજુ બીરબલ અને તાનસેન ઘોડા થનગનાવતા પ્રયાણ કરી રહ્યા હતા.

રૂપમંજરી તો વેલમાં બેઠી બેઠી આર્દ્રભાવે "ગિરિરાજધરણ પ્રભુ તુમ્હારે

શરણ"નો જાપ કરતી આનંદવિભોર થતી... ગિરિરાજજી, ગોકુલ, વૃંદાવન, મથુરા, નંદગામ, બરસાના ઇત્યાદિ યાત્રાસ્થળોની મુલાકાત પછી યાત્રાનો આખરી મુકામ - પડાવ ગિરિરાજજીની તળેટીમાં પડ્યો ત્યારે નાનકડા ગોપાલપુરમાં ધબધબાટી બોલી ગઈ. લોકોની અવરજવર અને દોડધામ વધી ગઈ. ગિરિરાજજીની તળેટી પર રાવટીઓ નંખાઈ ગઈ. દરેક રાવટી પર જુદા જુદા રંગના ધ્વજો લહેરાવા માંડ્યા. સૌ કોઈ આનંદમાં તળેટીમાં ઘૂમતા ફરતા હતા...

રૂપમંજરી એ વખતે એની દાસી - સખી ઇંદુમતી સાથે દંડવતી શિલાના પરિસરમાં બેઠી હતી. એની ચકળવકળ આંખો એ વિસ્તારમાં ઘૂમતા ટોળામાંથી નંદદાસને શોધતી હતી... ત્યાં જ જોધાબાઈ એની પાસે આવ્યાં.

ગંભીર રુક્ષ ચહેરા સાથે એમણે રૂપમંજરી સામે જોયું. રૂપમંજરીએ સાવ ભોળી-ભટાક થઈ આજુબાજુમાં ઘૂમતા માણસોની પણ પરવા કર્યા વગર જોધાબાઈના ચરણસ્પર્શ કરવા એ એની નજીક ખસી અને એ ધીમેથી બોલ્યાં...

"રૂપ.. ગોકુળિયું ગામ અને અંધારિયાનો ઉત્સવ માણતો આ ગિરિરાજ - તને કયું વધુ ગમે?" પ્રશ્ન કર્યો.

"જહાં મારો વ્હાલો વસે એ જ મારું તીર્થધામ."

"રૂપ...આ તળેટીમાં પેલા મહેલ જેવું છે ને ત્યાં મને લઈ જા..તો." જોધાબાઈ બોલ્યાં. એમના ચહેરા પર તોફાની સ્મિત ફોરી ઊઠ્યું...

રૂપમંજરી જોધાબાઈને નવા જ તૈયાર થયેલા મહેલ પાસે લઈ ગઈ. આ કોનો મહેલ હશે એની વિચારણામાં એ હતી, ત્યાં જ બાદશાહ અકબરને ઉંબરામાં એનાં નવ રત્નો સાથે ઊભેલો જોયો... રૂપમંજરી ચમકી...

"રૂપ...આ તારા માટેનો મહેલ બંધાવ્યો છે.. તું તારા વર સાથે હવેથી અહીં રહેજે..."

"વરની સાથે... આ મહેલમાં?"

"હાસ્તો... આ પરમ કૃપાળુ ગોવર્ધનનાથ તારો વર છે ને... એ ખાવિંદ સાથે રહી...ખુદાની બંદગી કરતી-કરતી તારા આ ખુદાવરને સંભાળજે.. તારી અહીં રહેવાની બધી જ વ્યવસ્થા તારી આ દાસી ઇંદુમતી સંભાળશે."

"ચાલો, જોધાબાઈ... આ તમે કહ્યું તે કરી દીધું..."

રૂપમંજરી ફાટી આંખે જોઈ રહી... જોધાબાઈ મરકમરક હસતાં હતાં.

o o o

"મને વર મળિયો છે શામળિયો.." એ પંક્તિ ગાતી રૂપમંજરી અચાનક અટકી ગઈ. સાંજનો સમય હતો. ગિરિરાજજીના ડુંગરેથી મોર ટેહુક ટેહુક કરતો હતો. પંખીઓનો કલરવ વાતાવરણને સંગીતમય બનાવી રહ્યો હતો. મહેલમાં દાસી તેલથી

છલછલતા કોડિયામાંની વાટ સળગાવી, દીવાની જ્યોત પ્રગટાવી રહી હતી...

થોડીવાર પહેલાં જ શ્રી ગોવર્ધનનાથજીના મંદિરમાં શયનભોગની આરતી થઈ ચૂકી હતી. નંદદાસ ભોગ આરતીનું પદ શ્રીજીબાવાને એમના મધુર કંઠે સંભળાવી રહ્યા હતા. રૂપમંજરી બાજુમાં બેસી "બીન" બજાવવામાં એકાકાર બની એની ડોક હલાવી રહી હતી. કવિ પણ એની પ્રેરણામૂર્તિના સાંનિધ્યમાં પૂરા ખીલ્યા હતા.

રોજનો સંગ સત્સંગ બની રહેતો.

"કવિવર્ય...વર્ષો પહેલાં શ્રીજીબાવાના સાંનિધ્યમાં આ જ પરિસરમાં તમારાં દર્શન થયાં હતાં. એ વખતે જ ઇચ્છા જાગી હતી કે તમારાં ગીતસંગીતનું જ્ઞાન હું તમારી શિષ્યા બની આત્મસાત્ કરું.. હજી તો અંતરમાં જાગેલો વિચાર આપ સમક્ષ રજૂ કરું એ પહેલાં તો શ્રીજીબાવાએ મને આ ધરતી પરથી ઊંચકીને સંસારની ધરતીમાં ફેંકી દીધી... અને...અને..." રૂપમંજરી આગળ ન બોલી શકી.

"સખી એ, ભુતકાળને ભૂલી જાઓ...વર્તમાનમાં તમારાં જેવાં ભાગ્યશાળીને મારા શ્રી ગોવર્ધનધરનું શરણ મળ્યું છે...રોજ સવારથી સાંજ નીતનવાં દર્શનનો લાભ મળે છે...આપણો રસ શ્રીજીબાવા છે...આપણો સંગીતનો સમ પણ શ્રીજીબાવા છે... આપણો આધાર...આપણો ઓટલો...આપણો રોટલો...આપણો શ્રીજીબાવા છે. ગીતસંગીતનું જ્ઞાન અધકચરું છે.. શ્રીજીબાવા મારી આધી-અધૂરી રચનાઓ સાંભળીને કૃપા કરે છે.. તમારો ભાવ હશે તો જરૂર જે કાંઈ ગીતસંગીત વિષે જાણું છું એનો પરિચય તમને કરાવતો રહીશ."

- અને નંદદાસના આશ્રયે રૂપમંજરીએ સંગીતની આરાધના શરૂ કરી...ક્યારેક તળેટીમાં મુખારવિંદ પાસે, તો ક્યારેક ગોવિંદકુંડ કે અપ્સરાકુંડની પાસે... તો ક્યારેક શ્રીજીબાવાના મંદિરના પરિસરમાં, તો ક્યારેક મહેલની અગાશીમાં રૂપમંજરીએ નંદદાસ પાસેથી શુદ્ધ સંગીતશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો...

બન્ને ગિરિરાજજીની વાટેઘાટે...સાથે જ દેખાતાં...

બન્નેના મધુર કંઠે ગવાતાં પદોથી શ્રીજીબાવા ખુશ હતા.

એક દિવસ "શયનભોગ"નાં દર્શન કરી શ્રીગુસાંઈજી નિરાંતે મુખારવિંદની બેઠક પાસેના ચોતરે જ્ઞાનવાર્તા કરવા બિરાજ્યા હતા, ત્યારે બે વૈષ્ણવો શ્રીગુસાંઈજી પાસે દંડવત્ કરતા ઊભા રહી ગયા.

"કેમ, શું વાત છે, ગદાધર?" - ખાસ્સી ઊંચાઈવાળા પડછંદ ગદાધર સામે જોતાં શ્રી વલ્લભનંદન બોલ્યા.

"કૃપાનાથ..." આગળ બોલતાં જ ગદાધર અટકી જતા...

"જે-જે...એક વાત કરવાની છે." - ગદાધર સાથેનો જટો બોલી ઊઠ્યો.

"જરૂર, વિના સંકોચે કરો." કહેતાં શ્રીગુસાંઈજીએ બન્ને વૈષ્ણવોને આગળ બેસવાનું સૂચન કર્યું.

"આ આપણા નંદદાસ છે ને -"

" હાં, તે શું છે?"

"કૃપાનાથ...જાહેરમાં અભદ્ર વર્તન કરતા દેખાય છે."

"સમજ્યો નહીં."

"આમાં સમજવા જેવું કશું જ હોતું નથી... રાત ને દિવસ આપણા નંદદાસ અને રાજકુંવરી રૂપમંજરી... બેફામ, અમર્યાદિત બની ધર્મને લાંછન લાગે, વલ્લભકુળની આબરૂને બટ્ટો લાગે એટલી હદ સુધી પ્રેમઘેલાં બની ગયાં છે... આપણો સંપ્રદાય વગોવાય છે."

"અચ્છા...બોલાવો નંદદાસને." હસતાં-હસતાં શ્રીગુસાંઈજી બોલ્યા.

"જે-જે ..આંઇ કણે ઊભો છું..."

"અહીં મંડપમાં આવો...મારી સામે આવો."

નંદદાસ મક્કમ પગલે - અનોખા આત્મવિશ્વાસ સાથે શ્રીગુસાંઈજી સામે ઊભા રહી ગયા.

"આ આપણો વૈષ્ણવસમાજ તમારા માટે કેવું વિચારે છે! આપણો ધર્મ... અને તમારી જિંદગીનાં અણમોલ વર્ષો...એક અજાણી, અકબર બાદશાહની બાંદી પાછળ ગુમાવો છો અને બદનામ થાઓ છો.. તો તમારી વૃત્તિઓ બહેકવા તો નથી માંડીને? તમારા ભૂતકાળને પણ લોકો યાદ કરે છે... આ બધું આપણા સંપ્રદાય માટે સારું નથી." શ્રીગુસાંઈજી બોલ્યા. નંદદાસ એક ક્ષણ પૂરતા એકત્રિત થવા માંડેલા જનસમૂહ સામે જોઈ રહ્યા.

"કૃપાનાથ...મારો અને રૂપમંજરીનો સંબંધ દુન્યવી સંબંધથી પર છે. અમે 'શ્રીગોવર્ધન- રસિયાં' છીએ, ભક્તિનાં રસિયાં છીએ. રંગરાગ, ઈર્ષા, અહં અને કોઈ પણ પ્રકારના અહમોના ટક્કરનો અમારા વચ્ચે અભાવ છે.. એ એક સંગીતપ્રેમી છે... મારો પણ રસનો વિષય ગીતસંગીત અને શ્રી ગોવર્ધનનાથ છે. કોઈક પરભવનું લેણું-દેવું ચૂકવવા આવેલાં આ જગતનાં યાત્રીઓ છીએ. મારી અને રૂપમંજરી વચ્ચે એવું કાંઈક અગમ્ય આકર્ષણ વહી રહ્યું છે કે અમારી એમાંથી એકબીજા પ્રત્યેની આત્મીયતાથી વિશેષ - અમારા શ્રી ગોવર્ધનનાથજીથી વિશેષ બીજું કશું જ નથી."

શ્રીગુસાંઈજી આંખો મીંચી ગયા...ક્ષણવાર તો ચિંતનના સાગરમાં ડૂબી ગયા... સ્મૃતિના સાગરમાંથી જ કશુંક ઊપસી આવતું હતું...અને શ્રી વલ્લભનંદન સૌ કોઈ શાંતિથી સાંભળે એવા ધીરગંભીર સ્વરે બોલી ઊઠ્યા...

"નંદદાસજી.. તમે લીલાનો જીવ છો, તો રૂપમંજરી પણ લીલાનો જીવ છે. તમે આજે તમારા સ્વરૂપનું જ્ઞાન સિદ્ધ કરો. નંદદાસજી, લીલામાં તમે ચન્દ્રાવલીજીનું સ્વરૂપ છો, તો રૂપમંજરી ચન્દ્રરેખા છે.. અર્થાત્ તમારી અંતરંગ સખી છે.. તમારો મનમેળ - સંપૂર્ણ ભક્તિરસથી - લૌકિક પ્રેમથી પર છે... અને પર રહેવા સર્જાયો છે.. શ્રી

ઠાકોરજીની રહસ્યવાર્તા - વિશ્રંભવાર્તા તમે એકબીજા સાથે લીલામાં કરી હતી.. એના કારણે અત્યારે તમારી અને રૂપમંજરી વચ્ચે જે સ્નેહબંધન બંધાયો છે, એ દૈવી જીવનો દૈવી પ્રેમ છે અને ભગવદ્‌વાર્તાનો સ્નેહસંબંધ છે. વૈષ્ણવવજનો, ભગવાન કૃષ્ણ કનૈયો. અને આ બે આત્માનું અનુસંધાન સમજવા માટેનો આપણો હજી અધિકાર નથી."

- અને શ્રીગુંસાઈજીના ચહેરા પર અનોખા પ્રકાશનું તેજવર્તુળ પ્રસરી ગયું... નંદદાસ અને રૂપમંજરીના અંતરમાં પણ અનેરો પ્રકાશ સ્વરૂપજ્ઞાન થવાથી થયો.

○ ○ ○

વ્રજમાં ફાગણ ફોર્યો હતો. વસંતઋતુના વાયરાથી નવપલ્લવિત પર્ણો ઝૂમી રહ્યાં હતાં. વ્રજવનિતાઓ પૂરબહારમાં વનવાટિકાઓમાં વસંતને માણવા નીકળી પડી હતી..

હરિ સંગ ખેલન જાય, અરી, ચલ વેગ છબીલી.

વ્રજલલનાનો ઉત્સાહ જોઈ નંદદાસ ગાઈ ઊઠે છે..

આમ્રમંજરીઓ મ્હોરી ઊઠી છે.. કોકિલાનો પંચમસૂર વાતાવરણને માધુર્યપૂર્ણ બનાવે છે.

રૂપમંજરી એના ગોવર્ધનનાથની સાથે વસંતની પાછળપાછળ આવી રહેલા હોળીના દિવસોમાં રંગે રમવા ઘેલી બની છે. નંદદાસજી એમની મસ્તીમાં હોરીલીલાનો સાક્ષાત્કાર અનુભવતા ગાઈ ઊઠે છે.

એરી સખિ, ઘૂમડ્યો અબીર ગુલાલ
માનો ઉભર્યો અનુરાગ..
એરી સખિ શોભિત મદનગોપાલ
કટિ બાંધે પટ સોહનો...

રૂપમંજરીના કાને હોરીગીત પડતાં જ બહાવરી ગોપિકા હોળી ખેલવા ગોપબાળકો વચ્ચે દોડી જાય છે... અને ગ્વાલબાલની હોળીની રમઝટ વચ્ચે રૂપમંજરી પર અચાનક અબીલગુલાલનાં છાંટણાંની વર્ષા થતાં જ રૂપમંજરી નાચી ઊઠે છે અને એ ચમકે છે..

શ્રી ગોવર્ધનનાથજી મંદિરમાંથી હાથમાં પિચકારી અને અબીલગુલાલ લઈ ગોપગોપિકાઓ વચ્ચે ઊતરીને રૂપમંજરીને રંગોથી ભરી દે છે. નંદદાસના મુખેથી એક પછી એક પદની પંક્તિઓ સરતી જાય છે... અને નાચતી ગાતી કૂદતી રૂપમંજરી...પદોની રમઝટ બોલાવતા નંદદાસના બાહુમાં સમાઈ જાય છે...

નંદદાસ રૂપમંજરીને અન્ય ગ્વાલ બાળકોની મદદથી એના મહેલમાં શય્યાસન પર સુવડાવી માનસીગંગા તરફ ચાલ્યા જાય છે.

સાંજના'સમયે નંદદાસ એમની સખીના ક્ષેમકુશળ પૂછવા મહેલમાં જાય છે -

તો રૂપમંજરી તો એના ઠાકોરજીને લઈને ક્યાંક ચાલી ગઈ છે એવા સમાચાર મળતાં વિહ્વળ નંદદાસ રૂપમંજરીની શોધમાં નીકળી પડે છે.

નંદદાસ બિલછુવન પાસેથી પસાર થતા હતા ત્યાં એક કૌતુક દીઠું. બિલછુવનની કદમખંડીનાં ઘેઘૂર વૃક્ષોમાંથી... ધૂંવાડા નીકળતા દેખાયા...

“અરે...અરે! કોઈ છે? દવ લાગ્યો છે કે શું?” - નંદદાસજી દોડીને ઘેઘૂર વૃક્ષોની ઘટામાં ગયા... અને થંભી જ ગયા...

રૂપમંજરી લતાપત્રની છાયામાં રસોઈ કરતી-કરતી એમનું જ પેલું પદ-

સબ બ્રજ ગોપી રહી તકિ તાક ।
કર કર ગાંઠિ લસત સબહિન કે, બન કો ચલત જબ છાક ॥
મધુ મેવા પકવાન મિઠાઇ, ઘર ઘર તેં લૈં નિકસી થાક ।
“નંદદાસ” પ્રભુકોં યહ ભાવત, પ્રેમ પ્રીતિ કે પાક ॥

નંદદાસ મુગ્ધભાવે રૂપમંજરીના મુખેથી એમનું પદ સાંભળી રહ્યા હતા ત્યાં જ લતામંડપમાંથી શ્રી ગોવર્ધનનાથજી રૂપમંજરીની ભોજનથાળી આરોગવા પધાર્યા. નંદદાસ ઠાકોરજીનાં દર્શન કરતાં કૃત્યકૃત્ય થઈ જતાં ગાઈ ઊઠ્યા:

ચિત્ર સરાહત ચિતવત દુરિ, મુરિ ગોપ બોહોત સયાની ।
એક ટેકમેં ઝૂકિ બદન નિહારતિ, પલક ન મારતી, અલક સમારતી
જાની ગઇ નંદરાની ॥
પરિ ગયે પરદા લલિત તિવારી, કંચન થાર જબ આની
“નંદદાસ” પ્રભુ ભોજન ધરમેં ઉર પર કર ધર્યો સેન દઇ
તબ ઉહ ઉતતેં મુસકાનિ ॥

નંદદાસનો અવાજ સાંભળી રૂપમંજરી આકુળવ્યાકુળ થઈ ગઈ : “આવી ચોરી-છૂપીથી... મારા સાંવરેલાલ સાથેની મારી પ્રીતિની પળોનાં - ભોજનની પળોનાં દર્શન કરવાં એ સારું ન કહેવાય...”

“મંજરી, ક્ષમા ચાહું છું... પરંતુ તારી કાનીથી આજે મને શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શન થયાં...”

એ રાત્રે નંદદાસ મસ્તીમાં આવી માનસીગંગાના કિનારેથી એક સરસ પદ છેડીને બેઠા:

“દેખો રી દેખો નાગર નટ નર્તત કાલિંદી તટ”

- અને વ્રજમાં વિહરતા અકબર બાદશાહ સાથે આવેલો તાનસેન આ પદ અને એની કેદાર રાગની રાગિણી સાંભળી ખુશ થઈ ગયો... અને રાતની મહેફિલમાં તાનસેને નંદદાસનું પદ એવી તો મીઠી હલકથી ગાયું કે શહેનશાહ અકબર તો પ્રસન્ન-પ્રસન્ન થઈ ગયા અને બોલી ઊઠ્યા:

"માશાલ્લા... માશાલ્લા... બાકી શું પદ રચ્યું છે, તાનસેન...અને શું સરસ રીતે સ્વરની ગૂંથણીમાં ગૂથ્યું છે!"

"આલમપનાહ, માફ કરજો, આ પદ મારું રચેલું નથી...આ તો શ્રીગુંસાઈજીના સેવક નંદદાસજી - જે માનસીગંગા પર બિરાજે છે - એમનું રચેલું પદ છે." તાનસેન બોલ્યો.

"બીરબલ... તમે હમણાં ને હમણાં એમને માનભેર અહીં લઈ આવો કે જેથી આપણે એમની મધુર પદાવલિઓનું પાન કરીએ."

"આલમપનાહ...એ અહીં નહીં આવે... આ તો બધા ઓલિયા કવિજીવો છે... આપણે એમની પાસે જવું જોઈએ..."

"ચાલો - આપણા બંદા તો તૈયાર.."

"આલમપનાહ... આમ છતાં હું એમને મળી અહીં લાવવાનો પ્રયત્ન કરું."

"જેવી તમારી ઇચ્છા... તાનસેન!"

તાનસેન અને બીરબલ સાથે નંદદાસની પાસે પહોંચ્યા ત્યારે નંદદાસ રાસનું પદ એમની નાનકડી કુટિરમાં ગાતા હતા.

"નંદદાસ....હું તાનસેન...અને આ છે બીરબલ."

"ઓહ, તાનસેનજી... બીરબલજી... મારે આંગણે ક્યાંથી?" કહેતા નંદદાસજી આનંદવિભોર બની ગયા. એમણે તંબૂરને બાજુમાં મૂક્યો.

"નંદદાસજી, અમે આપણા બાદશાહ અકબરના મોકલ્યા, આપને રાજદરબારમાં આવવાનું આમંત્રણ આપવા આવ્યા છીએ - અને આપને ભાવપૂર્વક આગ્રહ કરી લઈ જવા આવ્યા છીએ."

"મને...અકબર બાદશાહ યાદ કરે છે?" એ મનોમન બબડ્યા.

"હા...જો આપ કહો તો બાદશાહ સલામતને અમે અહીં લઈ આવીએ."

"ના..ના.. એમને આ ગિર્દીમાં લાવવાની જરૂરત નથી.. હું જ આવું છું." કહી નંદદાસ માથે પાઘડી અને શ્વેત કફની, બંડી અને ધોતિયું પહેરીને આવ્યા. રાજદરબારમાં નંદદાસનું જોરદાર સન્માન થવાનું હોવાથી દરબાર ભરચક્ક હતો. પદોની રમઝટ પૂરી થતાં જ બાદશાહે પૂછ્યું:

"નંદદાસ, આમ તો તમે સ્વભાવે ક્ષત્રિય લાગતા નથી."

"કેમ?"

"આ નંદદાસ ગાવે તહાં નિપટ કપટ - માં જૂઠ શા માટે બોલે? તમે જ કહો, તમે રાસ વખતે કેવી રીતે નજીક પહોંચ્યા હતા?"

"મારા પ્રત્યુત્તરનો ખુલાસો આપને, બાદશાહ સલામત, આપના જ રસાલામાં રહેલી તમારી દાસી આપશે."

"કોની – તમે રૂપમંજરીની વાત કરો છો?"

"હા, તમે એને જ અર્થ પૂછી લેજો ને!"

"સારું." કહેતાં બાદશાહ અકબર માનસીગંગા પર વિશાળ ચોતરો છે ત્યાં ગયા.

બાદશાહ અકબરે એ જ સવાલ રૂપમંજરીને પૂછ્યો. રૂપમંજરીને એ સવાલ સાંભળતાં જ મૂર્છા આવી ગઈ અને એનું પ્રાણપંખેરુ ઊડી ગયું.

બાદશાહ નંદદાસ પાસે પહોંચ્યો અને જોયું તો એના આશ્ચર્ય વચ્ચે અહીં નંદદાસનો દેહ પણ છૂટી ગયેલો. અકબરે બીરબલને પ્રશ્ન કર્યો:

"બીરબલ, આ બન્નેનો દેહ એક જ સમયે એક જ પ્રશ્ન પર કેમ છૂટી ગયા?"

"આલમપનાહ, તેમણે પોતપોતાનો ધર્મ સાચવ્યો છે. તમે કરેલા પ્રશ્નનો ગૂઢ ઉત્તર - ન તો કહી શકાય કે ન તો બતાવી શકાય. આ આખોય આપદ્ધર્મનો મામલો છે."

બરોબર એ જ વખતે વ્રજવાસીઓનો હેલો પડ્યો...

"નંદદાસ... અને રૂપમંજરી...એક આત્માના બે દેહ હતા... આજે એ એક બની ગયાં."

શ્રીગુસાંઈજી બન્નેના અગ્નિદાહ વખતે હાજર રહીને બોલ્યા:

"નંદદાસ અને રૂપમંજરી... બન્ને એવાં મહાન ભક્તો હતાં કે એમણે પોતાના ધર્મની ગોપનીયતા જાળવી રાખી."

(સમાપ્ત)

પુષ્ટીમાર્ગીય અમારા શ્રેષ્ઠ પ્રકાશનો

બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓ (ત્રણ જન્મની લીલા ભાવના સાથે)	શાંતિલાલ એમ. મહેતા	૩૦૦-૦૦
ચોર્યાસી વૈષ્ણવની વાર્તાઓ	શાંતિલાલ એમ. મહેતા	૧૨૫-૦૦
બૃહદ્ શિક્ષાપત્ર	શાંતિલાલ એમ. મહેતા	૧૫૦-૦૦
વ્રજ પરિક્રમા	શાંતિલાલ એમ. મહેતા	૧૦૦-૦૦
ચોર્યાસી બેઠકજીનું ચરિત્ર	શાંતિલાલ એમ. મહેતા	છપાય છે
મધુરાષ્ટકમ્	શાંતિલાલ એમ. મહેતા	૧૫-૦૦
સર્વોત્તમ સ્તોત્ર (સટીક)	શાંતિલાલ એમ. મહેતા	૩૩-૦૦
નિત્ય નિયમ પાઠ	શાંતિલાલ એમ. મહેતા	૧૫-૦૦
ષોડષ ગ્રંથો	શાંતિલાલ એમ. મહેતા	૨૦૦-૦૦
ભ્રમરગીત રસબોધિની	શાંતિલાલ એમ. મહેતા	૧૧૦-૦૦
બ્રહ્મસંબંધનો ગદ્યમંત્ર	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રીનાથજીનું પ્રાકટ્ય	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રીકૃષ્ણ: શરણં મમ	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રદ્ધાંજલિ (ધૂન-ભજન-કિર્તન-આરતી સંગ્રહ)	મનમોહન કૃષ્ણ	૨૫-૦૦
પુષ્ટિ સુધા બિંદુ	જયંત જી. ગાંધી	૪૫-૦૦
ભલે પ્રગટ્યા શ્રી વલ્લભદેવ	જશવંત મહેતા	૧૧૦-૦૦
વંદુ શ્રી વિઠ્ઠલવર વૃજરાય	જશવંત મહેતા	૧૧૫-૦૦
કુંભનદાસ	જશવંત મહેતા	૫૫-૦૦
સૂરદાસ	જશવંત મહેતા	૫૦-૦૦
ગોવિંદસ્વામી	જશવંત મહેતા	
નંદદાસ	જશવંત મહેતા	
છીત્તસ્વામી	જશવંત મહેતા	
પરમાનંદદાસ	જશવંત મહેતા	
ચતુર્ભુજદાસ	જશવંત મહેતા	
કૃષ્ણદાસ	જશવંત મહેતા	

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૩૨૪૬૦ / ૨૩૪૬૦૨

પ્રવીણ પ્રકાશનના શ્રેષ્ઠ પ્રકાશનો

ભગવદ્‌ગોમંડલ ભા. ૧ થી ૯	ગુજરાતીનો મહાન જ્ઞાનકોશ	૪૦૦૦/-
ચંન્દ્રકાન્ત ૧-૨-૩	ઇચ્છારામ સૂ. દેસાઈ	૪૭૫/-
દ્વાદશ જ્યોતિર્લિંગ (બાર જ્યોતિર્લિંગનો સચિત્ર મહાન ગ્રંથ)		૬૦૦/-
પ્રવીણ સાગર	મહેરામણજી	૫૦૦/-
સિંહ દર્શન	ચંદ્રકાન્ત પટેલ	૪૫૦/-
વનસ્પતિશાસ્ત્ર	જયકૃષ્ણ ઇન્દ્રજી	૭૦૦/-
મેઘદૂતમ્ (પાંચ ભાષામાં)	મહાકવિ કાલિદાસ	૫૦૦/-
ભારતના આધ્યાત્મિક રહસ્યોની ખોજમાં	પોલ બ્રન્ટન	૧૩૫/-
આપણા પ્રતિનિધિ સારસ્વતો	ડૉ. રમેશ શુક્લ	૨૦૦/-
વિશ્વના મહાન વૈજ્ઞાનિકો	ડૉ. ભાયાણી	૩૦૦/-
ભારતના મહાન વૈજ્ઞાનિકો	ડૉ. ભાયાણી	૨૫૦/-
વિશ્વના મહાન ગણિતશાસ્ત્રીઓ	ડૉ. ભાયાણી	૩૫૦/-
ધર્મસિન્ધુ	(કર્મકાંડનો મહાન ગ્રંથ)	૨૦૦/-
સૌરાષ્ટ્રનો ઇતિહાસ	શંભુપ્રસાદ દેસાઈ	૨૦૦/-
પ્રાચીન ભૃગુસંહિતા	મહર્ષિ ભૃગુ	૩૦૦/-
પ્રભાતના પુષ્પો	વજુ કોટક	૧૨૫/-
શ્રીકાંત ૧ થી ૪	શરદબાબુ	૧૩૫/-
ગોરા ૧-૨	ટાગોર	૯૦/-
ગોદાન	પ્રેમચંદ	૭૨/-
દિવ્ય મંદિર મારા દેવના રે	જોરાવરસિંહ જાદવ	૨૦૦/-
પ્રવાસ-ભારતી	(પ્રવાસ માટે ખૂબ ઉપયોગી ગ્રંથ)	—
કલા-પાથેય (ચિત્રકલાનો ગ્રંથ)	કનુ નાયક	૧૫૦/-
નાચ્યો બહુત ગોપાલ	અમૃતલાલ નાગર	૧૨૭/-
ભારતનાં નારીરત્નો ભાગ ૧ થી ૪	શાંતિલાલ જાની	૨૧૫/-
આયુર્વેદની સોનેરી સિદ્ધિઓ	કાંતિભાઈ વૈદ્ય	૧૧૫/-
આઠોં જામ ખુમારી	અમૃત ઘાયલ	૩૫૦/-
યોગવિદ્યા	ભાણદેવ	૨૫૦/-
હોંકારો આપો તો કહું	રમેશ પારેખ	૧૫૦/-

પ્રવીણ પ્રકાશન, લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, રાજકોટ.